પાક્કો ગુજરાત
ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
RNI NO. : GUJGUJ/2016/67425

02
APRIL, 2026
THURSDAY

પેજ 2

અમદાવાદમાં 'આશીર્વાદ'ના નામે ઉઘરાણી કરતા કિન્નરો સામે પોલીસનો સપાટો

પેજ 3

માધુપુરામાં હત્યાના આરોપીનો આતંક, પેરોલ પર છૂટીને મૃતકના જ પરિવારની કારમાં કરી તોડફોડ

પેજ 7

અધિકારીઓની બેદરકારી મુખ્ય કેનાલમાં જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય

પેજ 5

સાયખા GIDC: ગેરકાયદે બોર્ડ અને ઝેરી પાણીના મુદ્દે મામલતદારને આવેદનપત્ર

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 17 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### માઈક્રોસોફ્ટ-એપલ, ગૂગલ પણ નિશાન પર; ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથે ડીલની કોઈ જરૂર નથી

# ઈરાને બહેરીનમાં એમેઝોન ઓફિસ પર હુમલો કર્યો

### હુમલો એવા સમયે થયો છે જ્યારે એક દિવસ પહેલા જ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સે મિડલ ઈસ્ટમાં કાર્યરત 18 અમેરિકી કંપનીઓને નિશાન બનાવવાની ધમકી આપી હતી

• ઈરાન

ઈરાને આજે બહેરીનમાં અમેરિકી કંપની એમેઝોન વેબ સર્વિસના એક ડેટા સેન્ટર પર હુમલો કર્યો છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, આ હુમલા બાદ તે સ્થળે ભીષણ આગ લાગી ગઈ હતી.આ પહેલા બહેરીનના ગૃહ મંત્રાલયે પણ માહિતી આપી હતી કે એક કંપનીની ઈમારતમાં આગ લાગી છે, જેને ફાયર બ્રિગેડની ટીમ ઓલવી રહી હતી. જોકે, તે સમયે કંપનીના નામનો ખુલાસો કરવામાં આવ્યો નહોતો.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે એક દિવસ પહેલા જ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સે મિડલ ઈસ્ટમાં કાર્યરત 18 અમેરિકી કંપનીઓને નિશાન બનાવવાની ધમકી આપી હતી. આ યાદીમાં માઈક્રોસોફ્ટ, એપલ, ગૂગલ અને મેટા જેવી મોટી ટેક કંપનીઓ સામેલ છે.

બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે નિવેદન આપ્યું છે કે ઈરાન સાથે યુદ્ધ ખતમ કરવા માટે કોઈ પણ પ્રકારની ડીલની જરૂર નથી. તેમણે દાવો કર્યો છે કે અમેરિકા આ યુદ્ધ 2 થી 3 અઠવાડિયામાં સમાપ્ત કરી શકે છે.ઈરાન-ઈઝરાયલ યુદ્ધ સંબંધિત પળેપળના અપડેટ્સ માટે નીચેનો બ્લોગ જુઓ

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડનો દાવો- ઈરાન નેવીના 155થી વધુ જહાજો નષ્ટ કર્યા અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ દ્વારા બુધવારે જણાવવામાં આવ્યું કે, ઈરાનમાં ચાલી રહેલા સૈન્ય અભિયાનો હેઠળ તેમણે 155થી વધુ નૌકાદળના જહાજોને નુકસાન પહોંચાડ્યું છે અથવા તો નષ્ટ કરી દીધા છે. વર્તમાન યુદ્ધમાં અમેરિકાએ ઈરાનમાં 12 હજારથી વધુ સ્થળો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે.

ઈરાની અધિકારી રેઝાઈ બોલ્યા- આખી દુનિયા ભેગી થઈને પણ હોર્મુઝ ખોલાવી શકશે નહીંઈરાનના વરિષ્ઠ અધિકારી મોહસિન રેઝાઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ઈરાન હોર્મુઝની સામુદ્રધુની (Strait of



Hormuz) ને બંધ કરી શકે છે, પરંતુ જો આખી દુનિયા ભેગી થઈ જાય તો પણ તેઓ તેને ફરીથી ખોલી શકશે નહીં. ભૌગોલિક રીતે, આ ઘોડાની નાળ જેવા આકારનું છે. એક જહાજને અંદર આવવા, વળવા, સૌથી સાંકડા હિસ્સામાંથી પસાર થવા અને બહાર નીકળવામાં સાતથી આઠ કલાકનો સમય લાગે છે. ઈરાનના ઈસ્ફહાનમાં બનેલા આર્ટિલરી (તોપખાના) પર હુમલાનો વીડિયો; અહીં મોટો જથ્થો હાજર હતોઈરાનના ઈસ્ફહાન પાસે અન્ય એક તોપખાનાના દારૂગોળાના ડેપો પર અમેરિકા-ઈઝરાયલના હુમલા બાદનો વીડિયો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, આ વિસ્તારમાં તોપખાનાનો ભારે જથ્થો હાજર છે, કારણ કે ઈરાની સેનાના ગ્રાઉન્ડ આર્ટિલરીના બે ગ્રુપ અહીં જ તૈનાત છે. સુપ્રીમ લીડર ખામેનેઈના નજીકના કમાલ ખરાઝી તેહરાન હુમલામાં ઘાયલ ઈરાની મીડિયા મુજબ સુપ્રીમ લીડર ખામેનેઈના નજીકના કમાલ ખરાઝી આજે તેહરાનમાં થયેલા બોમ્બ ધડાકામાં ગંભીર રીતે ઘાયલ થયા છે, જ્યારે તેમના પત્નીનું મોત નીપજ્યું છે. ઈરાની રાષ્ટ્રપતિનો સંદેશ- અમારા મનમાં અમેરિકી લોકો પ્રત્યે કોઈ દુશ્મનાવટ નથીઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશિકિયાને ઈરાનને સુરક્ષા માટે ખતરો ગણાવતી વાતોને ફગાવી દેતા કહ્યું કે આ હકીકતને અનુરૂપ નથી. ઈરાન, પોતાના આ જ નામ, ચરિત્ર અને ઓળખ સાથે માનવ ઈતિહાસની સૌથી જૂની અને સતત ચાલી આવતી સભ્યતાઓ પૈકીની એક છે. પજશિકિયાન દ્વારા અમેરિકાના લોકોના નામે લખાયેલા પત્રને સરકારી મીડિયા આઉટલેટ 'પ્રેસ ટીવી' દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. ઈરાની રાષ્ટ્રપતિએ લખ્યું- ઈરાને પોતાના આધુનિક ઈતિહાસમાં ક્યારેય પણ આક્રમકતા, વિસ્તારવાદ, સંસ્થાનવાદ કે પ્રભુત્વનો રસ્તો પસંદ કર્યો નથી. ઈરાને ક્યારેય કોઈ યુદ્ધની શરૂઆત કરી નથી. તેમ છતાં, જે કોઈએ પણ તેના પર હુમલો કર્યો છે, તેનો તેણે મક્કમતા અને બહાદુરીથી સામનો કર્યો છે. પજશિકિયાન લખે છે- આવી વિચારસરણી શક્તિશાળી લોકોની રાજકીય અને આર્થિક મનમાનીનું પરિણામ છે. કારણ કે તેમને દબાણને યોગ્ય ઠેરવવા, સૈન્ય પ્રભુત્વ જાળવી રાખવા, હથિયાર ઉદ્યોગ ચલાવવા અને વ્યૂહાત્મક બજારો પર નિયંત્રણ રાખવા માટે એક દુશ્મન ઊભો કરવાની જરૂર છે.

### ઈરાન યુદ્ધ વચ્ચે લોકડાઉનની ફેક નોટિસ વાઇરલ

## શેર કરેલી PDF ખોલતા 'એપ્રિલ ફૂલ' લખેલું નીકળ્યું, કેન્દ્રીય મંત્રીની અફવા ન ફેલાવવાની અપીલ

• નવી દિલ્હી

સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર પહેલી એપ્રિલે 'વોર લોકડાઉન નોટિસ' વાયરલ થઈ, જેનાથી લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. અશોક ચક્ર અને મંત્રાલય જેવા પ્રતીકો સાથે બનાવવામાં આવેલી આ નોટિસ પહેલી નજરે સત્તાવાર લાગી, પરંતુ બાદમાં તે એપ્રિલ ફૂલનો મજાક નીકળી. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લોકડાઉનની અફવાઓને સંપૂર્ણપણે પાયાવિહોણી ગણાવી. તેમણે કહ્યું કે સરકારના સ્તરે કોઈપણ પ્રકારના લોકડાઉન પ્રસ્તાવ પર વિચાર કરવામાં આવી રહ્યો નથી. તેમણે લોકોને શાંતિ જાળવી રાખવા અને અફવાઓ ન ફેલાવવાની અપીલ કરીમંગળવારે વાયરલ થયેલી આ નોટિસનું ફોર્મેટ અને ભાષા બિલકુલ સરકારી આદેશ જેવી રાખવામાં આવી હતી, જેના કારણે ઘણા લોકોએ તેને ચકાસ્યા વિના આગળ ફોરવર્ડ કરી દીધી. જોકે, દસ્તાવેજ ખોલતા જ સચ્ચાઈ સામે આવી. તેમાં 'April Fool' લખેલું હતું અને સાથે એક ઈમોજી હતું. તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે આ માત્ર મજાક તરીકે તૈયાર કરવામાં આવેલી નકલી નોટિસ હતી. હરદીપ સિંહ પુરીએ કહ્યું કે લોકડાઉનના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે. સરકાર પાસે આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. આવી અફવાઓ ફેલાવવી બિનજવાબદાર અને નુકસાનકારક છે. તાજેતરના દિવસોમાં ઈરાન સંબંધિત તણાવ, હોર્મુઝ સ્ટ્રેટમાં સપ્લાય અટકવાની આશંકા અને ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીના વધતા ભાવને લઈને લોકો પહેલેથી જ ચિંતિત હતા. આ જ કારણ હતું કે ઘણા લોકોએ વાયરલ પોસ્ટને સાચી માની લીધી. આ ઉપરાંત, 2020ના કોવિડ લોકડાઉનની યાદો અને તે સમયની આસપાસનું વાતાવરણ પણ આ અફવા ઝડપથી ફેલાવવાનું એક મોટું કારણ બન્યું. સરકાર કે કોઈપણ સરકારી એજન્સીએ યુદ્ધ કે સુરક્ષા કારણોસર કોઈ લોકડાઉનની કોઈ સલાહ કે સૂચના જાહેર કરી નથી. આ ઘટના ફરીથી દર્શાવે છે કે ડર અને ભ્રમના વાતાવરણમાં નકલી સંદેશાઓ ખૂબ ઝડપથી ફેલાય છે. નિષ્ણાતોએ લોકોને કહ્યું છે કે કોઈપણ મેસેજને આગળ મોકલતા પહેલા તેની સત્યતા સત્તાવાર સ્ત્રોતથી ચોક્કસપણે તપાસી લેવી.

## યુપીમાં ભારે વરસાદ, કરા પણ પડ્યા:MP-રાજસ્થાનમાં પણ એલર્ટ

• નવી દિલ્હી

દેશના પાંચ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ હવામાનમાં બદલાવ રહેશે. ઉત્તર પ્રદેશમાં બુધવારે સવારે વરસાદ થયો, 40 જિલ્લાઓમાં એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા 24 કલાકમાં મથુરા, જાલૌન અને કન્નૌજમાં કરા પડ્યા. બીજી તરફ MPમાં અડધા રાજ્યમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બુધવારે ઈન્દોર, ઉજ્જૈન-ગ્વાલિયર સહિત 29 જિલ્લાઓમાં એલર્ટ છે. 4 એપ્રિલ સુધી આવું જ હવામાન રહેશે. ત્યારબાદ 15 એપ્રિલથી રાજ્યમાં ભીષણ ગરમી પડશે.રાજસ્થાનમાં 2 એપ્રિલથી ફરી એક નવી વેધર સિસ્ટમ સક્રિય થશે. જેના કારણે વરસાદ થશે. મંગળવારે પૂર્વ રાજસ્થાનના ઘણા જિલ્લાઓમાં વરસાદ સાથે કરા પડ્યા. જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં હિમપ્રપાત (એવલાંચ) થયો અને ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે. આગામી 24 કલાકમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા અને હિમપ્રપાતનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 1 થી 4 એપ્રિલ સુધી અડધા રાજ્યમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બુધવારે ઈન્દોર, ઉજ્જૈન-ગ્વાલિયર સહિત 29 જિલ્લાઓમાં એલર્ટ છે. એમપીમાં 15 એપ્રિલથી ભીષણ ગરમી પડશે. સૌથી વધુ ગ્વાલિયર-ચંબલનો વિસ્તાર તપશે. જ્યારે ઈન્દોર, ભોપાલ, ઉજ્જૈન અને સાગર સંભાગના શહેરો પણ ગરમ રહેશે.

રાજસ્થાનઃ વાવાઝોડા-વરસાદથી થશે એપ્રિલની શરૂઆત, આજે પણ એલર્ટ; કરાથી પાકને નુકસાન.

### લાશો રસ્તા પર વિખરાઈ ,ત્રણ લોકો ઘાયલ, ટ્રક ચાલક પકડાયો

## નાગપુર-મુંબઈ એક્સપ્રેસવે પર ટ્રક ટેમ્પોની ટક્કર 8 મહિલાઓના મોત

• નવી દિલ્હી

મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં નાગપુર-મુંબઈ એક્સપ્રેસવે પર બુધવારે સાંજે એક પૂરપાટ આવતા ટ્રકે ટેમ્પોને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 8 મહિલાઓના મોત થયા છે, જ્યારે 3 લોકો ઘાયલ થયા છે. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તમામ પીડિતો મજૂર છે. આ અકસ્માત કડવાંચી ગામ પાસે ત્યારે થયો જ્યારે મહિલા મજૂરો એક્સપ્રેસવે પર સફાઈનું કામ પતાવીને ટેમ્પોમાં ઘરે પરત ફરી રહી હતી. ટેમ્પો સ્ટાર્ટ થવાનો જ હતો કે મુંબઈ તરફ જઈ રહેલા ટ્રકે પાછળથી જોરદાર ટક્કર મારી.ટક્કરથી ટેમ્પોને ભારે નુકસાન થયું અને મૃતદેહો રસ્તા પર વિખેરાઈ ગયા. ટેમ્પોમાં કુલ 11 લોકો સવાર હતા, જેમાંથી 7 મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એકનું હોસ્પિટલમાં મોત



થયું હતું. મૃતકોની ઓળખ અલકાબાઈ આડમને (45), લક્ષ્મીબાઈ મદન (35), મીના આડમને (45), કંચન આડમને (50), તારાબાઈ ચૌધરી (60), કડુબાઈ મદન (55) અને સુમન આડમને (70) તરીકે થઈ છે. એક મૃતકની ઓળખ હજુ થઈ શકી નથી. પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરીને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. મહારાષ્ટ્રના પર્યાવરણ મંત્રી પંકજા મુંડેએ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતા મૃતકોના પરિવારજનો અને ઘાયલોને આર્થિક સહાય આપવાની ખાતરી આપી છે.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે આઠ લોકોના મોત અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે મૃતકોના પરિવારજનોને 5-5 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

## PM મોદીએ સુરક્ષા પર કેબિનેટ કમિટીની બેઠકની અધ્યક્ષતા કરી:પશ્ચિમ એશિયામાં સ્થિતિની સમીક્ષા

### LPG અને પેટ્રોલ-ડીઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓ પર ચર્ચા કરી

• નવી દિલ્હી

દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાને PM મોદીની અધ્યક્ષતામાં બુધવારે સાંજે 7 વાગ્યે કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) ની બેઠક યોજાઈ. તેમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતમાં પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી.

બેઠકમાં અમિત શાહ, એસ. જયશંકર, નિર્મલા સીતારમણ, પીયૂષ ગોયલ, શિવરાજ સિંહ ચૌહાણ, જે.પી. નડ્ડા, અશ્વિની વૈષ્ણવ, મનોહર લાલ ખટ્ટર, પ્રહલાદ જોશી, કિન્જારાપુ રામમોહન નાયડુ અને હરદીપ સિંહ પુરી સહિતના કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, PMના



મુખ્ય સચિવ પી.કે. મિશ્રા અને શક્તિકાંત દાસ અને કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથન પણ બેઠકમાં સામેલ થયા. આ દરમિયાન સામાન્ય લોકોની આવશ્યક જરૂરિયાતો જેવી કે ખાદ્યપદાર્થો, LPG અને પેટ્રોલ-ડીઝલની ઉપલબ્ધતા પર ચર્ચા કરવામાં આવી.

છેલ્લા 10 દિવસની અંદર CCSની આ બીજી મીટિંગ છે. આ પહેલા 23 માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ CCS મીટિંગની અધ્યક્ષતા કરી હતી. તેમાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષની ભારત પરની અસર ઘટાડવાના ઉપાયોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. PMએ કહ્યું હતું કે આ સમસ્યા સતત વધી રહી છે અને આખી દુનિયા તેનાથી પ્રભાવિત થઈ રહી છે. તેમણે નિર્દેશ આપ્યો હતો કે સરકારના તમામ વિભાગો મળીને કામ કરે જેથી સામાન્ય લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે.મીટિંગમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, વિદેશમંત્રી ડો.એસ.જયશંકર અને અન્ય અધિકારીઓ હાજર હતા.

### પતિના ફરી લગ્ન કરવાથી નારાજ હતી

## હૈદરાબાદમાં મહિલાએ પોતાના બે બાળકોની હત્યા કરી:આત્મહત્યા કરી

• હૈદરાબાદ

હૈદરાબાદમાં એક મહિલાએ પોતાના બે પુત્રોની હત્યા કર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી લીધી. મહિલાનું નામ એસ. બનોથ શ્રીવંતી (29) હતું. તેણે બે પુત્રો કાર્તિક (12) અને કૌશિક (10)ની હત્યા કરી. પોલીસે જણાવ્યું કે ઘટના 31 માર્ચની છે.પોલીસના જણાવ્યા અનુસાર, એસ. બનોથ શ્રાવંતીના લગ્ન પ્રવીણ નામના યુવક સાથે 13 વર્ષ પહેલા થયા હતા. થોડા સમય પહેલા પ્રવીણે બીજા લગ્ન કરી લીધા હતા. આના કારણે શ્રાવંતીનો પતિ સાથે વિવાદ ચાલી રહ્યો હતો. થોડા દિવસ પહેલા ઝઘડા બાદ તે બંને પુત્રોને લઈને વારંગલ તેના પિયર ચાલી ગઈ હતી.ઘટનાના દિવસે પ્રવીણ જ્યારે ઘરે પાછો ફર્યો ત્યારે મુખ્ય દરવાજો બંધ હતો. તેણે ઘણી વાર દરવાજો ખખડાવ્યો પરંતુ દરવાજો ખુલ્યો નહીં. પ્રવીણે પડોશીઓની મદદથી દરવાજો તોડ્યો અને ઘરમાં પ્રવેશ્યો. જોયું તો અંદર શ્રાવંતી અને બંને પુત્રોના મૃતદેહ હતા. આ પછી પ્રવીણે 2 વાગ્યે પોલીસને ઘટનાની જાણ કરી હતી. ACP નરેશ રેડ્ડીના જણાવ્યા અનુસાર, શ્રાવંતી અને તેના બંને પુત્રોના મૃતદેહ ફાંસીના ફંદા પર લટકતા હતા. એવું લાગે છે કે પહેલા તેણે બંને પુત્રોની હત્યા કરી અને પછી પોતે પણ આત્મહત્યા કરી લીધી. જોકે, કોઈ સુસાઈડ નોટ મળી નથી. ફોરેન્સિક તપાસ કરવામાં આવી છે. કુકટપલ્લીના DCP રીતિ રાજના જણાવ્યા અનુસાર, પ્રવીણ વિરુદ્ધ BNS ની કલમ 108 હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ દાખલ કરવામાં આવશે. કેસની તપાસ ચાલી રહી છે.

## બગદાદમાં અમેરિકી પત્રકાર કિડનેપ થઈ રસ્તા વચ્ચેથી બળજબરી કરી ઉઠાવી ગયા

### અમેરિકી દૂતાવાસે ઈરાક ન જવાની સલાહ આપી હતી

• બગદાદ

સાઉદી અરેબિયાની ચેનલ અલ-અરેબિયાએ આ કથિત અપહરણનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે અમેરિકાના ફ્રીલાન્સ પત્રકાર શૈલી કિટલ્સનનું મંગળવારે ઈરાકની રાજધાની બગદાદમાં અપહરણ કરવામાં આવ્યું. અજાણ્યા હુમલાખોરોએ શૈલીને અલ-સાદૂન સ્ટ્રીટ પર આવેલી બગદાદ હોટેલ પાસેથી અપહરણ કરી લીધું. આ ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે જેમાં ગુનેગારો પત્રકારને બળજબરીથી ગાડીમાં ખેંચીને લઈ જતા જોવા મળી રહ્યા છે. ઈરાકના ગૃહ મંત્રાલયે પણ ઘટનાની પુષ્ટિ કરી છે, જોકે તેણે પત્રકારની ઓળખ જાહેર કરી નથી. મંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું કે એક વિદેશી પત્રકારનું અજાણ્યા લોકો દ્વારા અપહરણ કરવામાં આવ્યું, ત્યારબાદ સુરક્ષા દળોને તાત્કાલિક કાર્યવાહી માટે મોકલવામાં આવ્યા. ન્યૂઝ વેબસાઈટ અલ-મોનિટરના રિપોર્ટ અનુસાર, અમેરિકી પ્રશાસનને પહેલાથી જ સુરક્ષા ખતરાની જાણકારી હતી અને તેણે પત્રકારને ઈરાકની યાત્રા ન કરવાની સલાહ પણ આપી હતી. શૈલી કિટલ્સન યુદ્ધ ક્ષેત્રોમાં રિપોર્ટિંગ માટે જાણીતા છે અને તેમને 2017માં પ્રેમિયો કારાવેલા એવોર્ડ મળી ચૂક્યો છે. તેઓ મુખ્યત્વે મિડલ ઈસ્ટ, ખાસ કરીને ઈરાક અને સીરિયા સંબંધિત રિપોર્ટિંગ કરતા રહ્યા છે. સીરિયામાં શૈલી કિટલ્સન. તેમણે આ તસવીર X પર સપ્ટેમ્બર 2025માં શેર કરી હતી. એક આરોપીની ધરપકડ, પરંતુ પત્રકારનો કોઈ પત્તો નથી ગૃહ મંત્રાલય અનુસાર, સુરક્ષા દળોએ ગુપ્ત માહિતીના આધારે અપહરણકર્તાઓનો પીછો કર્યો. આ દરમિયાન અપહરણમાં ઉપયોગમાં લેવાઈ રહેલી એક ગાડી પલટી ગઈ, જેનાથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી અને કેટલાક વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા. જોકે, પત્રકારને લઈ જઈ રહેલી બીજી ગાડી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ અને તે બગદાદના દક્ષિણ તરફ નીકળી ગઈ.બે ઈરાકી સુરક્ષા અધિકારીઓએ નામ ન જણાવવાની શરતે જણાવ્યું કે અપહરણનો ભોગ બનેલી પત્રકાર એક અમેરિકી મહિલા છે. ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# પરિવર્તનનો શંખનાદ :વિવિધ રાજકીય આગેવાનો અને સામાજીક અગ્રણીઓ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા



રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારની જનવિરોધી નિતિને લીધે સમગ્ર દેશવાસીઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. ભાજપ શાસનમાં શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓ સતત મોંઘી થતી જાય છે. યુવાનોને રોજગારી નથી, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આગળ વધી રહી છે. અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ, રાજકીય અને બિનરાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે, તેઓ સહિત આપ સૌને આવકારીએ છીએ તથા આપસૌનું માનસન્માન સચવાઈ રહે તેની ખાતરી આપીએ છીએ. ગુજરાત એનસીપીના પ્રદેશ યુવા વિંગના પૂર્વ પ્રમુખશ્રી જીગ્નેશભાઈ જોશી, સહિત સોશીયલ મીડીયાના હોદ્દેદારશ્રીઓ સહિત મોટી સંખ્યામાં યુવાનો કોંગ્રેસ પક્ષમાં તિરંગો ખેસ પહેરી જોડાયા હતા. વડોદરાના વીએચપીના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા-આગેવાનો કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયેલ સર્વે આગેવાનોએ એક જ સુરમાં કહ્યું હતું કે, અમે દુધમાં સાકરની જેમ ભળીને કોંગ્રેસી વિચારધારાને જનજન સુધી પહોંચાડવા કટીબધ્ધ રહીશું. લોકશાહી બચાવવા, સંવિધાનની રક્ષા માટે ભાજપની મતોની વિભાજનકારી રાજનીતિ સામે સૌએ એક થઈને લડવું પડશે. કોંગ્રેસમાં સરમુખત્યારશાહી નહીં પરંતુ લોકશાહી છે. ભાજપના શાસનમાં મોંઘવારી-બેરોજગારી સતત વધી રહી છે. દૂધમાં સાકર ભળે અને મીઠાશ વધે તેમ મોટી સંખ્યામાં વિવિધ પક્ષના આગેવાન-કાર્યકરો આવવાથી કોંગ્રેસ પક્ષ વધુ મજબુત બનશે.

કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે. આ એક 'બીજી આઝાદીની લડાઈ', કે જે બંધારણ બચાવવાની લડાઈ છે, લોકશાહી બચાવવાની લડાઈ છે. કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. ખાસ કરીને આજે આખા ગુજરાતમાં 'જનાક્રોશ યાત્રા' જે રીતે અલગ અલગ વિસ્તારોમાં ભ્રમણ કર્યું, જે રીતે લોકોની વચ્ચે જઈને કામ કર્યું, લોકોની વચ્ચે જઈને સંવાદ કર્યો, એનાથી એટલું સ્પષ્ટ થાય છે કે હવે સમાજના દરેક વર્ગના લોકો, દરેક વિસ્તારના લોકો આ કુશાસનથી ત્રસ્ત છે. લોકો ખુલીને હવે પોતાનો અવાજ ઉઠાવતા થયા છે, લડવાની તૈયારી સાથે આગળ આવ્યા છે, અને એના જ કારણે ધીમે ધીમે ગુજરાતમાં જે પરિવર્તનની લોકોની જે ચાહ છે, જે અપેક્ષા છે, એ પરિવર્તનની દિશામાં અસંખ્ય આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહ્યા છે.

(ડૉ. હિરેન બેંકર)

દર્શના પટેલ

તમારી ટીકા કરનારાઓ જ તમારા સૌથી મોટા 'ફોલોઅર્સ' છે

# જે તમને નફરત કરે છે તે તમારો સૌથી મોટો ફેન છે કેમ કે એ તમારી સૌથી વધારે ઈર્ષ્યા કરે છે

## જે તમને નફરત કરે છે અસલ માં તમારા 'ફ્રી માર્કેટિંગ એજન્ટ' છે

• દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

દુનિયામાં બે પ્રકારના લોકો તમારું નામ ક્યારેય ભૂલતા નથી એક જે તમને પ્રેમ કરે છે, અને બીજા જે તમને નફરત કરે છે. પણ સત્ય એ છે કે પ્રેમ કરનારા કદાચ વ્યસ્તતામાં તમને યાદ કરવાનું ભૂલી જાય, પણ નફરત કરનારા તો ચોવીસ કલાક તમારા જ વિચારોમાં જીવે છે. તેઓ તમારી પ્રગતિના એવા ચોકીદાર છે જેમના પગાર વગરના સીસીટીવી કેમેરા હંમેશા તમારા પર તૈનાત હોય છે.

નફરત એ અસલમાં સ્વીકાર ન કરી શકેલી 'પ્રશંસા' છે. જ્યારે કોઈ વ્યક્તિ તમારી બરાબરી નથી કરી શકતી, ત્યારે તે નફરતનો સહારો લે છે. ઈર્ષ્યા એ વાતનો પુરાવો છે કે તમે જીવનમાં એ સ્થાન હાંસલ કર્યું છે જે મેળવવાનું સામેવાળી વ્યક્તિનું સપનું હતું.

એક તેજસ્વી લેખક કે વક્તા જ્યારે કોઈ સભામાં પોતાના વિચારો રજૂ કરે, ત્યારે સભામાં બેઠેલા કેટલાક લોકો મૌન રહીને તેની ભૂલો શોધવાનો પ્રયત્ન કરશે. તેઓ ઘરે જઈને પણ એ વક્તાના શબ્દોનું વિશ્લેષણ કરશે. શા માટે? કારણ કે તે વક્તાનો પ્રભાવ



એટલો મોટો હતો કે તે વિરોધીના મગજ પર સવાર થઈ ગયો છે. નફરત કરનાર વ્યક્તિ તમારી દરેક નાની વાતનું અવલોકન કરે છે, જે સાબિત કરે છે કે તે તમારો 'સૌથી મોટો ફેન' છે, જે આ વાત સ્વીકારતા ડરે છે.

આજના ડિજિટલ યુગમાં 'ફોલોઅર' એટલે માત્ર બટન દબાવનાર વ્યક્તિ નહીં, પણ જે તમારી હિલચાલ પર સતત નજર રાખે તે. ટીકાકારો તમારા જીવનના એવા 'સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટર' છે જેમને તમારી સફળતા પચતી નથી, છતાં તેઓ તમારી એક પણ પોસ્ટ કે એક પણ સિદ્ધિ જોવાનું ચૂકતા નથી. તેઓ તમારી ટીકા કરવા માટે પણ તમારા વિશે પૂરેપૂરી માહિતી એકઠી કરે છે. આમ, અજાણતા જ તેઓ તમારા જીવનના સૌથી વફાદાર પ્રેક્ષકો બની જાય છે.

બ્રાન્ડિંગની દુનિયામાં કહેવાય છે કે, 'તમારા વિશે વાત થવી જોઈએ, ભલે તે વિરોધમાં કેમ ન હોય.' જ્યારે કોઈ તમારી નિંદા કરે છે, ત્યારે તે અજાણતા તમારું નામ ચાર નવા લોકો સુધી પહોંચાડે છે. તે તમારી નબળાઈ શોધવાના બહાને તમારી ચર્ચાને જીવંત રાખે છે. વિરોધીઓ તમારો પ્રચાર એટલો મફતમાં અને એટલી મહેનતથી કરે છે જેટલી મહેનત કદાચ કોઈ મોંઘી એડવર્ટાઈઝિંગ એજન્સી પણ ન કરે. તેઓ તમારી સફળતાના ન્યૂઝ પેપર છે જે રોજ સવારે લોકોની વચ્ચે તમારું નામ ઉછાળે છે.

ટીકા એ જ વાતનો પુરાવો છે કે તમે મેદાનમાં રમી રહ્યા છો, બાકી પ્રેક્ષકો તો ગેલેરીમાં બેસીને માત્ર બૂમો જ પાડી શકે છે. જે લોકો તમારી પીઠ પાછળ વાતો કરે છે, તેમને ત્યાં જ રહેવા દો કારણ કે 'પાછળ' રહેવું જ તેમની નિયતિ છે અને 'આગળ' વધવું એ તમારી જીદ. અને બીજી વાત તમારા વિરોધીઓને ક્યારેય બ્લોક ન કરો, તેમને તમારી સફળતાના લાઈવ ટેલિકાસ્ટ જોવા માટે સીટ રિઝર્વ રાખવા દો. ઈર્ષ્યા કરનારાઓ એ દીવા જેવા છે જે બીજાના પ્રકાશથી પોતે બળે છે, પણ અંધારામાં તમારો રસ્તો તો એ જ સાફ કરે છે.

જો તમારા જીવનમાં ટીકાકારો નથી, તો સમજી લેજો કે તમે હજુ કંઈ ખાસ મોટું કર્યું નથી. તમારી સફળતાની ઊંચાઈ તમારા વિરોધીઓની સંખ્યા પરથી મપાય છે. તેમને તમારા માર્કેટિંગ એજન્ટ બની રહેવા દો, તેમને તમારી સફળતાથી બળવા દો અને તમે તમારી , તમારા કાર્યો , તમારા ગોલ અને તમારા કર્મોથી દુનિયા જીતતા રહો. યાદ રાખજો, સિંહ પાછળ ભસતા કૂતરાઓ સિંહનું કદ ઘટાડી શકતા નથી, ઉલટાનું સિંહની શાન વધારે છે!

સવાલ સીધો છેઃ રાજીનામું આપશો કે ખુરશી વહાલી છે?

# સોશિયલ મીડિયા પર 'રાડો', વિધાનસભામાં 'સન્નાટો'? જીગ્નેશ મેવાણી ક્યારે આપશે રાજીનામું?

રાજીનામું

સવાલ એ છે કે આ માત્ર 'રાડો' પાડવાની રમત છે કે પછી ખરેખર રાજીનામું આપવાની હિંમત છે?




• અમદાવાદ

ગુજરાતની રાજનીતિમાં 'ક્રાંતિકારી' નેતા તરીકે ઓળખ મેળવનાર વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ફરી એકવાર ચર્ચામાં છે, પણ આ વખતે તેમના કોઈ જનહિતના કામને કારણે નહીં, પરંતુ તેમના સોશિયલ મીડિયા પર ચાલતા 'ડ્રામા'ને કારણે. જ્યારે પ્રજાના પ્રશ્નો ગંભીર વળાંક પર હોય, ત્યારે મેવાણી સાહેબ ફેસબુક અને ટ્વિટર (X) પર વીડિયો મૂકીને મોટી-મોટી વાતો કરે છે, પણ સવાલ એ છે કે આ માત્ર 'રાડો' પાડવાની રમત છે કે પછી ખરેખર રાજીનામું આપવાની હિંમત છે?

જીગ્નેશ મેવાણી છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય છે. સરકારને ઘેરવાની, નીતિઓની ટીકા કરવાની કે વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવાની - આ બધું જ ડિજિટલ માધ્યમથી સરસ રીતે થાય છે. પણ જ્યારે જમીની સ્તર પર કંઈ નક્કર કરવાનું આવે અથવા પક્ષના નેતૃત્વ સામે અસંતોષ વ્યક્ત કરવાનો હોય, ત્યારે મેવાણી સાહેબની 'બુલંદ અવાજ' ક્યાં ખોવાઈ જાય છે?

* નાટકો બંધ કરોઃ સોશિયલ મીડિયા પર વીડિયો બનાવીને સહાનુભૂતિ મેળવવી ખૂબ સહેલી છે, પણ શું તમે તમારા પદ પરથી રાજીનામું આપીને લડવાની તાકાત રાખો છો?

* જનતાની માગણીઃ વડગામના મતદારો હવે પૂછી રહ્યા છે કે, 'તમે અમને શું કામ વિધાનસભામાં મોકલ્યા છે? માત્ર સરકાર પર ટ્વિટ કરવા માટે કે અમારી સમસ્યાઓનું સમાધાન લાવવા માટે?'

* બાર્ગેનિંગ પાવરનો ખેલઃ રાજકીય ગલિયારાઓમાં એવી ચર્ચાઓ છે કે આ બધી રાડો માત્ર પોતાની રાજકીય 'વેલ્યુ' વધારવા અને પક્ષમાં પોતાનું મહત્વ જાળવી રાખવા માટેનો એક પ્લાન છે.

જો તમને પક્ષની વિચારધારા કે વર્તમાન રાજકીય સ્થિતિમાં વિશ્વાસ ન હોય, તો રાજીનામું આપીને મેદાનમાં આવવામાં શું વાંધો છે? ફેસબુક લાઈવમાં રોદણાં રડવા કરતા, જાહેરમાં રાજીનામું આપીને સાબિત કરો કે તમે ખરેખર જનતાના સાચા અવાજ છો.

» 'જીગ્નેશભાઈ, ગુજરાતની જનતા હવે સોશિયલ મીડિયાના તમારા આ 'નાટકો'થી કંટાળી ગઈ છે. કાં તો મેદાનમાં આવીને કંઈક કરી બતાવો, અથવા આ ડિજિટલ રાડો પાડવાનું બંધ કરો!'

»

અમારો પ્રશ્નઃ શું જીગ્નેશ મેવાણીમાં ખરેખર રાજીનામું આપીને ફરીથી જનતા વચ્ચે જવાની હિંમત છે, કે પછી આ બધું માત્ર ૨૦૨૭ની તૈયારીઓના ભાગરૂપે ચાલતું એક નવું નાટક છે?

# અમદાવાદમાં 'આશીર્વાદ'ના નામે ઉઘરાણી કરતા કિન્નરો સામે પોલીસનો સપાટોઃ જાહેરનામું બહાર પડ્યું

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં લગ્ન પ્રસંગો, બાળકના જન્મ કે અન્ય શુભ પ્રસંગોએ ટ્રાન્સજેન્ડર (કિન્નરો) દ્વારા કરવામાં આવતી પજવણી અને મોટી રકમની જબરદસ્તી વસૂલાત સામે પોલીસ કમિશનર જી.એસ. મલિકે લાલ આંખ કરી છે. નાગરિકોની સુરક્ષા અને જાહેર શાંતિ જળવાય તે હેતુથી પોલીસ કમિશનર દ્વારા એક મહત્વનું જાહેરનામું બહાર પાડી કડક સૂચનાઓ આપવામાં આવી છે.




નાગરિકોની મરજી વિરુદ્ધ વસૂલાત પર પ્રતિબંધ જાહેરનામા અનુસાર, હવેથી કોઈપણ કિન્નર નાગરિકોના ઘરે જઈને ૧૧,૦૦૦, ૨૧,૦૦૦ કે તેથી વધુ જેવી મોટી રકમ માટે દબાણ કરી શકશે નહીં. નાગરિકો પોતાની સ્વેચ્છાએ અને ખુશીથી જે રકમ આપે, તે જ તેમણે સ્વીકારવાની રહેશે. જબરદસ્તીથી પૈસાની માંગણી કરવી એ હવે કાયદેસરનો ગુનો ગણાશે.

અશોભનીય વર્તન અને ધાક-ધમકી સામે કાર્યવાહી

પૈસા પડાવવા માટે કિન્નરો દ્વારા કરવામાં આવતી અશ્લીલ ચેનચાળા, ગાળાગાળી, કપડાં ઉતારવાની ધમકી કે નાગરિકોના ઘરમાં જબરદસ્તી ઘૂસવાની હરકતો પર પોલીસ કમિશનરે સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત, ટ્રાફિક સિગ્નલ કે ચાર રસ્તાઓ પર વાહનચાલકોને અટકાવીને પૈસા માંગવા પર પણ રોક લગાવી દેવામાં આવી છે, જેથી ટ્રાફિકમાં અડચણ ન આવે અને અકસ્માતનો ભય દૂર થાય.

પોલીસ કમિશનરના આ આદેશનું ઉલ્લંઘન કરનારા સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૨૩ (જાહેર સેવકના આદેશનો અનાદર) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ અધિકારીઓને આવી પજવણી કરનારાઓ સામે તાત્કાલિક પગલાં લેવા આદેશ અપાયા છે.

જો કોઈ વ્યક્તિ ઘરે કે જાહેર સ્થળે મોટી રકમ માટે દબાણ કરે અથવા ધાક-ધમકી આપે, તો નાગરિકોએ ડરવાની જરૂર નથી. નાગરિકો તાત્કાલિક પોલીસ હેલ્પલાઈન નંબર ૧૦૦ અથવા ૧૧૨ પર ફોન કરી શકે છે અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી શકે છે.

નોંધઃ પોલીસ તંત્રનું કહેવું છે કે આ જાહેરનામાનો હેતુ ટ્રાન્સજેન્ડર સમુદાયને હેરાન કરવાનો નથી, પરંતુ 'આશીર્વાદ'ના નામે ચાલતી 'ખંડણી' જેવી પ્રવૃત્તિઓ બંધ કરી નાગરિકોને મુક્તિ અપાવવાનો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો રણસંગ્રામ - 'ગેમ ઓન!'

• અમદાવાદ

ગુજરાતના રાજકીય આકાશમાં અત્યારે ગરમાવો છે. રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. હવે સત્તાની આ લડાઈમાં કોણ બાજી મારશે અને કોના ઉમેદવારો મેદાનમાં ટકી રહેશે, તે જોવું રહ્યું.

તારીખ પર નજરઃ નક્કી કરી લો તમારો પ્લાન! રાજકીય પક્ષો માટે અત્યારે કસોટીનો સમય છે. ઉમેદવારોની પસંદગી, વોર્ડ પ્રમાણે સમીકરણો અને જનતાને રીઝવવાની કવાયત તેજ બની છે. ચૂંટણી પંચે જે સમયરેખા જાહેર કરી છે તે આ મુજબ છેઃ

* 26 એપ્રિલ - મતદાન (Vote Day): તમારા વિસ્તારના નગરસેવકો ચૂંટવા માટેનો મહત્વનો દિવસ.

* 28 એપ્રિલ - પરિણામ (Result Day): કોને જનતાએ સત્તા સોંપી અને કોને નકાર્યા, તેનો ફેંસલો.

કેમ મહત્વની છે આ ચૂંટણી?

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ પાયાની લોકશાહી છે. તમારા રસ્તા, પીવાનું પાણી, ગટર વ્યવસ્થા અને સ્ટ્રીટ લાઈટ જેવા પાયાના પ્રશ્નોના નિવારણ માટે યોગ્ય ઉમેદવારને ચૂંટવો એ તમારો અધિકાર છે.

'પાક્કો ગુજરાત' ના સંવાદદાતાઓના મતે, આ વખતે મતદારોમાં ભારે જાગૃતિ જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચાઓ અને ગ્રાઉન્ડ લેવલના રિપોર્ટ્સ મુજબ, જનતા આ વખતે કામના આધારે મત આપવાના મૂડમાં છે.

અમારી અપીલઃ તમારો એક મત, તમારું ભવિષ્ય

26મી તારીખે માત્ર એક દિવસની રજા નથી, પરંતુ તમારા શહેરના ભવિષ્યનું નિર્માણ કરવાનો દિવસ છે. શું તમે તૈયાર છો? તમારા મતાધિકારનો ઉપયોગ કરો અને એક જવાબદાર નાગરિક તરીકે તમારી ફરજ નિભાવો.

કમેન્ટમાં લખોઃ તમારા વિસ્તારમાં અત્યારે કયા મુખ્ય મુદ્દાઓ સૌથી વધુ ચર્ચાઈ રહ્યા છે? તમારા મતે કયા ફેરફારોની જરૂર છે?

"26 એપ્રિલે મતદાન, 28 એપ્રિલે નિર્ણય - ગેમ ઓન!"

રાજકારણની પળેપળની સચોટ માહિતી માટે જોડાયેલા રહો - પાક્કો ગુજરાત.

# વિશ્વશાંતિ માટે સુંદરકાંડ પાઠ યોજાશે :આર્ટ ઓફ લિવિંગ દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે આયોજન




• અમદાવાદ

વિશ્વમાં હાલ ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હનુમાન જયંતિ નિમિત્તે, વિશ્વ શાંતિ માટે અમદાવાદ ખાતે વિશેષ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યક્રમ શ્રી શ્રી જ્ઞાનમંદિર, શિવરંજની વિસ્તારમાં યોજાશે. આ કાર્યક્રમ વિશ્વ પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા આયોજિત છે, જે માનસિક શાંતિ, આધ્યાત્મિક વિકાસ અને સામાજિક સુખાકારી માટે સતત કાર્યરત છે. સુંદરકાંડ પાઠ હનુમાનજીની ભક્તિ, શક્તિ અને નિષ્ઠાનું પ્રતિક છે. વર્તમાન વૈશ્વિક તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે, આ પાઠ દ્વારા વિશ્વમાં શાંતિ, સકારાત્મકતા અને માનવતા માટે પ્રાર્થના કરવામાં આવશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો અને નાગરિકો ભાગ લે તેવી અપેક્ષા છે. આ અવસર પર શહેરના તમામ નાગરિકોને ઉપસ્થિત રહીને આ પવિત્ર કાર્યક્રમનો લાભ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

ફેસબુકનો પ્રેમ અંજામ આવ્યો ચોંકાવનારો

# સાવધાન! ફેસબુકનો પ્રેમ ચઢ્યો ફેંકે: સોશિયલ મીડિયાના 'માયાજાળ'માં ફસાયું પ્રેમી પંખીડું

• અમદાવાદ/રાજકોટ (બ્યુરો રિપોર્ટ):

આજકાલ ગુજરાતમાં કાંડની વણઝાર લાગી છે. ક્યારેક અશોક ખેરાત જેવા મોટા માથાઓના કારનામા, તો ક્યારેક પવિત્ર સાધુ-સંતોના વેશમાં છુપાયેલા પાખંડીઓનો પર્દાફાશ. હજુ તો શિક્ષક અને વિદ્યાર્થીના પવિત્ર સંબંધોને લાંછન લગાવતા કિસ્સાઓની શાહી સુકાઈ નથી, ત્યાં જ બજારમાં એક 'નવો કાંડ' ગાજ્યો છે. આ વખતે શિકાર બન્યું છે ફેસબુકના રવાડે ચઢેલું એક 'પ્રેમી પંખીડું'.

લાઈક અને કોમેન્ટથી શરૂ થઈ 'લવ સ્ટોરી' ડિજિટલ યુગમાં પ્રેમ હવે હવેલીઓની ગલીઓમાં નહીં, પણ ફેસબુકના મેસેન્જરમાં પાંગરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કિસ્સામાં પણ અજાણ્યા યુવક-યુવતી વચ્ચે ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટથી શરૂઆત થઈ હતી. ફોટા પર લાઈક્સ અને કોમેન્ટ્સનો સિલસિલો ધીરે ધીરે વોટ્સએપ કોલિંગ સુધી પહોંચ્યો. આંધળા પ્રેમમાં પડેલા પંખીડાઓને એ ભાન ન રહ્યું કે સ્ક્રીન પાછળ દેખાતો ચહેરો હકીકતમાં કંઈક અલગ હોઈ શકે છે.

પ્રેમનો નશો ઉતર્યો અને 'કાંડ' સર્જાયો જ્યારે બંને પહેલીવાર મળ્યા, ત્યારે મામલો ગરમાયો હતો. પ્રેમની મોટી-મોટી વાતો કરનાર પાત્ર જ્યારે અસલી રૂપમાં સામે આવ્યું, ત્યારે બ્લેકમેલિંગ, છેતરપિંડી અને નાણાકીય લેતી-દેતીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. કહેવાય છે કે આ કાંડમાં હવે પોલીસ ફરિયાદની નોબત આવી છે, કારણ કે 'ફેસબુકિયા પ્રેમી'એ યુવતીના અંગત ફોટા પાડીને તેને વાયરલ કરવાની ધમકી આપી મોટી રકમની માંગણી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સમાજ માટે લાલબત્તી સમાન કિસ્સો

પાક્કો ગુજરાતના વાચકો માટે આ કિસ્સો એક ચેતવણી સમાન છે. ટેકનોલોજીના ફાયદા છે તો તેની પાછળ આવા ઘાતક ખતરા પણ છુપાયેલા છે.

* અજાણ્યા સાથે મિત્રતાઃ ફેસબુક પર અજાણી વ્યક્તિની પ્રોફાઈલ તપાસ્યા વગર મિત્રતા ન કરો.

* અંગત વિગતોઃ પ્રેમમાં આંધળા બનીને પોતાના ન્યુડ ફોટા કે બેંકની વિગતો ક્યારેય શેર ન કરો.

* પરિવારનું ધ્યાનઃ સંતાનો સોશિયલ મીડિયા પર કોની સાથે વાત કરે છે, તેનું ધ્યાન રાખવું અનિવાર્ય બન્યું છે.

'પાક્કો ગુજરાત'નો સવાલઃ ક્યાં જઈને અટકશે આ સિલસિલો?

અશોક ખેરાત હોય કે આ પ્રેમી પંખીડાં, દરેક કાંડમાં એક વાત કોમન છે - 'ભરોસો અને લાલચ'. શું આજની પેઢી સોશિયલ મીડિયાના આભાસી દુનિયાને જ હકીકત માની બેઠી છે? આ કાંડમાં હજુ અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે, જેની પળેપળની વિગતો 'પાક્કો ગુજરાત' તમારા સુધી પહોંચાડતું રહેશે.

# ગોમતીપુરમાં પોલીસ અને પડોશીના ત્રાસથી કંટાળી ભાઈ-બહેનનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

• અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં માનવતા મરી પરવારી હોય તેવી ઘટના સામે આવી છે. પડોશીઓના સતત ત્રાસ અને પોલીસની કથિત નિષ્ક્રિયતાથી હારી જઈને એક ભાઈ-બહેને જાહેરમાં ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા પોલીસ તંત્રની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

પીડિત પરિવારના જણાવ્યા અનુસાર, પડોશીઓ સાથે થયેલી નજીવી બાબતમાં વિવાદ વકર્યો હતો. આ દરમિયાન યુવતીની છેડતી કરવામાં આવી હતી અને તેના ભાઈને ઢોર માર મારવામાં આવ્યો હતો. અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે જ્યારે આ ભાઈ-બહેન ગોમતીપુર પોલીસ મથકે પહોંચ્યા, ત્યારે ત્યાં તેમને ન્યાય મળવાને બદલે ધુત્કાર મળ્યો હોવાનો આક્ષેપ છે.

પીડિતોનો ગંભીર આક્ષેપ છે કે, પોલીસે તેમની રજૂઆત સાંભળવાને બદલે ફરિયાદ લેવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. રક્ષક જ જ્યારે ભક્ષક સમાન વર્તન કરવા લાગે ત્યારે લાચાર બનેલા આ ભાઈ-બહેને રસ્તા વચ્ચે ઉભા રહીને રડતા-રડતા પોતાનો અંતિમ વીડિયો રેકોર્ડ કર્યો હતો.

વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બંને ભાઈ-બહેન અત્યંત વેદનામાં છે અને વીડિયોમાં જ તેઓ ઝેર પીતા દેખાય છે. વીડિયોના માધ્યમથી તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસે ન્યાયની આજીજી કરી છે. સ્થાનિક પોલીસથી સંપૂર્ણ વિશ્વાસ ઉઠી જવાથી તેમણે રાજ્યના ઉચ્ચ વહીવટી તંત્ર સમક્ષ આખરી ન્યાયની ગુહાર લગાવી છે. હાલ આ મામલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ શું પગલાં લે છે તેના પર સૌની નજર છે.

## સ્થાનિક સ્વરાજ્યની 10,005 બેઠકની એક જ તબક્કામાં 26 એપ્રિલે ચૂંટણી :28મીએ મતગણતરી, 4.18 કરોડ મતદાર; આજથી આચારસંહિતાનો અમલ શરૂ

• ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. 26મી એપ્રિલે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયત માટે મતદાન યોજાશે. 28મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. રાજ્યમાં ચૂંટણીની જાહેરાત થતા આજથી જ આદર્શ આચારસંહિતાનો અમલ થઈ ચૂક્યો છે.ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ માટે એક જ દિવસે 26મી એપ્રિલને રવિવારે મતદાન યોજાશે. મતદાન મથકો પર સવારે 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી મતદાન યોજાશે. જો કોઈ સ્થળે પુનઃ મતદાનની જરુર પડે તો 27 એપ્રિલે યોજાશે. 28મી એપ્રિલે તમામ સંસ્થાઓની મતગણતરી અને પરિણામ જાહેર કરાશે.

કટ બંધ

ટ્રાફિક સમસ્યા ઘટાડવા પોલીસ કમિશનર મેદાને

# શહેરમાં મુખ્ય જંક્શનના ડિવાઈડર કટ બંધ કરવાથી ટ્રાફિક સમસ્યા ઘટી, જી.એસ મલિકે કહ્યું 'ટ્રાફિકજામની ફરિયાદ ઓછી થઈ'

**પૂર્વ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હોવાના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે**

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સૌથી મોટી સમસ્યા ટ્રાફિકની થઈ રહી છે. ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હોવાના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ટ્રાફિક સમસ્યાને દૂર કરવા પોલીસ કમિશનર મેદાને ઉતર્યા છે. શહેરના વિવિધ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ દ્વારા મુખ્ય જંકશન પર કટ બંધ કરવામાં આવ્યા છે. આજે પૂર્વ વિસ્તારમાં હીરાવાડી ચાર રસ્તા પર પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થાનિકો સાથે મુલાકાત કરીને આ ડિવાઈડર કટ બંધ કરવાના કારણે ટ્રાફિકમાં કેટલો ફરક પડ્યો છે તેને લઈને ઉત્પરજ કરી હતી અને સ્થાનિકો પણ આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો હોવાને લઈને ટ્રાફિકમાં ઘણી મોટી રાહત મળી હોવાનું કહ્યું હતું. શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા મુખ્ય ચાર રસ્તા ઉપર બેરીકેટિંગ લગાવીને



કટ બંધ કરી દેવામાં આવ્યા છે જેની પોલીસ કમિશનર દ્વારા મુલાકાત લેવામાં આવી રહી છે, ત્યારે આજે શહેરના પૂર્વ વિસ્તારના હીરાવાડી જંકશન ખાતે પોલીસ કમિશનર પહોંચ્યા હતા.કટ બંધ કરવાથી કેટલો ફાયદો થાય છે તેને લઈને કમિશનરે ટ્રાફિક ડીસીપી અને પીઆઈ સાથે ચર્ચા વિચારણા કરી હતી. અને ત્યારબાદ ચાર રસ્તા ઉપર આવેલા દુકાનદારને પૂછ્યું હતું કે ટ્રાફિક બંધ કરવાના કારણે કેટલી રાહત રહે છે. ત્યારે સ્થાનિકોએ જણાવ્યું હતું કે આ ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યો એ પહેલા ટ્રાફિકમાં લોકો અડધા કલાક સુધી ફસાઈ રહેતા હતા. ડિવાઈડર કટ બંધ કરી દેવામાં આવ્યો છે જેના કારણે ટ્રાફિકમાં ખૂબ જ રાહત રહે છે 100 મીટર દૂર કરીને જવામાં અમને કોઈપણ પ્રકારનો વાંધો નથી. આ ડિવાઈડર બંધ કરવાના કારણે ખૂબ જ ફાયદો થઈ ગયો છે. ટ્રાફિક પોલીસ દ્વારા હીરાવાડી મુખ્ય ચાર રસ્તા છે તેનાથી 100 દૂર જે કટ આપવામાં આવેલો છે. ત્યાંથી વાહન ચાલકો જઈ શકે છે.ટ્રાફિક પોલીસ દ્વારા પૂર્વ વિસ્તારમાં હીરાવાડી મુખ્ય

### આ મુખ્ય જંક્શન પર ડિવાઈડર કટ બંધ

| | |
|---|---|
| પીરાણા જંકશન | હીરાવાડી ચાર રસ્તા |
| નારોલ કોઝી હોટલ | નાનાચિલોડા ચાર રસ્તા |
| નારોલ સર્કલ | ભાટ જંકશન |
| હાથીજણ સર્કલ | ગરીબનગર ચાર રસ્તા |
| કમોડ સર્કલ | ઈન્દિરા બ્રિજ સર્કલ |
| સીટીએમ ચાર રસ્તા | શેલા સર્કલ |
| હાટકેશ્વર સ્વસ્તિક ચાર રસ્તા | કર્ણાવતી ક્લબ |

ચાર રસ્તા બેરીકેડિંગ કરીને બંધ કરી દેવામાં આવ્યા છે.ઈજનેર વિભાગનું કામ ટ્રાફિક પોલીસ કરી રહી છેજ્યારે પણ રોડ બનાવવામાં આવે છે અને પ્લાનિંગ કરવામાં આવતું હોય છે, ત્યારે મુખ્ય ચાર રસ્તાઓ ઉપર આમને સામને અવરજવર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિવાઈડર બનાવવામાં આવતા નથી અને મુખ્ય જંકશન પર ચાર રસ્તા બનાવીને ત્યાં સર્કલ બનાવવામાં આવે છે.પરંતુ હવે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે મુખ્ય ચાર રસ્તાઓ જ બંધ કરી દેવામાં આવી રહ્યા છે. અને ટ્રાફિક ઈજનેર વિભાગનુ કામ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જે સર્કલો બનાવવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા અભિપ્રાય આપવામાં આવતા હતા અને સર્કલ બનાવવામાં આવે છે. પરંતુ હવે ટ્રાફિક પોલીસ દ્વારા જ આ વિસ્તારમાં બેરિકેડિંગ કરીને બંધ કરી દેવામાં આવે છે, જેના કારણે અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે પ્લાનિંગ કરીને ચાર રસ્તા પર ડિવાઈડર લગાવવા કે નહીં તેનું કામ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

હત્યાનો આરોપી પેરોલ પર બહાર આવી બન્યો બેફામ

# માધુપુરામાં હત્યાના આરોપીનો આતંક, પેરોલ પર છૂટીને મૃતકના જ પરિવારની કારમાં કરી તોડફોડ

તોડફોડ

અમદાવાદ શહેરના માધુપુરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઊડાવતી ઘટના સામે આવી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરના માધુપુરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઊડાવતી ઘટના સામે આવી છે. બે વર્ષ પહેલા જે પરિવારના દીકરાની હત્યા કરવામાં આવી હતી, તે જ પરિવારને નિશાન બનાવી હત્યાના મુખ્ય આરોપીએ જેલમાંથી બહાર આવતાની સાથે જ આતંક મચાવ્યો છે. જૂની અદાવતનો બદલો લેવા આરોપીએ પોતાના સાગરિતો સાથે મળી પીડિત પરિવારની કારમાં ભારે તોડફોડ કરી છે.

માધુપુરા વેપાર ભવન પાસે રહેતા જૈમીન ઠાકોરે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, તોડફોડ કરનારો મુખ્ય સૂત્રધાર કરણ રાજપૂત છે. કરણ અગાઉ આ જ પરિવારના એક યુવકની હત્યાના ગુનામાં સાબરમતી જેલમાં બંધ હતો અને હાલમાં જ તે પેરોલ પર



મુક્ત થયો છે. જેલમાંથી બહાર આવતા જ તેણે ફરીથી ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ગત 31મી માર્ચની રાત્રે જૈમીનનો પરિવાર ખાટુશ્યામ મંદિરેથી દર્શન કરીને પરત ફર્યો હતો. મોડી રાત્રે જ્યારે પરિવાર સૂતો હતો, ત્યારે એક્ટિવા પર આવેલા ત્રણ શખ્સો કરણ રાજપૂત, રાજ ઠાકોર અને દીપક ઠાકોરે જૈમીનના ઘરની બહાર પાર્ક કરેલી કાર પર હુમલો કર્યો હતો. આરોપીઓએ પાઈપ અને દંડા વડે કારના આગળ-પાછળના કાચ અને દરવાજા તોડી નાખ્યા હતા. વહેલી સવારે પરિવારે જ્યારે નુકસાન જોયું ત્યારે સમગ્ર મામલો સામે આવ્યો હતો.

આ સમગ્ર ઘટના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં આરોપીઓ સ્પષ્ટપણે તોડફોડ કરતા જોઈ શકાય છે. પીડિત પરિવારે આક્ષેપ કર્યો છે કે, આરોપી પેરોલ પર બહાર હોવા છતાં પોલીસનો કોઈ ડર રાખ્યા વગર સતત ધાક-ધમકી આપી રહ્યો છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ હવે સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહ્યા છે. માધુપુરા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી ફરાર થયેલા ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જેલમાંથી છૂટેલા ગુનેગારો દ્વારા ફરીથી આ જ પ્રકારે આતંક મચાવવામાં આવતા સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ઓફિસમાં ખેડૂતોનો હોબાળો: 'અમારા ખેતરમાં મંજૂરી વગર ઘૂસો છો, તો અમને ઓફિસમાં કેમ નથી ઘૂસવા દેતા?

• અમદાવાદ

ગુજરાતમાં ઉદ્યોગપતિઓ અને ખેડૂતો વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ લાગે છે. અમદાવાદ સ્થિત અદાણી ગ્રૂપની ઓફિસ આજે રણમેદાન બની ગઈ હતી. વીજલાઈન નાખવાના મુદ્દે ખેડૂતોની જમીનનો ઉપયોગ કરવાની વાતો વચ્ચે જ્યારે ખેડૂતો પોતાની રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે તેમને ઓફિસની અંદર પણ પ્રવેશવા ન દેવાતા ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

ખેડૂતોએ ઓફિસની બહાર સૂત્રોચ્ચાર કરતા સત્તાધીશો અને કંપનીના મેનેજમેન્ટને આડેહાથ લીધા હતા. એક લાચાર પણ આક્રમક ખેડૂતે મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, 'તમે જ્યારે વીજલાઈન નાખવા માટે અમારા ખેતરોમાં મંજૂરી વગર ઘૂસી જાઓ છો ત્યારે કોઈ નિયમો નથી નડતા? આજે જ્યારે તમે પોતે જ અમને વાંધા રજૂ કરવા માટે બોલાવ્યા છે, ત્યારે અમને તમારી ઓફિસના પગથિયાં પણ કેમ નથી ચઢવા દેવાતા?'

અદાણી ગ્રૂપ દ્વારા નવી હાઈ-




વોલ્ટેજ વીજલાઈન નાખવા માટે રાજ્યના અનેક વિસ્તારોમાંથી ખેડૂતોની ખેતીલાયક જમીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોનો આરોપ છે કે:

* જમીન પર ટાવર ઉભા કરતા પહેલા ખેડૂતોને યોગ્ય વળતરની જાણ કરવામાં નથી આવતી.
* ઉભા પાકને નુકસાન પહોંચાડીને બળજબરીપૂર્વક કામગીરી શરૂ કરી દેવાય છે.
* જ્યારે ખેડૂતો કાયદેસરની રજૂઆત કરવા આવે છે, ત્યારે સિક્યુરિટી અને પોલીસના જોરે તેમને દબાવવામાં આવે છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે નિયમ મુજબ કંપનીએ વાંધા સાંભળવા માટે ખેડૂતોને બોલાવ્યા હતા. પરંતુ ઓફિસના ગેટ પર પહોંચતા જ તેમને રોકી દેવામાં આવ્યા. ખેડૂતોએ સવાલ કર્યો કે જો રજૂઆત સાંભળવી જ નહોતી તો બોલાવ્યા જ કેમ? 'શું ઉદ્યોગપતિઓ માટે કાયદો અલગ છે અને ધરતીપુત્રો માટે અલગ?' તેવો સવાલ અત્યારે આખા ગુજરાતમાં ગૂંજી રહ્યો છે.

# રાજ્ય સરકારનો વટ હુકમ: જમીન વ્યવહારોમાં 135-Dની નોટિસ પ્રક્રિયામાં મોટો ફેરફાર

• ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા જમીન મહેસૂલ કાયદા હેઠળ સામાન્ય જનતાને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન ખરીદ-વેચાણ અને દસ્તાવેજી પ્રક્રિયામાં થતા વિલંબને રોકવા માટે સરકારે 135-Dની નોટિસ બજવણીના નિયમોમાં સુધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી રાજ્ય સરકાર વટ હુકમ જાહેર કરશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, અગાઉ દરેક વ્યવહારમાં 135-Dની નોટિસ બજાવવી ફરજિયાત હતી. આ પ્રક્રિયામાં વીડિયોગ્રાફી થતી હોવા છતાં લોકોએ ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ઘણીવાર જૂના વાંધાઓ રજૂ કરીને પ્રક્રિયાને ખોટી રીતે લંબાવવામાં આવતી હતી. ધારાસભ્યો અને વિવિધ સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને રાખીને સરકારે હવે આ નોટિસ બજવણીની પદ્ધતિમાં છૂટછાટ આપતો વટહુકમ બહાર પાડવાનો નિર્ણય લીધો છે. મુખ્ય ફેરફાર મુજબ, જો જમીનનો રેકોર્ડ એક વર્ષ કે તેથી ઓછા સમયનો હોય તો અગાઉ જે 30 દિવસનો નોટિસ પિરિયડ હતો તે ઘટાડીને હવે માત્ર 7 દિવસ કરી દેવામાં આવ્યો છે. આ ફેરફારથી ખરીદનાર અને વેચાણનાર બંને પક્ષોનો સમય બચશે. ગુજરાતમાં જમીન સંબંધિત તમામ વહીવટ 'ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, 1879' હેઠળ ચાલે છે. આ કાયદાની કલમ 135-D મુજબ, જ્યારે પણ જમીનના હકપત્રકમાં (7/12ના ઉતારામાં) કોઈ ફેરફાર કે નવી નોંધ પાડવામાં આવે ત્યારે હિત ધરાવતા તમામ પક્ષકારોને નોટિસ આપવી ફરજિયાત હોય છે. આ નોટિસનો મુખ્ય હેતુ પારદર્શિતા જાળવવાનો અને કોઈનો હક ડૂબે નહીં તે જોવાનો હતો. પરંતુ સમય જતાં આ કલમનો દુરુપયોગ વધ્યો હતો. લોકો ખોટા વાંધા ઉઠાવીને વર્ષો સુધી નોંધ પ્રમાણિત થવા દેતા નહોતા. જો કે, હવે નવા અભિગમથી 'ઈઝ ઓફ લિવિંગ' વધશે અને મહેસૂલી પ્રક્રિયા વધુ ઝડપી અને ભ્રષ્ટાચાર મુક્ત બનશે.

## રાજ્યમાં કૃષિ વિભાગમાં બઢતી સાથે મોટાપાયે બદલી:46 અધિકારીની ટ્રાન્સફર, 18ને મળ્યું પ્રમોશન; તાત્કાલિક નવા સ્થળે ફરજ સંભાળવા સૂચના



• ગાંધીનગર

રાજ્યમાં વધુ એક વિભાગમાં બઢતી સાથે બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા અધિકારીઓની બદલી અને બઢતી અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. વિભાગના અલગ અલગ એકમોમાં કાર્યરત કુલ 46 મદદનીશ ખેતી નિયામક વર્ગ-2ના અધિકારીઓની સામૂહિક બદલીઓ કરવામાં આવી છે. આ સાથે જ રાજ્યના ખેતી અધિકારી સંવર્ગના 18 કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે. આ બઢતી હેઠળ 18 ખેતી અધિકારીઓને ખેતી નિયામક તરીકે પ્રમોશન આપી નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. વિભાગ દ્વારા બઢતી સાથે બદલીના આદેશો જારી કરાતા વહીવટમાં વધુ ગતિ અને કાર્યક્ષમતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**'26 એપ્રિલે મતદાન, 28 એપ્રિલે નિર્ણય - ભ્રષ્ટાચારીઓ સાવધાન, હવે જનતા લેશે હિસાબ!'**

# 6 મહાનગરોમાં સત્તાનો 'મહા-સંગ્રામ': શું જનતા ભ્રષ્ટાચાર અને 'સેટિંગના ખેલ'નો હિસાબ માંગશે?

• (અમદાવાદ/રાજકોટ/સુરત)

ગુજરાતના 6 મુખ્ય મહાનગરો–અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર અને ભાવનગરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા 26 એપ્રિલે મતદાન અને 28 એપ્રિલે પરિણામની જાહેરાત સાથે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ન્યૂઝ પેપરના ગ્રાઉન્ડ રિપોર્ટ્સ અને લોકોમાં ચાલતી ચર્ચાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે આ વખતે ચૂંટણી માત્ર રસ્તા-પાણીના વાયદાઓ પર નહીં, પરંતુ 'વહીવટ' અને 'ભ્રષ્ટાચાર'ના મુદ્દા પર લડાશે.

મહાનગર મેટ્રોનો ગ્રાઉન્ડ ઝીરો રિપોર્ટ: આ 5 મુદ્દાઓ બનશે




ચૂંટણીના 'ગેમ ચેન્જર'

* ટેક્સના પૈસાનું 'ધોવાણ': અખબારોના પાનાઓ પર સતત છપાતી ખાડાવાળા રોડની સમસ્યા અને 'પ્રિ-મોન્સૂન' કામગીરીના નામે થતા ભ્રષ્ટાચારથી જનતા ત્રસ્ત છે. કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગત હવે લોકો માટે ચર્ચાનો વિષય બની છે.

અનધિકૃત બાંધકામો અને 'સેટિંગ': અમદાવાદ જેવા શહેરોમાં પોશ વિસ્તારોમાં ધમધમતા ગેરકાયદે સ્પા, જુગારધામો અને અનધિકૃત બાંધકામો સામે તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ પર જનતા આ વખતે સવાલ પૂછશે. 'હપ્તાખોરી' ના કાળા કારોબારનો અંત ક્યારે આવશે?

સ્માર્ટ સિટીના નામે 'શો-બાજી': સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ પાછળ અબજો રૂપિયા ખર્ચાયા હોવા છતાં, ગલીઓના ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા આજે પણ યથાવત છે. નાગરિકો હવે માત્ર સ્લોગન નહીં, પણ નક્કર સુવિધાની માંગ કરી રહ્યા છે.

* રખડતા ઢોરનો ત્રાસ: રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાં રખડતા ઢોરના કારણે થયેલા જીવલેણ અકસ્માતોએ તંત્રની પોલ ખોલી દીધી છે. શું આ વખતે જનતા પોતાના મત દ્વારા આ લાપરવાહીનો જવાબ આપશે?

* વહીવટી તંત્રમાં 'ઉધઈ': કોર્પોરેશનની કચેરીઓમાં ફાઈલ પાસ કરાવવા માટે થતી લેતી-દેતી અને સામાન્ય માણસની હાલાકી આ ચૂંટણીમાં સૌથી મોટો મુદ્દો બની રહેશે.

નેતાઓ ઘરે આવીને હાથ જોડશે અને વાયદાઓનો વરસાદ કરશે, પણ યાદ રાખજો–તમારો એક મત જ આ સિસ્ટમને બદલી શકે છે. જ્યારે મતદાન મથકે જાઓ, ત્યારે પક્ષ કે જાતિ જોયા વગર ઉમેદવારની પ્રામાણિકતા અને તેના વિઝનને પ્રાધાન્ય આપજો.

# હાંસોટમાં પરિક્રમાવાસીનો આતંક: નિર્દોષ બાઈક સવાર પર ત્રિશૂળથી હુમલો કરી બાઈક લૂંટી

• હાંસોટ

ભરૂચ જિલ્લાના હાંસોટમાં નર્મદા પરિક્રમા કરી રહેલા એક શખસે રસ્તા પરથી પસાર થતા એક નિર્દોષ બાઈક ચાલક પર ઓચિંતા ત્રિશૂળ વડે હુમલો કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, હાંસોટના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલક પર સામેથી આવતા એક પરિક્રમાવાસીએ કોઈ પણ ઉશ્કેરણી વગર અચાનક ત્રિશૂળ વડે ઉપરાછાપરી પ્રહાર કર્યા હતા. હુમલો એટલો જોરદાર હતો કે ચાલક કંઈ સમજે તે પહેલા જ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયો હતો. હુમલાખોરે માત્ર હુમલો જ ન કર્યો, પરંતુ ઈજાગ્રસ્તની બાઈક લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. રસ્તા પર હાજર રિક્ષાચાલક અને



અન્ય લોકો આ દ્રશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાને અંજામ આપીને ભાગી રહેલો હુમલાખોર આશરે 12 કિલોમીટર દૂર સાહોલ ગામ નજીક પહોંચ્યો હતો, જ્યાં તેનું બાઈક સ્લિપ થઈ જતા તે પણ ઈજાગ્રસ્ત થયો હતો. આ દરમિયાન સતર્ક બનેલી હાંસોટ પોલીસે ગણતરીના કલાકોમાં જ હુમલાખોરને દબોચી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં હુમલાખોર શખસ માનસિક રીતે અસ્વસ્થ હોવાનું જણાય રહ્યું છે.હાંસોટ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘાયલ બાઈક ચાલકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે પુરાવા એકત્રિત કરી કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

# અંકલેશ્વર GIDC બસ સ્ટેશન પરથી ભરૂચ LCB એ બેગમાં છુપાવેલા વિદેશી દારૂના જથ્થા સાથે સુરતના બે બુટલેગરોને ઝડપી પાડ્યા

• ભરૂચ/અંકલેશ્વર,

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે અંકલેશ્વર GIDC બસ સ્ટેશન વિસ્તારમાં વોચ ગોઠવી વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી દારૂની 91 નંગ બોટલો અને મોબાઈલ ફોન સહિત કુલ 96,900નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી વિગત અનુસાર, ભરૂચ LCBનો સ્ટાફ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે બે વ્યક્તિઓ વિદેશી દારૂનો જથ્થો ટ્રાવેલિંગ બેગમાં ભરીને GIDC બસ સ્ટેશન પાસે ઉભા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી શંકાસ્પદ જણાતા બે ઈસમોને આંતર્યા હતા.

**ટર્નઓવર** કોમોડિટી વાયદાઓમાં રૂ.31081.69 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.88450.98 કરોડનું ટર્નઓવર

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.293નો ઘટાડો: સોનાના વાયદામાં રૂપિયા 2281 અને ચાંદીના વાયદામાં રૂપિયા 839ની વૃદ્ધિ

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 19448.07 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 36505 પોઈન્ટના સ્તરે

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.119533.65 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.31081.69 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.88450.98 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 36505 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3110.37 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 19448.07 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.149460ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.149601 અને નીચામાં રૂ.148550ના મથાળે અથડાઈ, રૂ.146919ના આગલા બંધ સામે રૂ.2281 વધી રૂ.149200 થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ




વાયદો 8 ગ્રામદીઠ રૂ.1627 વધી રૂ.121621ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.202 વધી રૂ.15238ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.2159 વધી રૂ.149850ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.150000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.151725 અને નીચામાં રૂ.149900ના સ્તરને સ્પર્શી, રૂ.149605ના આગલા બંધ સામે રૂ.1975 વધી રૂ.151580 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.239257ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.242498 અને નીચામાં રૂ.238501ના મથાળે અથડાઈ, રૂ.240892ના આગલા બંધ સામે રૂ.839 વધી રૂ.241731ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.1113 વધી રૂ.244846ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.1125 વધી રૂ.245011ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 2345.22 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.1.7 વધી રૂ.1165.4ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.1.55 વધી રૂ.321ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.2.95 વધી રૂ.353.55ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 10 પૈસા વધી રૂ.195.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 9277.14 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4852ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5540 અને નીચામાં રૂ.4850ના સ્તરને સ્પર્શી, રૂ.407 વધી રૂ.5491 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.9675ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9844 અને નીચામાં રૂ.9029ના મથાળે અથડાઈ, રૂ.9567ના આગલા બંધ સામે રૂ.293 ઘટી રૂ.9274 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.291 ઘટી રૂ.9272ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.5 ઘટી રૂ.269.3 થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.5 ઘટી રૂ.269.3ના સ્તરે પહોંચ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.1050ના ભાવે ખૂલી, 10 પૈસા ઘટી રૂ.1043.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.1030 વધી રૂ.27030ના ભાવે બોલાયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.2430ના ભાવે ખૂલી, રૂ.3 વધી રૂ.2462 થયો હતો.કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 13476.96 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 5971.11 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 1379.72 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 731.92 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 11.61 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 221.97 કરોડનાં કામકાજ થયાં હતાં.

ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ

# પોરબંદર જિલ્લાના ખેડુતો માટે સરકારની વિવિધ સહાય યોજના શરૂ - આઈ ખેડૂત પોર્ટલ-૨.૦ ખુલ્લું

**સહાય યોજના** ખેડુતો માટે ૨૬/૦૪/૨૦૨૬ સુધી ૯૫ જેટલા ઘટકોમાં ઓનલાઈન અરજી કરવાની તક

• ગોસા(ઘેડ)તા.૦૧

ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયમાં બાગાયતી ખેતીના વિકાસ માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭માં પોરબંદર જિલ્લાના ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ હેઠળ ૯૫ જેટલા ઘટકોમાં અરજીઓ કરવા નવીન આઈ ખેડુત પોર્ટલ-૨.૦ તારીખ ૨૭/૦૩/૨૦૨૬ થી ૨૬/૦૪/૨૦૨૬ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. આઈ ખેડુત પોર્ટલ પર વિવિધ ઘટકો જેવાકે કૃષિ યાંત્રિક ને પ્રોત્સાહન કરવાનો કાર્યક્રમ, મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ), કાચા મંડપ, પાકા મંડપ-અને અર્ધ પાકા મંડપ, આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે સહાય, ફુટ કવર, કોપ કવર, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન, પપૈયા- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, ખેતર પરના ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમ ઉભા કરવા સહાય, નાળીયેરી વાવેતર વિસ્તાર સહાય, બાગાયત મૂલ્યવર્ધન એકમ ઉભા કરવા સહાય, આંબા તથા જામફળ- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ,કેળ (ટીસ્યુ)- ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ) ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, સરગવાની ખેતીમાં સહાય, વેલાવાળા શાકભાજીપાક માટે ટીસ્યુકલ્ચરથી ઉત્પન્ન થયેલ પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય, ધનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો-આંબા, જામફળ, દાડમ, લીંબુ માટે, ઔષધિય સુંગધિત પાકોના માટે નવા ડીસ્ટીલેશન યુનિટ, ડ્રીપ




ઈરીગેશન માટે પાણીના ટાંકા, બાગાયતી પાકના પોસેસીંગના નવા યુનિટ માટે સહાય, કેળ (ટીસ્યુ). હાઈબ્રીડ શાકભાજી. છુટા ફુલો, મધમાખી સહાય, જેવા ઘટકોમાં જિલ્લાના ખેડુતો મહત્તમ અરજી કરી શકે છે. નવી અરજી કરતાં પહેલા ખેડૂતોએ નવીન આઈ ખેડુત પોર્ટલ-૨.૦માં નોંધણી કરવી ફરજિયાત છે ત્યારબાદ લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકાશે તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજી ની પ્રિન્ટ લઈ ખેડુતોએ પોતાની પાસેજ રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ કલેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધિનક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી,પોરબંદર, પ્રથમ માળ, રૂમ, રૂમનં.20, જીલ્લા સેવા સદન-2, સાંદિપની રોડ, પોરબંદર ખાતે જમાં કરાવવા અને નવીન આઈ ખેડુત પોર્ટલ-૨.૦માં નોંધણી કરેલ તેમજ નવા નોંધણી થનાર ખેડુતોએ પોતાનું આધાર ઓથેન્ટીકેશન ફરજીયાત કરવા નાયબ બાગાયત નિયામકશ્રી પોરબંદરની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ભરૂચમાં ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ: 43 જિલ્લાઓમાં ટિકિટ વહેંચણી માટે કવાયત

• ભરૂચ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લા સહિત રાજ્યના 43 જિલ્લાઓમાં અંદાજે 10,500 થી વધુ બેઠકો પર ટિકિટ ફાળવણી માટે ગતરોજ નિરીક્ષકો દ્વારા 'સેન્સ' લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભરૂચમાં બે અલગ-અલગ સ્થળોએ આયોજિત આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં કાર્યકરો અને અગ્રણીઓએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

ભરૂચ શહેરના સ્ટેશન રોડ સ્થિત જીન્જર હોટલ ખાતે ભરૂચ તાલુકા પંચાયત, જંબુસર નગરપાલિકા અને તાલુકા પંચાયત, તેમજ આમોદ અને વાગરા તાલુકાના દાવેદારોને સાંભળવા માટે વિશેષ બેઠક યોજાઈ હતી. પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત નિરીક્ષકો ડૉ. જીવરાજ ચૌહાણ (પૂર્વ પ્રદેશ મહામંત્રી), નિખિલ પટેલ (પૂર્વ આઈ.ટી. સેલ પ્રમુખ) અને



પ્રતિમાબેન પરમાર (પ્રદેશ કારોબારી સભ્ય) એ વ્યક્તિગત રીતે દાવેદારો સાથે સંવાદ કરી તેમની રજૂઆતો સાંભળી હતી.આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ જણાવ્યું હતું કે, ઉમેદવારોની પસંદગીમાં પારદર્શિતા જળવાય તે માટે સંગઠન દ્વારા ખાસ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં દાવેદારની જનતામાં લોકપ્રિયતા, સંગઠનલક્ષી કાર્યોમાં તેમની સક્રિયતા અને બેઠક જીતવાની તેમની ક્ષમતાને મુખ્ય આધાર બનાવવામાં આવશે. ભરૂચ નગરપાલિકાના ઉમેદવારો માટેની સેન્સ પ્રક્રિયા સાંજના સમયે રાખવામાં આવી હતી, જેમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન જિલ્લા ભાજપ મહામંત્રી જીગ્નેશ મિસ્ત્રી, નરેન્દ્રસિંહ પરમાર, નિરલ પટેલ સહિતના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષકો દ્વારા એકત્રિત કરવામાં આવેલી વિગતો અને નામોની પેનલ હવે પ્રદેશ કક્ષાએ મોકલવામાં આવશે. ત્યારબાદ આગામી દિવસોમાં પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા તબક્કાવાર રીતે સત્તાવાર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે.

# પાનોલી પાસે નેશનલ હાઈવે 48 પર મટીરિયલ ભરેલો ટેમ્પો પલટી ગયો: ચાલકનો આબાદ બચાવ

• અંકલેશ્વર

અંકલેશ્વરના પાનોલી વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે 48 પર ગતરોજ એક મટીરિયલ ભરેલો ટેમ્પો અચાનક બેકાબૂ થઈ પલટી ગયો હતો. આ અકસ્માતમાં સદનસીબે ચાલકનો આબાદ બચાવ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાનોલી જીઆઈડીસી વિસ્તારમાંથી મટીરિયલ ભરીને એક ટેમ્પો હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પી.આઈ. કંપની પાસે ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો રોડની વચ્ચે જ પલટી મારી ગયો હતો. અકસ્માતને પગલે ટેમ્પામાં ભરેલું મટીરિયલ માર્ગ પર વેરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટના સ્થળે દોડી આવેલા લોકોએ ટેમ્પા ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો, જેને કોઈ ગંભીર ઈજા થઈ ન હતી.હાઈવે જેવી વ્યસ્ત જગ્યાએ ટેમ્પો પલટી જતાં રોડની એક બાજુ સંપૂર્ણપણે બ્લોક થઈ ગઈ હતી, જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે ત્વરિત



કાર્યવાહી હાથ ધરી ક્રેનની મદદથી પલટી ગયેલા ટેમ્પાને રસ્તા પરથી ખસેડી બાજુ પર કર્યો હતો. માર્ગ પર વેરાયેલું મટીરિયલ હટાવી વાહનવ્યવહાર પુનઃ કાર્યરત કરવા માટે પોલીસે જહેમત ઉઠાવી હતી.

# વાલિયામાં GEB કોલોની પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત; ઉભેલી ટ્રક પાછળ મિક્સર ટ્રક ઘૂસી ગઇ



• વાલિયા

વાલિયા-નેત્રંગ માર્ગ પર આવેલ જી.ઇ.બી. (GEB) કોલોની સામે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. લાકડા ભરેલી ઉભેલી ટ્રકની પાછળ કોન્ક્રીટ મિક્સર ટ્રક ધડાકાભેર અથડાતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આ ભયાનક અકસ્માતમાં મિક્સર ટ્રકના ચાલકનો આબાદ બચાવ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાથી બે કોન્ક્રીટ મિક્સર ટ્રકો મહારાષ્ટ્રના ધુલિયા જવા માટે નીકળી હતી. અંકલેશ્વર થઈને વાલિયા-નેત્રંગ હાઈવે પરથી પસાર થતી વખતે અકસ્માત નડ્યો હતો. વાલિયા ગામની GEB કોલોની સામે માર્ગની સાઈડમાં લાકડા ભરેલી એક ટ્રક ઉભી હતી, જેની પાછળ એક મિક્સર ટ્રકના ચાલકે કાબૂ ગુમાવતા ટ્રક પાછળના ભાગે ધડાકાભેર ભટકાઈ હતી.

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.એ બાતમીના આધારે વોચ ગોઠવી ટાટા હેક્સા કારમાંથી ૧૧૫ બોટલ દારૂ કબજે કર્યો

# જેતપુરમાં કારમાં 'ચોરખાનું' બનાવી વિદેશી દારૂની હેરાફેરી સુરતના બે શખ્સો રૂ. ૮.૮૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

• જેતપુર

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં દારૂ-જુગારની બદી નાબૂદ કરવા માટે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે જેતપુર શહેર વિસ્તારમાં ફિલ્મી ઢબે દારૂની હેરાફેરી કરતા સુરતના બે શખ્સોને લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. આરોપીઓએ લક્ઝરી કારમાં ખાસ ગુપ્ત ખાનું (ચોરખાનું) બનાવી દારૂ છુપાવ્યો હતો, પરંતુ પોલીસની બાજ નજરથી બચી શક્યા નહોતા.એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, સુરત પાસિંગની એક ટાટા હેક્સા કાર (નંબર GJ-05-RD-1987) માં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે જેતપુર વિસ્તારમાં વોચ ગોઠવી કારને અટકાવી તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.કારમાં તપાસ કરતા સીટ નીચે અથવા અન્ય ભાગે ખાસ ચોરખાનું બનાવેલું જોવા મળ્યું



હતું. જેમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ. તથા ૭૦૦ એમ.એલ. ની કુલ ૧૧૫ બોટલો કિંમત રૂ. ૪,૨૯,૫૨૦/- મળી આવી હતી. પોલીસે દારૂ ઉપરાંત રૂ. ૪ લાખની કાર, ૩ મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. ૮,૮૬,૯૨૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે આ મામલે (૧) જયેશભાઈ રવજીભાઈ ઠુમ્મર (રહે. યોગીચોક, સુરત) અને (૨) હિતેશભાઈ ખોડાલાલ પટેલ (રહે. સ્વામીનારાયણ ગ્રીન સીટી, સુરત) ની ધરપકડ કરી છે. આરોપી હિતેશ અગાઉ પણ સુરતના કાપોદ્રા પોલીસ મથકે પ્રોહિબિશનના બે ગુનામાં નોંધાઈ ચૂક્યો છે. આ જથ્થો જેતપુરના વેકરિયા નગરના સાગર વિનુભાઈ વૈષ્ણવ નામના શખ્સે મંગાવ્યો હોવાનું ખુલતા પોલીસે તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રૂપિયો રગડાયો કે વિકાસ દોડ્યો? 1947થી 2026 સુધીની ડોલર સામે રૂપિયાની સફર

## આઝાદીના 67 વર્ષ વિરુદ્ધ મોદી શાસનના 12 વર્ષ: આંકડાની માયાજાળમાં ફસાયેલું અર્થતંત્ર

• અમદાવાદ

ભારતની આઝાદીથી લઈને અત્યાર સુધીના 79 વર્ષના ઈતિહાસમાં દેશના ચલણ 'રૂપિયા'એ અનેક ઉતાર-ચઢાવ જોયા છે. રાજકીય મંચ પરથી વારંવાર થતા દાવાઓ અને વચનો વચ્ચે જ્યારે આપણે આંકડાકીય હકીકતો પર નજર કરીએ છીએ, ત્યારે એક ચોંકાવનારું ચિત્ર સામે આવે છે. 1947માં મજબૂત દેખાતો રૂપિયો આજે 2026માં ક્યાં આવીને ઉભો છે? ચાલો સમજીએ આર્થિક ગણિતની નજરે.

જ્યારે દેશ આઝાદ થયો ત્યારે 1 ડોલરની કિંમત અંદાજે 3.30 રૂપિયા હતી. ત્યાંથી લઈને વર્ષ 2014 સુધી, એટલે કે 67 વર્ષના શાસનકાળ દરમિયાન દેશમાં અનેક સરકારો આવી અને ગઈ. * મનમોહન સિંહનો વિદાય કાળ: 2014માં જ્યારે યુપીએ સરકારે સત્તા છોડી, ત્યારે 1 ડોલરની કિંમત 58.50 રૂપિયા હતી.

* 67 વર્ષનો હિસાબ: આ લાંબા ગાળામાં રૂપિયાના મૂલ્યમાં કુલ 55.20 રૂપિયાનો ઘટાડો (વધારો) થયો. સરેરાશ કાઢીએ તો અગાઉની સરકારોના શાસનમાં દર વર્ષે અંદાજે 1.14 રૂપિયાનો વધારો ડોલર સામે જોવા મળ્યો હતો. મોદી શાસનના 12 વર્ષ: શું બદલાયું? 26 મે 2014ના રોજ જ્યારે નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે ડોલરનો ભાવ 58.50 રૂપિયા હતો. 'અચ્છે દિન' અને 'રૂપિયાને મજબૂત કરવાના' વચનો સાથે આવેલી સરકારે 12 વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. * વર્તમાન સ્થિતિ (2026): આજે 1 ડોલરની કિંમત અંદાજે 95 રૂપિયા સુધી પહોંચી ગઈ છે. * 12 વર્ષનો વધારો: મોદી સરકારના શાસનમાં ડોલર સામે રૂપિયો 36.50 રૂપિયા જેટલો ગગડ્યો છે. ગણિતનું વિશ્લેષણ: ત્રણ ગણી ઝડપ? જો આપણે વાર્ષિક સરેરાશની સરખામણી કરીએ તો આંકડા કંઈક આવું કહે છે: *અગાઉની સરકારો (67 વર્ષ): વાર્ષિક સરેરાશ વધારો 1.14. * મોદી સરકાર (12 વર્ષ): વાર્ષિક સરેરાશ વધારો અંદાજે 3.04. આમ, અગાઉની સરકારોની સરખામણીએ વર્તમાન શાસનમાં રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાની ગતિ લગભગ ત્રણ ગણી ઝડપી રહી છે.

# 'ગોત્રી સિનિયર સિટીઝન મંડળે જન્મોત્સવ અને વાર્ષિક સાધારણ સભા આયોજિત કરી

ઘનશ્યામભાઈ રાવ સિનિયર સિટીઝન મારફત મંડળે પોતાના નવનિર્મિત ભવન માં વાર્ષિક સાધારણ સભા અને જન્મોત્સવ આયોજિત કરી મંડળ ના પ્રમુખ કનુભાઈ પટેલે ઉપસ્થિત સદસ્યોં નું શાબ્દિક સ્વાગત કર્યું. કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના થી થઈ ત્યારબાદ મંડળ ના અવસાન પામેલા દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા માં આવી હતી. મહામંત્રી કૌશિકભાઈ જોશી એ ગત વર્ષ નો અહેવાલ તેમજ વર્ષ નો હિસાબ રજુ કરી બહાલી મેળવી હતી. ઉપપ્રમુખ અજીતભાઈ વાઘેલા એ ગત વર્ષ માં. થયેલ કાર્યકર્મો ની રૂપરેખા આપી. નવનિર્મિત ભવન માટે દાન આપનાર સોંનો આભાર વ્યક્ત કર્યો. માર્ચ માં જન્મેલા 6 સદસ્યોને પુષ્પગુંચ્છ અર્પણ કરી ભાવભર્યું સન્માન કર્યું હતું.

નિષ્કર્ષ: વિકાસ એટલે શું?

### બનાસકાંઠા: ઈતિહાસના પાને રાજીવ ગાંધીના માનવતાવાદી અભિગમની અમર ગાથા

# વિકાસ માત્ર પ્રોજેક્ટ્સમાં નહીં, લોકોની પીડા સમજવામાં છે: રાજીવ ગાંધીની એ ઐતિહાસિક મુલાકાતોનો ચિતાર

## ત્વરિત નિર્ણય: રાજીવ ગાંધીએ આ વાત સાંભળી અને સ્થળ પર જ આદેશ આપ્યા

• બનાસકાંઠા

તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા બનાસકાંઠામાં કોંગ્રેસના શાસનકાળ દરમિયાન વિકાસના અભાવ અંગે જે પ્રહારો કરવામાં આવ્યા, તે ચર્ચાનો વિષય બન્યા છે. રાજકીય નિવેદનબાજી પોતાની જગ્યાએ હોઈ શકે, પરંતુ ઈતિહાસના પાનાં ફેરવતા એક અલગ જ ચિત્ર ઉપસે છે. બનાસકાંઠાની તરસતી ધરતી અને અહીંના લોકો પ્રત્યે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીનું જે જોડાણ હતું, તે આજે પણ અનેક વડીલોની આંખોમાં જીવંત છે.

૧૯૮૭નો એ ભયાનક દુષ્કાળ અને એક સંવેદનશીલ નેતા

વર્ષ ૧૯૮૭માં જ્યારે બનાસકાંઠામાં આસમાનમાંથી આફત વરસી રહી હતી–એ આફત હતી 'દુષ્કાળ'. પાણીના ટીપે-ટીપા માટે લોકો વલખાં મારતા હતા અને પશુઓ ઘાસચારા વગર દમ તોડી રહ્યા હતા. આ કપરા સમયે તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધી માત્ર દિલ્હી બેસી રહ્યા નહોતા. તેમણે ૨ જૂન ૧૯૮૭ અને ૨૨ સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોની મુલાકાત લીધી હતી.



પ્રોટોકોલ તોડીને જનતાની વચ્ચે: જીપ હંકારતા રાજીવ ગાંધી

રાજીવ ગાંધીની એ મુલાકાતો માત્ર સરકારી આંકડા મેળવવા પૂરતી નહોતી. દિયોદર, વાવ, થરાદ અને રાધનપુર જેવા વિસ્તારોમાં તેઓ ઘણીવાર સુરક્ષાના પ્રોટોકોલ બાજુ પર મૂકી પોતે જ જીપ હંકારી ગામડાઓમાં પહોંચી જતા.

* સણાવ ગામનો એ કિસ્સો: સણાવ ગામે રાજીવ ગાંધી અધિકારીઓ કે પત્રકારોના મોટા કાફલા વગર, માત્ર એક કેમેરા ટીમ સાથે પહોંચી ગયા હતા. જ્યારે અધિકારીઓ તેમને શોધી રહ્યા હતા, ત્યારે દેશનો વડાપ્રધાન સામાન્ય ગ્રામજનો વચ્ચે બેસી તેમની તકલીફો સાંભળી રહ્યો હતો.

ઝઝામ ગામ: ૧૫ કિમી દૂર પાકિસ્તાન અને ૨૪ કલાકમાં મળેલી જીવનરેખા

સાંતલપુર તાલુકાના સરહદી ગામ 'ઝઝામ'ની ઘટના આજે પણ વિકાસના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે. પાકિસ્તાન બોર્ડરથી માત્ર ૧૫ કિમી દૂર આ ગામમાં આરોગ્યની સુવિધા નહોતી. લોકોએ રજૂઆત કરી કે બીમારીના સમયે ડોક્ટરને બોલાવવા માટે કોઈ જ સાધન નથી.

» ત્વરિત નિર્ણય: રાજીવ ગાંધીએ આ વાત સાંભળી અને સ્થળ પર જ આદેશ આપ્યા. જોતજોતામાં ૨૨ કિમી લાંબી લાઈન નાંખવાની કામગીરી શરૂ થઈ અને માત્ર ૧૮૦ રૂપિયાના વાર્ષિક ભાડા પર ગામને ૨૪ કલાક કાર્યરત ટેલિફોન મળ્યો. આ માત્ર ટેકનોલોજી નહોતી, પણ સરહદી લોકો માટે જીવનરેખા હતી.

»

મુખ્યમંત્રીને સ્થળ પર જ સૂચનાઓ

તેમના પ્રવાસમાં પાલડી, લુવાણા, બોરૂ, સુઈગામ અને મલુપુર જેવા ગામોનો સમાવેશ થતો હતો. આ મુલાકાતો દરમિયાન તેઓ લોકોની માંગણીઓ સાંભળી તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીને તરત જ નિરાકરણ લાવવા સૂચના આપતા. શાસન જ્યારે સંવેદના સાથે જોડાય છે, ત્યારે કેવા પરિણામો મળે છે તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ હતું.

નિષ્કર્ષ: વિકાસ એટલે શું?

વિકાસ એટલે માત્ર મોટા રસ્તાઓ કે બિલ્ડીંગો જ નહીં, પરંતુ મુશ્કેલીના સમયે લોકોની વચ્ચે જઈને તેમના આંસુ લૂછવા અને પાયાની જરૂરિયાતો પૂરી કરવી. બનાસકાંઠામાં કોંગ્રેસે કશું જ કર્યું નથી એવો દાવો એ રાજીવ ગાંધીના એ પરસેવા અને લોકો સાથેના આત્મીય જોડાણનું અપમાન સમાન લાગે છે. ઈતિહાસ ગવાહ છે કે જ્યારે બનાસકાંઠા તરસ્યું હતું, ત્યારે દિલ્હીથી ચાલીને એક નેતા અહીંની ધૂળ ફાંટવા આવ્યો હતો.

### પોરબંદર શહેરમાં નગરપાલિકાના ભ્રષ્ટાચાર અને બેદરકારીના કારણે નાગરિકોમાં ભારે રોષ

# પોરબંદર નગરપાલિકાના હિસાબોમાં ગેરરીતિઓનો પર્દાફાશ કરતાં મનપા પ્રભારી દિનેશ માંડવીયા

**રાજકીય પ્રતિક્રિયા** મનપા પાસે દબાણ દૂર કરવાની કામગીરીનો તેમજ ખર્ચનો કોઈ હિસાબ નહી, માહિતી માંગેલ તેમાં ઓડિટમાં થયો મોટો ખુલાસો

• ગોસા(ઘેડ) તા.૦૧

પોરબંદર મહનગર પાલિકા પાસે દબાણ દૂર કર્યા અંગેનો કે તેમની કાર્યવાહી કરેલ તેનો ખર્ચ કે કોઈ રેકર્ડ નહી નીભવેલ હોવાનો બહુજન સમાજ પાર્ટી મનપા પ્રભારી એ ભાજપ સરકાર પર માછલાં ધોયા છે.

દિનેશ માંડવીયા આરટીઆઇ કરી મેળવેલી માહિતીમાં વિગતે જણાવ્યુ છે કે તંત્રના અણઘડ વહીવટી તંત્રના પોરબંદર શહેર મા અનેક જરૂરિયાતની પાયા ની સુવિધાઓ ઠગારી નીવડી છે અને નગર પાલિકાના ભ્રષ્ટાચાર સામે આવતા જાય છે.અને તેની સામે જનપ્રતિનિધિઓ લાજ કાઢીને ફરતા હોય તેવો અહેસાસ થાય છે જેના કારણે આમ જનતા પ્રશ્નો અને સમસ્યાઓની યતનાઓમાં પીસાતી રહે છે મનપા ના પ્રભારી વિનેશ માંડવીયા એ માગેલી આરટીઆઈ ની વિગતોમાં થયેલા ખુલાસામાં પોરબંદર છાયા નગરપાલિકાના વર્ષ ૨૦૨૪-૨૫(૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪) દરમિયાન થયેલ ઓડિટમાં ચોંકાવનારી ગેરરીતિઓ સામે આવી છે. સંસ્થાના હિસાબો અને ખાતાવહીની ચકાસણી દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં થયેલ ગેરકાયદેસર દબાણ, તેને દૂર કરવા માટે થયેલ ખર્ચ તથા દબાણકારો પાસેથી વસૂલ કરાયેલી રકમ અંગે કોઈ નોંધ કે વિગત મળતી નથી.બહુજન સમાજ પાર્ટીના મનપા પ્રભારી દિનેશ માંડવીયાએ માહિતી અધિકાર હેઠળ માંગેલી વિગતોના આધારે આ ઓડિટ નોંધ બહાર આવી છે, જેમાં સ્પષ્ટ થયું છે કે નગરપાલિકાએ દબાણ દૂર કરવાની કામગીરી અંગે નિયમ મુજબ રેકોર્ડ જાળવ્યો નથી. સરકારી જમીન રાજ્યની મહત્વપૂર્ણ સંપત્તિ ગણાય છે અને તેના પર ગેરકાયદેસર દબાણ અટકાવવા માટે સરકાર દ્વારા સમયાંતરે કડક સૂચનાઓ આપવામાં આવે છે. મહેસુલ વિભાગના તા.૦૮/૦૧/૧૯૮૦ના ઠરાવ મુજબ દબાણ દૂર કરવું મૂળભૂત ફરજ છે. તેમ છતાં પોરબંદર નગરપાલિકા દ્વારા આ દિશામાં જરૂરી કામગીરી કરવામાં આવી હોવાનો કોઈ પુરાવો ઓડિટમાં જોવા મળ્યો નથી. નગરપાલિકા વિસ્તારમાં દબાણ નિયંત્રણ માટે "દબાણ સેલ" રચવાની જોગવાઈ હોવા છતાં, દબાણ અંગેની કોઈ નોંધપોથી, રજિસ્ટર અથવા કાર્યવાહીનો પુરાવો ઉપલબ્ધ નથી. જેના કારણે કેટલું દબાણ દૂર થયું, કેટલું નવું દબાણ થયું અને દબાણ દૂર કરવા બદલ કેટલી વસૂલાત થઈ તેની ચકાસણી શક્ય બની નથી. ઓડિટમાં એ પણ સૂચવાયું છે કે નગરપાલિકાએ દબાણકારોના નામ, દબાણનો પ્રકાર, ક્ષેત્રફળ અને બજાર કિંમત વગેરેની વિગતો સાથેનું અદ્યતન રજિસ્ટર જાળવવું જોઈએ અને સમયાંતરે નોટિસ આપી જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. છતાં આ તમામ પ્રક્રિયાઓનો અમલ થયાનો કોઈ પુરાવો ઉપલબ્ધ નથી.બહુજન સમાજ પાર્ટીએ આ મુદ્દે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે નગરપાલિકાની બેદરકારીના કારણે શહેરના ગરીબ લોકોને નુકસાન સહન કરવું પડી રહ્યું છે. દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હોવા છતાં તેનો હિસાબ ન રાખવો ગંભીર બાબત છે.

પાર્ટીએ ચેતવણી આપી છે કે જો આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો તેઓ જનહિત માટે ઉચ્ચ ન્યાયપાલિકા સુધી લડત આપશે.

પોરબંદર શહેરમાં નગરપાલિકાના ભ્રષ્ટાચાર અને બેદરકારીના કારણે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોમાં આશા હતી કે મહાનગરપાલિકા બન્યા પછી સુવિધાઓમાં સુધારો આવશે, પોરબંદર ની જનતાને હતું કે સાંસદ મનસુખભાઈ ને કેન્દ્ર અને અર્જુનભાઈ રાજ્યમાં કેબિનેટ બન્યા પછી સુધારો અને વિકાસના કામો થશે.પરંતુ પરિસ્થિતિ દિવસેને દિવસે વણસી રહી છે.અને બન્ને મહોદય માત્ર મોટી મોટી વાતો કર્યા સિવાય કશું કરતા નથી તેમ બસપાના મનપાના પ્રભારી દિનેશ માંડવીયા જણાવ્યુ છે.

# સાયખા GIDC: ગેરકાયદે બોર્ડ અને ઝેરી પાણીના મુદ્દે મામલતદારને આવેદનપત્ર

• વાગરા

વાગરા તાલુકાના સાયખા અને વિલાયત GIDC વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અજ્ઞાત તત્વો દ્વારા લોકશાહીના ચીરેચીરા ઉડાડી જોહુકમી ચલાવવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના અગ્રણી દીપક પટેલ દ્વારા મામલતદારને આકરું આવેદનપત્ર પાઠવી વહીવટી તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવ્યા છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સાયખા GIDC વિસ્તારમાં કોઈ પણ સરકારી સહી, સિક્કા કે ઓર્ડર નંબર વગરના ગેરકાયદે બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. આ બોર્ડમાં પશુપાલકોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવાની સાથે, કોઈ પણ ઘટના બને તો તેની જવાબદારી પશુપાલકની રહેશે તેવી જોહુકમી ભરેલી શરતો લખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારમાં હજુ પણ 70% જમીન ખેતી હેઠળ છે અને પશુપાલન એ સ્થાનિકોની આજીવિકાનું મુખ્ય સાધન છે.



કોઈપણ પ્રકારની બાઉન્ડ્રી વોલ કે સુરક્ષા વ્યવસ્થા વગર આવા ફતવા બહાર પાડવા એ ગરીબ ગ્રામજનોને માનસિક રીતે ડરાવવાનું સુનિયોજિત કાવતરું હોવાનો આક્ષેપ કરાયો છે.

મામલો માત્ર જમીન કે બોર્ડ પૂરતો સીમિત નથી, પરંતુ સાયખા GIDCમાં ઉદ્યોગો દ્વારા પર્યાવરણના નિયમોના લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે. અનેક કંપનીઓ દ્વારા કેમિકલયુક્ત ઝેરી પાણી જાહેરમાં છોડીને જમીન અને ભૂગર્ભ જળને પ્રદૂષિત કરવામાં આવી રહ્યું છે. મીડિયામાં વારંવાર અહેવાલો પ્રસિદ્ધ થવા છતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં ન આવતા તંત્રની મિલીભગત હોવાની આશંકા સેવાઈ રહી છે.

સ્થાનિક જનતામાં ફેલાયેલા રોષને વાચા આપતા દીપક પટેલે જણાવ્યું હતું કે, જો સત્વરે આ ગેરકાયદે બોર્ડ હટાવવામાં નહીં આવે અને ઝેરી પાણી છોડતી કંપનીઓ સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પશુપાલકો અને ખેડૂતોને સાથે રાખી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# ન્યાયમાં વિલંબ એટલે અન્યાય: શું બળાત્કારીઓ માટે હવે 'ઝીરો ટોલરન્સ' નીતિ અનિવાર્ય છે?

આજે જ્યારે સમાજમાં મહિલાઓની સુરક્ષાને લઈને ચર્ચાઓ અને આક્રોશ ચરમસીમા પર છે, ત્યારે એક સવાલ સતત ગુંજી રહ્યો છે: શું આપણી ન્યાયિક વ્યવસ્થામાં બળાત્કારીઓ માટે પૂરતો ડર છે? સમાજમાં વધતા જતા જઘન્ય અપરાધોને જોતા, સામાન્ય નાગરિકોના મનમાં એક જ માંગ ઉઠી રહી છે - 'કાં તો એન્કાઉન્ટર કરો અથવા જાહેર ચોકમાં ફાંસી આપો.' ભારતીય કાયદાકીય પ્રક્રિયા લાંબી છે. બળાત્કાર જેવા ગંભીર કેસોમાં પણ ટ્રાયલ અને અપીલના ચક્કરમાં વર્ષો નીકળી જાય છે. પરિણામે, પીડિત પરિવારને ન્યાય માટે દાયકાઓ રાહ જોવી પડે છે, જ્યારે અપરાધી જેલના સળિયા પાછળ સુરક્ષિત અનુભવે છે. આ સ્થિતિ જનતાના આક્રોશનું મુખ્ય કારણ છે. લોકોનો તર્ક છે કે જેણે કોઈની આબરૂ અને જીવનની ધજિયાં ઉડાવી દીધી હોય, તેની સાથે માનવીય વ્યવહારની અપેક્ષા રાખવી તે પીડિત સાથે અન્યાય છે. 'એન્કાઉન્ટર' અને 'જાહેર ફાંસી' પાછળનો તર્ક:લોકો જ્યારે 'એન્કાઉન્ટર' અથવા 'જાહેર ફાંસી'ની માંગ કરે છે, ત્યારે તેનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર સજા નથી, પરંતુ 'દ્રષ્ટાંત' (Example) ઊભો કરવાનો છે. * ભયનું વાતાવરણ: ગુનેગારોના મનમાં કાયદાનો ડર હોવો જોઈએ, જે હાલમાં ઘટતો જઈ રહ્યો છે. * ત્વરિત ન્યાય: જો સજા તાત્કાલિક અને અત્યંત કઠોર હોય, તો તે સંભવિત અપરાધીઓ માટે ચેતવણી સમાન બની શકે છે. * જાહેર ફાંસી: નિષ્ણાતો માને છે કે જો આવા નરાધમોને સરેઆમ સજા આપવામાં આવે, તો તે સમાજમાં નૈતિક સંદેશ આપે છે અને માનસિકતા પર સીધી અસર કરે છે.કાયદો અને માનવ અધિકારનો પક્ષ: બીજી તરફ, લોકશાહીમાં 'કાયદાનું શાસન' (Rule of Law) સર્વોપરી છે. માનવ અધિકાર કાર્યકર્તાઓ અને કાયદાના જાણકારો દલીલ કરે છે કે જો પોલીસને 'એન્કાઉન્ટર'ની છૂટ આપવામાં આવે, તો તેનો દુરુપયોગ થવાની શક્યતા પણ રહેલી છે. ન્યાયી પ્રક્રિયા (Due Process) એ એક સભ્ય સમાજનો પાયો છે. પરંતુ, શું એ પાયો એટલો મજબૂત છે કે તે ગુનેગારોને સજા અપાવી શકે? કદાચ અહીં જ 'ઝીરો ટોલરન્સ' નીતિ અને ફાસ્ટ-ટ્રેક કોર્ટના કડક અમલીકરણની જરૂર છે. ગુજરાત જેવી સુરક્ષિત ગણાતી ધરા પર આવા બનાવો જરાય સ્વીકાર્ય નથી. ભલે આપણે કાયદાના માળખામાં રહીને કામ કરવું પડે, પરંતુ તે માળખું એટલું કઠોર હોવું જોઈએ કે ગુનેગાર ગુનો કરતા પહેલા સો વાર વિચાર કરે.

# યુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે અમદાવાદમાં વિશ્વશાંતિ માટે આર્ટ ઓફ લિવિંગ દ્વારા સુંદરકાંડ પાઠ






• અમદાવાદ

વિશ્વમાં હાલ ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હનુમાન જયંતિ નિમિત્તે, વિશ્વ શાંતિ માટે અમદાવાદ ખાતે વિશેષ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યક્રમ શ્રી શ્રી જ્ઞાનમંદિર, શિવરંજની વિસ્તારમાં યોજાશે. આ કાર્યક્રમ વિશ્વ પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા આયોજિત છે, જે માનસિક શાંતિ, આધ્યાત્મિક વિકાસ અને સામાજિક સુખાકારી માટે સતત કાર્યરત છે. સુંદરકાંડ પાઠ હનુમાનજીની ભક્તિ, શક્તિ અને નિષ્ઠાનું પ્રતિક છે. વર્તમાન વૈશ્વિક તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે, આ પાઠ દ્વારા વિશ્વમાં શાંતિ, સકારાત્મકતા અને માનવતા માટે પ્રાર્થના કરવામાં આવશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો અને નાગરિકો ભાગ લે તેવી અપેક્ષા છે. કાર્યક્રમની વિગતો: તારીખ: ૨ એપ્રિલ (ગુરુવાર) સ્થળ: શ્રી શ્રી જ્ઞાનમંદિર, શિવરંજની, અમદાવાદ સમય: સાંજે ૬:૩૦ વાગ્યાથી આ અવસર પર શહેરના તમામ નાગરિકોને ઉપસ્થિત રહીને આ પવિત્ર કાર્યક્રમનો લાભ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

### પત્ની સરપંચ, પતિ લૂંટારૂ! 1500 વર્ષ જૂની મૂર્તિની લૂંટનો પર્દાફાશ

# ગુજરાત પોલીસની ફિલ્મી સ્ટાઈલ કાર્યવાહી: એક SMS અને રાજસ્થાનના ગામડામાંથી પકડાયો આરોપી

• વિસનગર/અમદાવાદ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત અમલીકરણ વચ્ચે, વિસનગરના ઉમતા ગામે બનેલી ચોંકાવનારી ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. ૧૫૦૦ વર્ષ જૂની પૌરાણિક મૂર્તિની લૂંટ અને ત્યારબાદ ગુજરાત પોલીસની 'ફિલ્મી સ્ટાઈલ' તપાસની કહાની કોઈ ક્રાઈમ થ્રિલર ફિલ્મથી ઓછી નથી. 'ક્રાઈમ સ્પોટ' શ્રેણીના આજના અહેવાલમાં જાણીએ આ ગુનાની અંદરની વાત.

વિસનગરના ઉમતા ગામમાં આવેલા જૈન દેરાસરને રાત્રિના અંધકારમાં ૭ થી ૮ લૂંટારુઓએ નિશાન બનાવ્યું હતું. આ ટોળકીએ અતિ સુરક્ષિત ગણાતા દેરાસરમાં ઘૂસીને ફરજ પરના બે ચોકીદારોને નિર્દયતાથી માર માર્યો હતો અને ૧૫૦૦ વર્ષ જૂની મૂલ્યવાન 'ચક્રેશ્વરી માતાજી'ની મૂર્તિની ચોરી કરી હતી. આ ઘટનાને પગલે જૈન સમાજમાં ભારે આક્રોશ અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

એક SMS અને તપાસનો વળાંક

ઘટનાસ્થળેથી પોલીસને કોઈ ખાસ કડી મળી નહોતી, પરંતુ પોલીસની સતર્કતા કામે લાગી. તપાસ દરમિયાન એક શંકાસ્પદ વ્યક્તિના મોબાઈલમાંથી મળેલો એક સામાન્ય SMS પોલીસ માટે 'ગોલ્ડન કડી' સાબિત થયો. આ મેસેજની ટેકનિકલ તપાસ કરતા લોકેશન રાજસ્થાનના એક અંતરિયાળ ગામનું મળ્યું.

રાજસ્થાનમાં પોલીસની 'ફિલ્મી' એન્ટ્રી

પોલીસે જ્યારે આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું ત્યારે ખબર પડી કે આરોપી ત્યાં એક સામાન્ય વ્યક્તિ નથી, પરંતુ એક રાજકીય કદ ધરાવતા પરિવારનો સભ્ય છે. આશ્ચર્યજનક વાત એ છે કે, જેની ધરપકડ કરવાની હતી તેની પત્ની તે ગામની સરપંચ હતી.

પોલીસે તપાસમાં સાવચેતી રાખતા કોઈને પણ ભણક ન લાગે તે રીતે રાજસ્થાનમાં પ્રવેશ કર્યો. ફિલ્મી સ્ટાઈલમાં આયોજન કરી, જ્યારે લૂંટારૂ તેના ઘરના આંગણે જ હતો, ત્યારે ગુજરાત પોલીસે તેને આબાદ રીતે 'ઉઠાવી' લીધો. ગામલોકો કે આસપાસના લોકોને કંઈ સમજાય તે પહેલાં જ પોલીસ આરોપીને લઈને ગુજરાત રવાના થઈ ગઈ હતી.

ગુનાખોરીની કાળી સચ્ચાઈ

પૂછપરછ દરમિયાન જે વિગતો બહાર આવી તે ચોંકાવનારી હતી:

* આયોજન: લૂંટારૂએ આ મૂર્તિને વેચીને રાતોરાત અમીર બનવાનું સપનું જોયું હતું.

* બેવડું વ્યક્તિત્વ: એક તરફ પત્ની ગામની સરપંચ જેવી જવાબદાર પદ પર હતી, તો બીજી તરફ પતિ પૌરાણિક ધરોહરની લૂંટ કરવામાં વ્યસ્ત હતો.

* સાક્ષીઓની સ્થિતિ: બે ચોકીદારો પર હુમલો કરી તેમને ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી, જેથી તેઓ વધુ સમય સુધી અવરોધ ન બની શકે.

**તંત્રીની કલમે**

# ધર્મના નામે અધર્મ અને ન્યાયનું નગ્ન નર્તન

બિહારના નાલંદા જિલ્લાના અજયપુર ગામમાં ૨૬ માર્ચ ૨૦૨૬ની સાંજે જે ઘટના બની, તેણે માનવતાને લજ્જિત કરી દીધી છે. ૨૦ વર્ષની એક પરિણીત મહિલા, જે બે-ત્રણ બાળકોની માતા છે, તેની સાથે થયેલી અમાનવીયતા માત્ર એક ગુનો નથી, પણ આપણા સભ્ય ગણાતા સમાજના ચહેરા પર લાગેલો એક એવો કલંક છે જે ક્યારેય ભૂંસી શકાશે નહીં.

કથિત 'સંસ્કૃતિ રક્ષકો'ની વિકૃતિ

ઘટનાના મૂળમાં રહેલી 'મોરલ પોલિસિંગ'ની માનસિકતા ડરામણી છે. માત્ર એક શંકાને આધારે–કે મહિલા કોઈ પુરુષ સાથે જોવા મળી હતી–ત્રણ યુવકોએ પોતે જ ન્યાયાધીશ બની જઈને તેની ગરિમા લૂંટવાનો પ્રયાસ કર્યો. આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે આ આરોપીઓએ ગળામાં ભગવો ધારણ કર્યો હતો. ભગવો એ ત્યાગ અને પવિત્રતાનું પ્રતીક છે, પરંતુ આ નરાધમોએ તેનો ઉપયોગ પોતાની પાશવી વૃત્તિઓને છુપાવવા અને પોતાને 'ધાર્મિક' સાબિત કરવા માટે કર્યો. સત્ય એ છે કે ધાર્મિકતા કપડાંના રંગમાં નહીં, પણ સ્ત્રી પ્રત્યેના આદર અને આચરણમાં હોય છે.




વિકૃત માનસિકતા અને સોશિયલ મીડિયા

આરોપીઓએ માત્ર અત્યાચાર જ ન ગુજાર્યો, પણ આખી ઘટનાનો વીડિયો બનાવી તેને વાયરલ કર્યો. આ 'ટ્રોફી મેન્ટાલિટી' દર્શાવે છે કે ગુનેગારોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી. તેમને મન સ્ત્રીની ઈજ્જત એ માત્ર મનોરંજનનું સાધન બની ગઈ છે. મનોવૈજ્ઞાનિક રીતે જોઈએ તો, આ 'મોબ મેન્ટાલિટી' અને 'સેક્સ્યુઅલ એન્ટાઈટલમેન્ટ'નું પરિણામ છે, જ્યાં પુરુષ પોતાને સ્ત્રીનો માલિક માની બેસે છે.

૨૦૧૨ થી ૨૦૨૬: શું બદલાયું? નિર્ભયા કાંડ વખતે આખો દેશ રસ્તા પર ઉતરી આવ્યો હતો, પરંતુ છેલ્લા ૧૨ વર્ષોમાં આપણે શું મેળવ્યું? આજે બળાત્કારીઓ પેરોલ પર છૂટે છે, તેમનું જાહેર સન્માન થાય છે, અને કેટલીકવાર તો ન્યાયના નામે તેમને રાજકીય રક્ષણ પણ મળે છે. જ્યારે બળાત્કારીઓના સમર્થનમાં રેલીઓ નીકળતી હોય, ત્યારે ન્યાયની અપેક્ષા કોની પાસે રાખવી?

નિષ્કર્ષ

નાલંદાની આ ઘટના બિહારની કાયદો-વ્યવસ્થાની નિષ્ફળતા તો છે જ, પણ સાથે આપણા સામાજિક પતનની પણ સાક્ષી છે. જો ગુનેગારોને કઠોર સજા નહીં મળે અને સમાજ આવા 'ગુંડા-પોલીસો'ને છાવરવાનું બંધ નહીં કરે, તો આપણે સુરક્ષિત હોવાનો દાવો કરવાનો કોઈ હક નથી. યાદ રાખજો, જ્યારે અન્યાય સામે મૌન રહેવાય છે, ત્યારે તે મૌન પણ ગુનામાં ભાગીદારી જ ગણાય છે.

**પવન માકન**

**હોબાળો** ગુજરાત યુનિ.માં બનેલી નવી બિલ્ડિંગમાં તોડફોડ કરતા NSUIનો હોબાળો

# લેબની હાઈટ વધારવા બિલ્ડીંગનું આયુષ્ય ઘટાડ્યાનો આક્ષેપ, કુલપતિએ કહ્યું- 'પૂર્વ VCના સમયનું કામ'

## ધ્રુવ કમલ બિલ્ડિંગમાં લેબ બનાવવા માટે તોડફોડ કરવામાં આવતી હોવાનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે

• અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં અટલ કલામ સેન્ટર પાસે ધ્રુવ કમલ બિલ્ડિંગ બનાવવામાં આવી છે. જ્યાં લેબ બનાવવા માટે હાઈટ ઓછી પડતી હોવાથી નવી બિલ્ડિંગમાં તોડફોડ કરવામાં આવતી હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે. જેને લઈને NSUIના કાર્યકર્તાઓ દ્વારા કુલપતિની ઓફિસમાં ઘૂસીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. પહેલા બિલ્ડીંગ પછી બેઝમેન્ટ બનાવતા હોવાના પોસ્ટર સાથે NSUIના કાર્યકર્તાઓએ કુલપતિ વિરુદ્ધ ઉગ્ર નારા લગાવ્યા હતા. જો કે રિસર્ચ પાર્કમાં કરાયેલ તોડફોડથી સ્ટ્રક્ચરને કોઈ નુકસાન ના હોવાનો કુલપતિએ દાવો કર્યો છે. તેમજ બિલ્ડીંગ પૂર્વ કુલપતિના સમયમાં બન્યું હોવાથી મારી જવાબદારી ન હોવાનું કહી લૂલો બચાવ કર્યો હતો.

ધ્રુવ કમલ બિલ્ડિંગમાં લેબ બનાવવા માટે તોડફોડ કરવામાં આવતી હોવાનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ NSUIએ આક્ષેપ કર્યો છે કે, બિલ્ડિંગ બન્યા બાદ ખાડો ખોદીને લેબ બનાવવા હાઈટ વધારવામાં આવી રહી છે. જે માટે કરોડો રૂપિયાના પૈસાનો વેડફાટ



થઈ રહ્યો છે. બિલ્ડીંગ બનતા સમયે લેબ બનાવવા માટેની હાઈટનું ધ્યાન ન રાખતા કરોડો રૂપિયાનું બિલ્ડિંગ બન્યા બાદ પણ ગંભીર બેદરકારી દાખવી હોવાનો NSUIએ દાવો કર્યો છે. જેને લઈને કુલપતિ અને રજીસ્ટ્રાર એસી ઓફિસમાંથી બહાર નીકળો તેવા પોસ્ટર સાથે વિરોધ નોંધાવ્યો હતો. તેમજ જે અધિકારીઓએ બેદરકારી દાખવી છે તેની સામે કાર્યવાહી કરવાની માગ સાથે કુલપતિની ઓફિસમાં હોબાળો પણ કર્યો હતો.

જો કે કુલપતિની ઓફિસમાં ઘૂસવા જતા પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હતો. જે દરમિયાન પોલીસ અને NSUIના કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. જે અધિકારીઓએ બિલ્ડીંગ બનાવતા સમયે બેદરકારી દાખવી છે તેની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી NSUIના કાર્યકર્તાઓને વિરોધ કરી કુલપતિ પાસે માગ કરી હતી. તેમજ સ્લેબ તોડવાના કારણે બિલ્ડીંગની ઉંમર અડધી થઈ ગઈ હોવાનો પણ NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના રિસર્ચ પાર્કમાં કરાયેલી તોડફોડથી સ્ટ્રક્ચરને કોઈ નુકસાન ના હોવાનો કુલપતિ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને બે સ્પાનને તોડી નાખવાનું સમાન્ય લાગુ રહ્યું છે. બે સ્પાન અને ભોંય તળિયું તોડાયા હોવા છતાં સ્ટ્રક્ચરને અસર નહીં થવાનો દાવો કુલપતિ દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ લૂલો બચાવ કરતા કહ્યું કે, બિલ્ડિંગની ડિઝાઈન અને કામની શરૂઆત પૂર્વ કુલપતિના સમયે થઈ હતી જેથી તેની કોઈ જવાબદારી હું નહીં સ્વીકારું. બિલ્ડિંગના સ્ટ્રક્ચરને અસર થાય એવી તોડફોડ નથી થઈ હોવાનો દાવો પણ કુલપતિએ કર્યો છે.

NSUIના અમદાવાદ શહેર પ્રમુખ ચિરાગ દરજીએ જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા ધ્રુવ કમલ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું જેનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યાં લેબ ભણાવવા માટે હાઈટ 21 ફૂટના બદલે 12 ફૂટ રાખવામાં આવી હતી. જે બાદ ત્યાં તોડફોડ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. બિલ્ડીંગમાં ખોદકામ થતા જ તેનું આયુષ્ય પણ ઘટી ગયું છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે યુનિવર્સિટી રમી રહી છે જેથી બિલ્ડિંગને લોક મારી દેવામાં આવી તેવી અમારી માગ છે. બિલ્ડીંગ બન્યા બાદ જે પણ લોકોએ તોડફોડ શરૂ કરી હોય તેને સસ્પેન્ડ કરી દેવામાં આવે. બિલ્ડીંગ બન્યા બાદ પીલ્લર તોડીને બિલ્ડિંગનું આયુષ્ય ઘટાડી દેવામાં આવ્યું છે. તોડફોડ ન કરાતી હોવાના દાવા સાથે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, અત્યારે તોડવામાં આવ્યું નથી, પરંતુ આ પ્લાનિંગ છેલ્લા બે વર્ષથી ચાલી રહ્યું છે. ડિફેન્સ રિસર્ચ સિસ્ટમની એક લેબ તૈયાર થઈ રહી છે. ડિફેન્સ એક્સપર્ટ, સ્ટ્રક્ચરલ એન્જિનિયર અને IIT ખડકપુર તેમજ પુણેના જે મોટી સંસ્થાઓ છે તે જોડાયેલા છે. સરકારી ગ્રાન્ટના આધારે ડિફેન્સ રિસર્ચ મંજૂર કરવામાં આવી છે. એશિયામાં સૌ પ્રથમવાર તે બનવા માટે જઈ રહી છે. જેનું કામ ઓગસ્ટ કે સપ્ટેમ્બરથી ત્યાં ચાલી રહ્યું છે. અત્યારે કોઈ નવું કામ શરૂ કરવામાં આવ્યું તેવું નથી. અત્યારે તોડીને ફરી બનાવવામાં આવી રહી છે વાત તદન ખોટી છે.વધુમાં નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ ડીઝાઈનનો પાર્ટ છે અને અત્યારે છેલ્લા સ્ટેજ પર કામ ચાલી રહ્યું છે. એનાકોઈક ચેમ્બર જે નોઈડામાં તૈયાર થઈ રહ્યો છે જે લાવીને ફિક્સ કરવામાં આવશે. અવાજ અંદર કે બહાર ન જાય તેવી લેબ તૈયાર કરવામાં આવશે. આપણા સૈનિકોમાં કેવા પ્રેશર હોય છે.

# રોગ મટાડવાના નામે ધતિંગ કરતા ભુવાનો વિજ્ઞાન જાથાએ ભાંડાફોડ કર્યો

## જુવારના દાણા પીવડાવી રોગ મટાડવાનો અને વિધિના નામે લાખો રૂપિયા ખંખેરવાનો પર્દાફાશ

• અમદાવાદ

શહેરના નિકોલ વિસ્તારમાં અંધશ્રદ્ધા અને વહેમના જોરે નિર્દોષ લોકોને છેતરતા વધુ એક ભુવાનો 'ભારત જન વિજ્ઞાન જાથા'એ પર્દાફાશ કર્યો છે. નિકોલની અશ્વમેઘ સોસાયટીમાં માતાજીનો મઠ બનાવી, સંતાન પ્રાપ્તિ અને અસાધ્ય રોગો મટાડવાની લાલચ આપી લોકો પાસેથી લાખો રૂપિયા પડાવતા ભુવા રાજુભાઈ પ્રજાપતિ (જોટાણીયા)ના ૩૦ વર્ષ જૂના સામ્રાજ્યનો જાથાએ પોલીસની મદદથી અંત આણ્યો છે.મૂળ સૌરાષ્ટ્રના વિસાવદર પાસેના શાપર સુડાવડના વતની રાજુભાઈ




છગનભાઈ પ્રજાપતિ નિકોલમાં પોતાના ઘરે મઠ બનાવી દર મંગળવારે દરબાર ભરતા હતા. અહીં તેઓ સંતાન પ્રાપ્તિ માટે ઘોડિયાના પ્રતીકની બાધા રાખવી, રોગ મટાડવા માટે જુવારના દાણા પીવડાવવા અને લગ્ન ન થતા હોય તેવા યુવકોને ૨૪ દિવસની બાધા રાખવા જેવા ધતિંગ ચલાવતા હતા. આ વિધિ-વિધાન અને માનતાના નામે તે ૨૦૦૦ થી લઈને ૧ લાખ રૂપિયા સુધીની રકમ વસૂલતા હતા. છેલ્લા ૬ મહિનાથી મળેલી ફરિયાદોના આધારે વિજ્ઞાન જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાના માર્ગદર્શન હેઠળ એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી હતી. જાથાના સભ્યોએ ડમી ગ્રાહક બની ભુવાની મુલાકાત લીધી હતી. જેમાં ભુવાએ તેમને જુવારના દાણા પીવડાવી આશીર્વાદ આપ્યા હતા. પૂરતા પુરાવા અને વીડિયોગ્રાફી એકત્ર કર્યા બાદ, જાથાની ટીમે નિકોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ. વાઘેલા અને સ્ટાફના સહયોગથી મઠ પર દરોડો પાડ્યો હતો.

પોલીસ અને જાથાની ટીમને જોઈ ભુવો રાજુ પ્રજાપતિ ફફડી ઉઠ્યો હતો. તેણે લોકોની શ્રદ્ધા સાથે ખીલવાડ કરવાની અને દાણા જોવાની તમામ ગતિવિધિઓની કબૂલાત કરી હતી. જાથાએ ભવિષ્યમાં આવા કોઈ ગુનાહિત કૃત્યો ન કરવાની શરતે ભુવા પાસેથી લેખિત માફીપત્ર મેળવ્યું હતું અને તેનું ધતિંગ કેન્દ્ર કાયમ માટે બંધ કરાવ્યું હતું.

# ડભોઈ વધતા તાપમાન સાથે ઉનાળુ સાધનોના ભાવમાં ૨૦%નો ઉછાળો

## ગરમીથી આંખોના રક્ષણ માટે ચશ્મા અને માથાના રક્ષણ માટે ટોપીની ખરીદી દર વર્ષે તેજ રહેતી હોય છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ વધતા તાપમાન સાથે ઉનાળુ સાધનોના ભાવમાં ૨૦%નો ઉછાળો; બજારમાં મંદીનો માહોલ ડભોઈ સમગ્ર રાજ્ય સાથે ડભોઈ શહેરમાં પણ ગરમીનો પારો દિવસેને દિવસે આસમાને પહોંચી રહ્યો છે. કાળઝાળ ગરમીથી બચવા માટે લોકો અત્યારથી જ ટોપી, ચશ્મા અને રૂમાલ જેવા સાધનોનો સહારો લઈ રહ્યા છે. જોકે, આ વર્ષે મોંઘવારી અને આર્થિક મંદીની અસર સીધી બજાર પર જોવા મળી રહી છે, જેના કારણે વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છેવધતા ભાવ અને ઘટતી ઘરાકી સામાન્ય રીતે ઉનાળાની



શરૂઆત થતા જ બજારમાં ચશ્મા, ટોપી અને કોટન રૂમાલની ભારે માંગ જોવા મળતી હોય છે. ગરમીથી આંખોના રક્ષણ માટે ચશ્મા અને માથાના રક્ષણ માટે ટોપીની ખરીદી દર વર્ષે તેજ રહેતી હોય છે. પરંતુ આ વર્ષે પરિસ્થિતિ કંઈક અલગ છે ભાવ વધારો: ગત વર્ષની સરખામણીએ આ વર્ષે દરેક વસ્તુમાં અંદાજે ૨૦ ટકાનો વધારો નોંધાયો છેવેચાણમાં ઘટાડો: ભાવ વધારા અને આર્થિક મંદીના કારણે ગ્રાહકોની ભીડ બજારમાં ઓછી જોવા મળી રહી છે. ઉનાળો જામી ગયો હોવા છતાં દર વર્ષ જેવી રોનક બજારમાં દેખાતી નથી.

વેપારીઓનો મત: યુદ્ધ અને ટ્રાન્સપોર્ટ ખર્ચ જવાબદાર સ્થાનિક વેપારી નૂર મહંમદભાઈ ખત્રી (કુંભારવાડા) એ બજારની સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે: આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહે લા યુદ્ધની અસરોને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ધરખમ વધારો થયો છે. ટ્રાન્સપોર્ટ મોંઘું થતા દરેક માલ પર સીધો ૨૦ ટકા જેટલો ભાવ વધી ગયો છે. હાલ ઉનાળાની સીઝન શરૂ થઈ ગઈ હોવા છતાં, ઊંચા ભાવને કારણે ગ્રાહકો ખરીદી કરતા ખચકાઈ રહ્યા છે, જેના કારણે વેપારીઓને મંદીનો સામનો કરવો પડી રહ્યો છે લોકોની સ્થિતિ એક તરફ આકરો તાપ અને બીજી તરફ મોંઘવારી, સામાન્ય જનતા માટે આ ઉનાળો આકરો સાબિત થઈ રહ્યો છે. ગરમીથી બચવા માટે જે ચીજવસ્તુઓ અનિવાર્ય છે તેના માટે પણ લોકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડી રહી છે.

## રાશીફળ (તા.02-04-2026)

- **મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈને આવશે. કાર્યક્ષેત્રમાં તમારી ઊર્જા અને આત્મવિશ્વાસ વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક બનશે.
- **વૃષભ (બ.વ.ઉ)** આજે તમે માનસિક રીતે સંતુલિત અને સકારાત્મક અનુભવશો. પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા રહેશે. આર્થિક લાભ મળી શકે છે.
- **મિથુન (ક.છ.ઘ)** આજે તમારો સંવાદકૌશલ્ય તમારી સૌથી મોટી શક્તિ બનશે. કોઈ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં મળેલી સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા અવસરો માટે તૈયાર રહો.
- **કર્ક (ડ.હ)** આજે તમે ભાવનાત્મક રીતે થોડા સંવેદનશીલ રહી શકો છો. પરિવારનો સહકાર મળવાથી મન શાંત રહેશે. કારકિર્દીમાં નવી જવાબદારી મળી શકે છે જે આગળ જઈને લાભદાયક સાબિત થશે.
- **સિંહ (મ.ટ)** આજનો દિવસ આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. નોકરીમાં પ્રશંસા કે પ્રમોશન મળી શકે છે. વેપારીઓ માટે દિવસ અનુકૂળ છે. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલી શકાય છે.
- **કન્યા (પ.ઠ.ણ)** આજે તમારું ધ્યાન કામ પર વધારે રહેશે. અનુશાસન અને આયોજનથી કામ કરશો તો સફળતા નિશ્ચિત છે. આર્થિક સ્થિતિ સારી રહેશે, પરંતુ ખર્ચામાં વધારો થઈ શકે છે.
- **તુલા (ર.ત)** આજે સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. કોઈ નવા પ્રોજેક્ટ અથવા કામની શરૂઆત માટે દિવસ ઉત્તમ છે. મિત્રોથી સહકાર મળશે.
- **વૃશ્ચિક (ન.ય.)** આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં સાવધાની રાખો. આર્થિક લાભ મળી શકે છે, પરંતુ ખર્ચ પણ વધશે. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** આજનો દિવસ નવા અવસર અને સકારાત્મક બદલાવોથી ભરેલો રહેશે. પ્રવાસના યોગ શુભ છે અને લાભદાયી બનશે. વ્યવસાયમાં વિસ્તરણની યોજના સફળ થશે.
- **મકર (ખ.જ)** આજે કામની વ્યસ્તતા વધુ રહેશે. જવાબદારીઓ પૂરી કરવામાં સમય જશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવશે. આર્થિક મામલામાં સાવધાની રાખો.
- **કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારા વિચારોની સ્પષ્ટતા તમને ખાસ બનાવશે. કામની જગ્યા પર નવી યોજના બનેલી જોવા મળશે, જેમાં તમારી ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આર્થિક લાભ મળી શકે.
- **મીન (દ.ચ.ઝ.થ)** આજનો દિવસ આધ્યાત્મિકતા અને આત્મચિંતનનો રહેશે. મન શાંત રહેશે અને કામમાં વધુ ધ્યાન આપી શકશો. આર્થિક મામલામાં સુધારો થશે. પરિવાર સાથે સમય સારો પસાર થશે.

# પાખંડી 'કેપ્ટન બાબા'નો કાળો કરતૂત: 'હું શિવનો અવતાર, સંભોગ કર તો પવિત્ર થઈશ' કહી 150 મહિલાઓનું શોષણ

## SITની તપાસમાં ચોંકાવનારા ખુલાસા: 58 અશ્લીલ વીડિયો મળ્યા, નરબલિની આશંકાથી ખળભળાટ

• નાસિક / અમદાવાદ

આધ્યાત્મિકતા અને શ્રદ્ધાના નામે માનવતાને લજવતો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 'કેપ્ટન બાબા' તરીકે ઓળખાતા એક પાખંડીએ ભોળી મહિલાઓની મજબૂરીનો ફાયદો ઉઠાવી તેમને હવસનો શિકાર બનાવી છે. SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની તપાસમાં જે વિગતો બહાર આવી છે તે સાંભળીને ભલભલાના રુંવાડા ઉભા થઈ જાય તેમ છે. આ પાખંડી બાબા મહિલાઓને પવિત્ર કરવાના બહાને તેમની સાથે દુષ્કર્મ આચરતો હતો.

પીડિતાની આપવીતી: 'દીકરાની આશામાં નરકમાં ધકેલાઈ'

એક પીડિત મહિલાએ રડતા રડતા પોતાની વ્યથા ઠાલવી હતી કે, 'લગ્ન પછી સંતાન ન હોવાને કારણે સાસરિયાં ત્રાસ આપતા હતા. કોઈએ કેપ્ટન બાબાનું નામ આપ્યું. એપ્રિલ 2022થી ડિસેમ્બર 2024 સુધી હું તેની ઓફિસે જતી રહી. તેણે મને ખાતરી આપી હતી કે તાંત્રિક વિધિથી બધું ઠીક થઈ જશે, પણ વિધિના નામે તેણે મારું સર્વસ્વ લૂંટી લીધું.'

તપાસમાં મળેલા પુરાવાઓથી પોલીસ પણ સ્તબ્ધ

SIT ઓફિસરના જણાવ્યા અનુસાર, આ મામલો માત્ર જાતીય શોષણ પૂરતો સીમિત નથી. તપાસ દરમિયાન નીચે મુજબની ચોંકાવનારી બાબતો સામે આવી છે:

* અશ્લીલ ડેટા: બાબાના ઠેકાણેથી 58 જેટલા અશ્લીલ વીડિયો મળી આવ્યા છે, જેનો ઉપયોગ તે મહિલાઓને બ્લેકમેલ કરવા માટે કરતો હોવાની આશંકા છે.
* 150થી વધુ પીડિતો: અંદાજે 150 જેટલી મહિલાઓ આ પાખંડીની જાળમાં ફસાઈ હોવાનું અનુમાન છે.
* નરબલિની શંકા: SIT ઓફિસરે જણાવ્યું કે સર્ચ ઓપરેશન દરમિયાન કેટલીક એવી વસ્તુઓ અને વિગતો મળી છે જે 'નરબલિ' જેવી ભયાનક તાંત્રિક વિધિઓ તરફ ઈશારો કરે છે.

ધર્મના નામે ધતિંગ: 'હું શિવનો અવતાર છું'



આ નરાધમ પોતાની જાતને ભગવાન શિવનો અવતાર ગણાવતો હતો. તે મહિલાઓને કહેતો કે, 'તારામાં અશુદ્ધિ છે, મારી સાથે સંભોગ કરીશ તો જ તું પવિત્ર થઈશ અને તારા દુ:ખ દૂર થશે.' ભક્તિ અને આસ્થાના નામે આચરેલા આ અમાનવીય કૃત્યને કારણે સમગ્ર પંથકમાં રોષ ફેલાયો છે.

પાક્કો ગુજરાત સાવધ કરે છે:

શ્રદ્ધા રાખવી એ વ્યક્તિગત વિષય છે, પરંતુ અંધશ્રદ્ધામાં આવીને કોઈ પણ અજાણ્યા સાધુ-બાબા પર વિશ્વાસ ન મૂકો. જો તમારી આસપાસ આવી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ થતી હોય, તો તુરંત પોલીસનો સંપર્ક કરો.

# હનુમાન જયંતી: ભીતરના 'સંકટમોચન'ને જગાડવાનું પર્વ"

ચૈત્ર માસની એ પાવન પૂનમની રાત હતી. આકાશમાં ચંદ્ર તેની પૂર્ણ કળાએ ખીલેલો હતો. બરાબર એ જ સમયે પૃથ્વી પર એક અનોખા તેજનું આગમન થયું. હનુમાનજી માત્ર એક પૌરાણિક દેવતા નથી, પણ આપણી ભીતર દબાયેલા અસીમ સામર્થ્યને જગાડવાનું માધ્યમ છે. આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક યુવાન અને વિદ્યાર્થી માટે હનુમાનજી એક જીવંત પ્રેરણા છે. તેમની પાસે અજોડ બળ હોવા છતાં, તેઓ પ્રભુના ચરણોમાં સૌથી વધુ વિનમ્ર રહ્યા. આજના સમયમાં આ સૌથી મોટો પાઠ છે કે વિનમ્રતા વગરની તાકાત હંમેશા વિનાશ તરફ દોરી જાય છે. સાચો વીર એ જ છે જે શક્તિશાળી હોવા છતાં અહંકારથી મુક્ત રહે છે. હનુમાનજી એટલે શક્તિ અને ભક્તિનું એવું મિશ્રણ, જ્યાં બળ છે પણ અહંકાર નથી.આજના આધુનિક મેનેજમેન્ટ ગુરુ તરીકે પણ હનુમાનજી શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. સમુદ્ર ઓળંગતી વખતે રસ્તામાં અનેક અવરોધો આવ્યા, પણ હનુમાનજી શીખવે છે કે પરિસ્થિતિ પ્રમાણે બુદ્ધિ અને બળનો સચોટ ઉપયોગ કરવો એ જ સાચી સફળતા છે. પરિસ્થિતિ બદલાય પરંતુ લક્ષ્ય નહીં–આ જ હનુમાનજીની કાર્યશૈલી હતી. સમુદ્ર ઓળંગતી વખતે તેમણે થાક ખાવા માટે 'મેનાક પર્વત'ના આગ્રહને ઠુકરાવ્યો હતો. આ પ્રસંગ આપણને શીખવે છે કે લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આરામ હરામ છે. લંકામાં જઈને રાવણના અહંકારને તોડવો અને સીતામાતાને આશ્વાસન આપવું, એ તેમની અદભૂત કાર્યક્ષમતા બતાવે છે.આજના 'ઈન્સ્ટન્ટ' જમાનામાં જ્યાં ધીરજ ખૂટે છે, ત્યાં હનુમાનજી ઉત્તમ શ્રોતા (Listener) તરીકે ઉભરી આવે છે. સીતાજીનો સંદેશ હોય કે વિભીષણની વાત, તેમણે હંમેશા ગંભીરતાથી સાંભળીને જ નિર્ણય લીધો. હનુમાન ચાલીસા એ માત્ર સ્તુતિ નથી, પણ મન માટે એક હકારાત્મક મનોબળ પૂરું પાડતું કવચ છે જે ડરને દૂર કરી આત્મવિશ્વાસ ભરે છે. જીવનમાં જ્યારે મુશ્કેલીઓના સાગર સામે દેખાય, ત્યારે યાદ રાખવું કે જો ભીતરમાં રામ એટલે કે આત્મબળ હશે તો જ બહારનો પડકાર ઝીલી શકાશે. અસાધારણ શક્તિ હોવા છતાં, તેમણે બધું જ કાર્ય કરીને તેનો જશ હંમેશા પ્રભુ રામને આપ્યો. આજના 'ક્રેડિટ વોર'ના યુગમાં આ એક બહુ મોટો બોધ છે. હનુમાનજી ક્યાંય દૂર નથી; એ તો વસે છે એ દરેક પિતાના પરિશ્રમમાં, જે પરિવારની જવાબદારીનો પહાડ હસતા મોઢે ઉપાડે છે. હાર માન્યા વગર સંઘર્ષ કરવો એ જ સાચી ભક્તિ છે. આ હનુમાન જયંતીએ સાચી પૂજા તો ત્યારે ગણાશે, જ્યારે આપણા મનમાંથી ડરનો સૂર્યાસ્ત અને આત્મવિશ્વાસનો સૂર્યોદય થશે. ઊઠો! તમારી અંદર હજુ પણ એક લંકા જીતવાનું સામર્થ્ય બાકી છે, બસ... જરૂર છે તમારા ભીતરના હનુમાનને જગાડવાની.

# જેતપુરના રેશમડી ગાલોલ ગામે પિયરમાં રહેલી પરિણીતા પર સાસરીયાનો હુમલો: ચપ્પુ ઝીંકાયું

## લગ્નના સાત મહિના બાદ સાસરીયાઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યું

• જેતપુર

જેતપુર તાલુકાના રેશમડી ગાલોલ ગામે પિયરમાં રહેલી એક ૨૨ વર્ષીય પરિણીતા પર તેના પતિ, સાસુ, સસરા અને દિયરે હુમલો કરી ચપ્પુ વડે ઈજા પહોંચાડી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવ બાદ પરિણીતાએ આવેગમાં આવી ઉંદર મારવાની દવા પી લેતા તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પોલીસે આ મામલે ચારેય સાસરીયાઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, રેશમડી ગાલોલ ગામની વતની રિશીતાબેનના લગ્ન તા. ૧૫/૧૨/૨૦૨૩ ના રોજ ત્રંબા ગામના અવિનાશ સામતભાઈ મકવાણા સાથે થયા હતા. લગ્નના શરૂઆતના સાત મહિના બાદ પતિ અવિનાશ, દિયર આકાશ, સસરા સામતભાઈ અને સાસુ ગીતાબેને કરિયાવર બાબતે અને અન્ય નાની બાબતોમાં મેણા-ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ ત્રાસથી કંટાળી રિશીતાબેન અગાઉ પણ ત્રણ વખત રિસામણે પિયર આવી ગયા હતા.

ગઈ તારીખ ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ રિશીતાબેન પિયર રેશમડી ગાલોલ આવ્યા હતા. બપોરના સમયે તેઓ ઘરે એકલા હતા ત્યારે તેમના પતિ, સાસુ-સસરા અને દિયર ત્યાં ધસી આવ્યા હતા. તું પૂછ્યા વગર કેમ આવતી રહી? તેમ કહી ઝઘડો કરી ગાળો ભાંડી હતી. ઝપાઝપી દરમિયાન પતિ અને સસરાએ રિશીતાબેનને પકડી રાખ્યા હતા અને સાસુ ગીતાબેને શાક સુધારવાના ચપ્પુ વડે હુમલો કરતા રિશીતાબેનના ડાબા હાથની હથેળી ઉપર ગંભીર ઈજા પહોંચી હતી.

હુમલા બાદ ગભરાઈ ગયેલી અને હિંમત હારી ગયેલી પરિણીતાએ ઘરમાં પડેલી ઉંદર મારવાની દવા પી લીધી હતી. આસપાસના લોકો દોડી આવતા હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. લોહીલુહાણ હાલતમાં રિશીતાબેનને ૧૦૮ મારફતે જેતપુર અને ત્યારબાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના હાથમાં પાંચથી છ ટાંકા આવ્યા છે.

# પેટલાદમાં હઝરત સૈયદ નૂરાની બાવા સાહેબન 26 માં ઉર્સ મુબારક યોજાશે

• ફકીરા ખત્રી ડભોઈ

આણંદ જિલ્લાના પેટલાદ ખાતે આગામી તારીખ 09/04/2026, ગુરુવાર (જુમેરાત) ના રોજ હઝરત સૈયદ નૂરાની બાવાનો ભવ્ય ઉર્સ શરીફ ઉજવવામાં આવશે. પ્રસંગે સૈયદ મહંમદ યુસુફ બાવા તથા સૈયદ મહંમદ તાહિર બાવા ખાસ ઉપસ્થિત રહી સંદલ શરીફ: પરંપરા મુજબ પેટલાદ સ્થિત તેઓના નિવાસસ્થાનેથી સંદલ શરીફ નીકળશે દરગાહ શરીફ પહોંચશે આ ઉર્સમાં ભાગ લેવા માટે વડોદરા શહેર સહિત ડભોઈ, સાધલી, બોડેલી તેમજ છોટાઉદેપુર, પંચમહાલ અને ભરૂચ જિલ્લામાંથી મોટી સંખ્યામાં મુરીદો ઉમટી પડશે. એટલું જ નહીં, દેશ-વિદેશથી પણ મુરીદો હાજરી આપશે.

**દાવેદારી**

ભાજપમાંથી મનપાની ચૂંટણી લડવા ભીડ જામી

# કેટલાક મૂર્ખ બનશે, કેટલાક મૂર્ખ બનાવશે': પૂર્વ મેયર નયનાબેન પેઢડિયાથી લઈ જયમીન ઠાકર સહિતના આગેવાનોની દાવેદારી

## રાજકોટ મનપાની ચૂંટણીને લઈ ચાલી રહેલી સેન્સ પ્રક્રિયામાં આજે વોર્ડ નંબર 2માંથી બાલુબેન અનિલભાઈ મકવાણાએ દાવેદારી કરી છે

• રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીને લઈ તૈયારીઓ તેજ બની છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા આજથી બે દિવસ રાજકોટ શહેર ભાજપ કાર્યાલય કમલમ ખાતે સવારે 10:30 વાગ્યાથી સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેમાં પ્રદેશ ભાજપ દ્વારા ૭ નિરીક્ષકની નિમણુંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આજે દાવેદારી કરવા માટે દરેક વોર્ડમાંથી 50 કરતા વધુ દાવેદારો પોતાની દાવેદારી નોંધાવવા માટે આવી રહ્યા છે. સેન્સ પ્રક્રિયા વચ્ચે રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અતુલ પંડિતનું સ્ટેટ્સ ચર્ચામાં આવ્યું છે. કારણ કે અતુલ પંડિત દ્વારા પોતાના વોટ્સએપ સ્ટેટ્સમાં લખવામાં આવ્યું છે કે આજે કેટલાક મૂર્ખ બનશે, કેટલાક મૂર્ખ બનાવશે. આપનું જીવન મંગલમય રહો.

રાજકોટ મનપાની ચૂંટણીને લઈ ચાલી રહેલી સેન્સ પ્રક્રિયામાં આજે વોર્ડ નંબર 2માંથી બાલુબેન અનિલભાઈ મકવાણાએ દાવેદારી કરી છે. બાલુબેન મકવાણા પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાના પત્ની છે અને અનિલભાઈ મકવાણા સામે તાજેતરમાં ભ્રષ્ટાચારના



આક્ષેપો થયા હતા અને તેઓ બાંધકામની સાઈટ ઉપર અરજી કરી બાદમાં રૂપિયાની માંગણી કરતા હોવાના આક્ષેપો પણ થયા હતા. જો કે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં બાલુબેનએ જણાવ્યું હતું કે પતિ સેમ થયેલ આક્ષેપ વિષે હું કશું જાણતી નથી પરંતુ અમે 20 વર્ષથી પાર્ટી સાથે સંકળાયેલા છીએ પાર્ટીનું કામ કરીએ છી માટે આજે મેં દાવેદારી નોંધાવી છે અને ટિકિટ મળે તેવી અપેક્ષા છે.

મહાનગર પાલિકાની ચૂંટણી માટે દાવેદારી કરવા માટે આજે પૂર્વ મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, પૂર્વ દંડક મનીષ રાડિયા પહોંચ્યા હતા. આ ઉપરાંત પૂર્વ કોર્પોરેટર સુરેન્દ્રસિંહ વાળા, નીતિન રામાણી, દિલીપભાઈ લૂણાગરીયા, ડો. અલ્પેશ મોરઝરિયા, અંજનાબેન મોરઝરિયા, દુર્ગાબા જાડેજા, હિરેન ખીમાણીયા, પરેશ લીંબાસીયા, રસીલાબેન સાકરીયા, નેહલ શુક્લ, મીનાબા અજયસિંહ જાડેજા, કંકુબેન ઉધરેજા, પરેશ પીપળીયા, સોનલબેન સેલારા અને આશિષ વાગડીયાએ દાવેદારી કરી છે.

૭ નિરીક્ષકમાં રાજ્ય સરકારના મંત્રી દર્શનાબેન વાઘેલા, જીતુભાઈ પટેલ, જીમેશભાઈ સેવક, પૂર્વ સાંસદ ભાવનાબેન, યુવા મોરચાના મહામંત્રી ડો.નરેશ દેસાઈ, રાજેન્દ્રભાઈ પટેલ, નટુજી ઠાકોર, સુરેશભાઈ પટેલ અને સીતાબેન પટેલ ઉપસ્થિત રહી દાવેદારોને સાંભળી 18 વોર્ડની યાદી બનાવી પ્રદેશમાં મોકલી આપશે. સેન્સ પ્રક્રિયા માટે શહેર ભાજપ દ્વારા દરેક વોર્ડના કાર્યકર્તાઓને સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં દરેક વોર્ડ વાઈઝ ચોક્કસ સમય આપવામાં આવ્યો છે, જે આપેલા સમય મુજબ વોર્ડના દાવેદારો સમયસર ઉપસ્થિત રહી કાર્યાલય ખાતે વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રીને સાથે રાખી ફોર્મ મેળવી રહ્યા છે.

આ માટે સક્રિય સભ્ય નંબર અને કોર્પોરેશનની મતદારયાદીના ભાગ ક્રમ નંબર તેમજ ચુંટણી કાર્ડ સાથે રાખવા સુચના આપવામાં આવી છે. એટલું જ નહી આરક્ષિત સીટ માટે પ્રમાણપત્ર, ભુતકાળમાં કોઈ પણ જાતના ગુના હોય તો પોલીસ વિગત કે રિપોર્ટ સાથે જોડવું જરૂરી છે. નિરીક્ષકો સમક્ષ માત્ર વ્યક્તિગત રજૂઆત જ કરવાની રહેશે. સમર્થકોના જૂથ સાથે રજૂઆત કરવા મનાઈ ફરમાવવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મહાપાલિકાની આગામી ચૂંટણીને લઈ ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી ઉમેદવારો અંગેનો ક્રાઈટેરિયા જાહેર કર્યો નથી, પરંતુ પક્ષના વર્તુળોમાં ચર્ચા મુજબ ત્રણ ટર્મ ચૂંટણી લડી ચૂક્યા હોય, 60 વર્ષથી વધુની ઉંમર હોય, સંગઠનમાં મહત્વના પદ ઉપર હોય તેને ટિકિટ નહીં અપાય તેવી ચર્ચા ચાલી રહી છે. જો કે હજુ સુધી આ પરિપ્રેક્ષ્યની સત્તાવાર જાહેરાત ન થઈ હોવાથી સેન્સ પ્રક્રિયા દરમિયાન ભાજપના સક્રિય સભ્ય હોય તેવા કોઈ પણ વ્યક્તિ દાવેઘરી કરી શકશે. જ્યારે પક્ષની સક્રિય સભ્યની વ્યાખ્યા એવી છે કે જેમણે ઓછામાં ઓછા 100 સભ્ય બનાવ્યા હોય તેને સક્રિય સભ્ય કહેવામાં આવે છે.

શા માટે 'હોર્મુઝ' છે ઈન્ટરનેટનું હૃદય?

# વિશ્વ પર 'ડિજિટલ અંધકાર'નો ખતરો: શું ભારત સહિત દુનિયાભરમાં ઈન્ટરનેટ ઠપ્પ થઈ જશે?

**લાઈફલાઈન**

## હોર્મુઝની ખાડીમાં યુદ્ધની ચિનગારી: સમુદ્ર નીચે બિછાવેલી ઈન્ટરનેટની 'લાઈફલાઈન' પર જોખમ

• અમદાવાદ/દુબઈ

રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ બાદ હવે અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા જતા તણાવે વિશ્વને એક ભયાનક સંકટ તરફ ધકેલી દીધું છે. અત્યાર સુધી આપણે માત્ર 'ઊર્જા સંકટ' (ક્રૂડ ઓઈલ અને ગેસ) ની વાતો સાંભળતા હતા, પરંતુ હવે ખતરો તમારા મોબાઈલ અને લેપટોપ સુધી પહોંચી ગયો છે. નિષ્ણાતો માને છે કે જો હોર્મુઝની ખાડીમાં સ્થિતિ વધુ વણસી, તો સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ થઈ શકે છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ માત્ર તેલના ટેન્કરો માટેનો રસ્તો નથી, પરંતુ તે વૈશ્વિક ડેટાનો પણ મુખ્ય હાઈવે છે. * 97% ગ્લોબલ ડેટા: તમને જાણીને આશ્ચર્ય થશે કે વિશ્વનું 97% ઈન્ટરનેટ




સેટેલાઈટથી નહીં, પરંતુ સમુદ્રના તળિયે બિછાવેલા 'સબમરીન કેબલ્સ' દ્વારા ચાલે છે. * જંકશન પોઈન્ટ: હોર્મુઝનો આ રૂટ એશિયા, યુરોપ અને આફ્રિકાને જોડતા અસંખ્ય કેબલ્સનું મુખ્ય જંકશન છે. જો અહીં યુદ્ધને કારણે કેબલ્સને નુકસાન થાય, તો સેકન્ડોમાં ડેટા ટ્રાન્સફર અટકી જશે. કેબલ્સને નુકસાનની આશંકા કેમ? યુદ્ધ દરમિયાન સમુદ્રમાં થતા વિસ્ફોટો, સબમરીન હુમલા અથવા જાણીજોઈને કરવામાં આવતી તોડફોડ (Sabotage) આ કેબલ્સને તોડી શકે છે. * તાજેતરનો ઈતિહાસ: અગાઉ લાલ સમુદ્ર (Red Sea) માં હુતી બળવાખોરો દ્વારા કેબલ્સને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ બની ચૂકી છે. * રિપેરિંગમાં મુશ્કેલી: યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં સમુદ્રની નીચે જઈને કેબલ રિપેર કરવા અત્યંત જોખમી અને સમય માંગી લેતું કામ છે.

ભારત માટે આ સમાચાર ચિંતાજનક છે કારણ કે ભારતનું મોટાભાગનું ઈન્ટરનેટ ટ્રાફિક પશ્ચિમી દેશો સાથે આ જ રૂટ પરથી જોડાયેલું છે. * બેંકિંગ અને ફાઈનાન્સ: જો ઈન્ટરનેટ બંધ થાય, તો ઓનલાઈન પેમેન્ટ, શેરબજાર અને બેંકિંગ વ્યવહારો સંપૂર્ણપણે ઠપ્પ થઈ જશે. * IT સેક્ટર: ભારતનું અબજો ડોલરનું IT એક્સપોર્ટ ઈન્ટરનેટ પર નિર્ભર છે. * રોજિંદું જીવન: સોશિયલ મીડિયાથી લઈને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ સુધી બધું જ અંધકારમાં ગરકાવ થઈ શકે છે. હોર્મુઝ રૂટ પરથી વિશ્વનું 20% ક્રૂડ ઓઈલ અને 25% LNG પસાર થાય છે. જો અહીં યુદ્ધ થાય તો પેટ્રોલ-ડીઝલના ભાવ તો આસમાને પહોંચશે જ, પરંતુ ઈન્ટરનેટ વગરની દુનિયા આર્થિક રીતે પાંગળી થઈ જશે. ડિજિટલ ઈકોનોમીમાં ડેટા એ 'નવું તેલ' છે અને જો તેની પાઈપલાઈન (કેબલ્સ) કપાય, તો વૈશ્વિક અર્થતંત્રને ટ્રિલિયન ડોલરનું નુકસાન થઈ શકે છે.

જોકે ટેક કંપનીઓ હવે સેટેલાઈટ ઈન્ટરનેટ (જેમ કે સ્ટારલિંક) તરફ જોઈ રહી છે, પરંતુ તે સબમરીન કેબલ્સ જેટલી સ્પીડ અને ક્ષમતા આપી શકતા નથી. સમુદ્રના પેટાળમાં છુપાયેલો આ ખતરો આજે સમગ્ર માનવતા માટે ચિંતાનો વિષય બન્યો છે.

# ડભોઈ નર્મદા નિગમના અધિકારીઓની બેદરકારી મુખ્ય કેનાલમાં જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય

## ચોમાસું પૂર્ણ થયાને લાંબો સમય વીત્યો હોવા છતાં કેનાલની સાફ-સફાઈ કરવામાં ન આવતા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નર્મદા નિગમના અધિકારીઓની ઘોર બેદરકારી મુખ્ય કેનાલમાં જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય, ખેડૂતો પાણી માટે તરસશે ડભોઈ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ હાલ નિગમના અધિકારીઓની ઉદાસીનતાનો ભોગ બની રહી છે. ચોમાસું પૂર્ણ થયાને લાંબો સમય વીત્યો હોવા છતાં કેનાલની સાફ-સફાઈ કરવામાં ન આવતા, કેનાલની અંદર અને સાઈડના ભાગે મોટા પ્રમાણમાં જાળી-ઝાંખરા અને જંગલી વનસ્પતિ ઊગી નીકળી છે. આ ગંભીર બેદરકારીને કારણે આગામી સમયમાં કેનાલના સ્ટ્રક્ચરને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છેકેનાલના અસ્તિત્વ સામે જોખમ: સ્લેબમાં પડી શકે છે તિરાડોહાલ નર્મદા કેનાલની સાઈટ પર પરિસ્થિ તિ અત્યંત વિકટ છે. કેનાલની આસપાસ જંગલી ઝાડનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. નિષ્ણાતો અને સ્થાનિકોના જણા વ્યા અનુસાર મૂળિયાંનું જોખમ: આ જંગ લી ઝાડોના મૂળિયાં કેનાલના સિમેન્ટના સ્લેબ સુધી પહોંચી રહ્યા છે.



જો વહે લી તકે આ ઝાડો દૂર કરવામાં નહીં આ વે, તો મૂળિયાં સ્લેબને ફાડી નાખશે, જેનાથી કરોડોના ખર્ચે બનેલી કેનાલ માં ભંગાણ પડી શકે છે.પાણીના વહાવ માં અવરોધ: જાળી-ઝાંખરા ને કારણે પાણીનો કુદરતી પ્રવાહ અવરોધાય છે, જેના કારણે છેવાડાના ગામો સુ ધી પૂરતું પાણી પહોંચતું નથી ખેડૂ તોમાં રોષ એસી ઓફિસો છોડી બહાર આવે અધિકારીઓ્ એક તરફ સરકાર ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી આપવાના દાવા કરે છે, તો બીજી તરફ વહીવટી તંત્રની આળસને કારણે ખેડૂતો સુધી પાણી પહોંચાડતી નહેર જ જર્જરિત થઈ રહી છે. સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કેનર્મદા નિગમના અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસીને કાગળ પર જ કામગીરી બતાવે છે. જો સમયસર સફાઈ કરવામાં આવે તો જ ખેડૂતને પૂરતું પાણી મળી શકે શૂઅધિકારીઓ કેનાલ તૂટી જવાની કે મોટું નુકસાન થવાની રાહ જોઈ રહ્યા છેતંત્ર સામે સળગતા સવાલો ચોમાસા બાદ નિયમ મુજબ કેનાલની સફાઈ કેમ કરવામાં ન આવીશું ઉચ્ચ અધિકારીઓને આ ઉગી નીકળેલા જંગલી ઝાડો દેખાતા નથી.

# દુર્ગ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા પોસ્ટલ પેરા સ્પોર્ટ્સમાં બે ગુજરાતી રત્નોનો દબદબો

• અમદાવાદ

ડાક વિભાગ દ્વારા તાજેતરમાં છત્તીસગઢના દુર્ગ ખાતે આયોજિત પ્રથમ 'ઓલ ઈન્ડિયા પોસ્ટલ પેરા સ્પોર્ટ્સ'માં ગુજરાત પોસ્ટલ સર્કલના બે કર્મચારીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી રાજ્યનું નામ રોશન કર્યું છે. ૨૭ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતના પ્રતિનિધિઓએ પોતાની પ્રતિભા અને સંઘર્ષશક્તિના જોરે મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ ગૌરવપૂર્ણ સ્પર્ધામાં અમદાવાદ મુખ્યાલય વિસ્તારના સહાયક નિર્દેશક (ડાક સેવાઓ) શ્રી અલ્પેશ આર. શાહ અને આરએમએસ એએમ ડિવિઝનના એમટીએસ શ્રી રંજીત ગોહિલએ ભાગ લીધો હતો. * શ્રી રંજીત ગોહિલ: બેડમિન્ટન જેવી અતિ સંઘર્ષપૂર્ણ રમતમાં શાનદાર કૌશલ્ય દાખવી સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. * શ્રી અલ્પેશ આર. શાહ: ટેબલ ટેનિસની સ્પર્ધામાં પોતાની રમતની ધાર કાઢી બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતના ખાતામાં વધુ એક સિદ્ધિ ઉમેરી હતી. સમાવેશિતા અને રમતગમતની ભાવનાનું પ્રતીક ડાક વિભાગ દ્વારા આયોજિત આ સ્પર્ધાનો મુખ્ય



ઉદ્દેશ્ય દિવ્યાંગ કર્મચારીઓની પ્રતિભાને મંચ પૂરો પાડવાનો અને તેમનામાં રમતિયાળ ભાવના તથા સમાવેશિતાને પ્રોત્સાહન આપવાનો હતો. શ્રી શાહ અને શ્રી ગોહિલની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત નથી, પરંતુ સમગ્ર ગુજરાત પોસ્ટલ સર્કલ માટે ગર્વનો વિષય છે. ગુજરાત પોસ્ટલ સર્કલ અને અમદાવાદ મુખ્યાલય વિસ્તારના વહીવટી તંત્ર દ્વારા આ બંને રમતવીરોને તેમની આ પ્રશંસનીય સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તેમની આ સફર અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે, તેમ જણાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને IITEનો આઠમો દીક્ષાંત સમારોહ સંપન્ન



• ગાંધીનગર

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE) નો આઠમો દીક્ષાંત સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં અને શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ વિદ્યાશાખાના કુલ ૨૨૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. દીક્ષિત છાત્રોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, 'પદવીદાન' કરતા 'દીક્ષાંત' શબ્દ વધુ ગરિમાપૂર્ણ છે કારણ કે તે વર્ષોની સાધનાની દીક્ષા છે. તેમણે ઉમેર્યું કે, માનવ અને અન્ય જીવો વચ્ચેનો ભેદ માત્ર શિક્ષણ જ સ્પષ્ટ કરી શકે છે. ગર્ભાધાનથી અંતિમ સંસ્કાર સુધીની ૧૬ સંસ્કારોની ભારતીય પરંપરાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જ્યારે શિક્ષણ સાથે સંસ્કારોનો સમન્વય થાય છે ત્યારે જ શ્રેષ્ઠ માનવનું નિર્માણ થાય છે.

## કુતિયાણા મત વિસ્તારમાં ગ્રામ્ય રોડના નવીકરણ માટે રૂ.૧૬.૬૫ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી

# ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા ની રજૂઆતથી મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૧ રસ્તાના કામોને લીલી ઝંડી

• ગોસા(ઘેડ) તા.૦૧

કુતિયાણા-રાણાવાવ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા પોતાના મતવિસ્તારના ગામડાઓ ના રસ્તાઓનાં કામો પ્રત્યે રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆતો કરતા રહ્યા છે. આ રજૂઆતોના સકારાત્મક પરિણામરૂપે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (૨૦૨૫-૨૬) અંતર્ગત કુતિયાણા વિધાનસભા મત વિસ્તારના ૧૧ નોન પ્લાન રસ્તાઓ માટે કુલ રૂ.૧૬ કરોડ ૬૫ લાખ જેટલી માતબર રકમના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. કુતિયાણા- રાણાવવા વિધાનસભા મતવિસ્તાર પોરબંદર-રાણાવાવ-કુતિયાણા તાલુકાના તેર જેટલા રસ્તા ચોમાસામાં ધોવાઈ ગયા હોવાથી તેના નવીનીકરણ માટે મુખ્યમંત્રીને તાજેતરમાં રજૂઆત કરવામાં આવી હતી. રાણાવાવ કુતિયાણાના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ મુખ્યમંત્રીને રૂબરૂ મળી કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, મારા મત વિસ્તારના પ્રવાસ દરમ્યાન મને મળેલ ગ્રામજનોની રજુઆત અનુસંધાને એક ગામ થી બીજે ગામ જવાના જુના રાજાશાહી વખતના રસ્તાઓ છે અને ચોમાસામાં વરસાદના લીધે તેનુ સંપુર્ણ ધોવાણ થયેલ હોય અને તેમાં મોટા મોટા ખાડા પડી ગયેલ હોય રસ્તાઓની હાલત અત્યારે દયનીય થઈ ગઈ છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને જેઓ વાડી વિસ્તારના રહે છે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ, મંજૂર થયેલા કામોમાં પોરબંદર તાલુકાના ઓડદર રબારી કેળા રોડ ગ્રામ નોન પ્લાન રસ્તો ૧.૦૦ કિ મી.ના રિસર્ફેસીંગ, તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૯૦ લાખ, રાણાવાવ તાલુકા માં એસ.એચ. ટુ જારેરાનેસ નોન પ્લાન રોડ ૧.૫૦ કિ.મી. કરી રિસર્ફેસીંગ, તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૧.૪૫ કરોડ,વી. આર. ટુ વાંધારા નેસ નોન પ્લાન રોડ ૧.૦૦ કિ.મી. કરી રિસર્ફેસીંગ, તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૧.૪૫ કરોડ, રાણાવાવ મહેતાવાવ મોકર ગ્રામ નોન પ્લાન કિ.મી.૪.૫૦ ના રિસર્વેસીંગ, સ્ટ્રકચર તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૧.૫૦ કરોડ,નેરાણા છત્રાવા રોડ(ચે.૨/૫૦૦ થી ૫/૫૦૦) ગ્રામ નોન પ્લાન ૫.૫૦ કી.મી.ના રિસર્વેસીંગ, સ્ટ્રકચર તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૨,૦૦ કરોડ,દેવડા વાંસજાળીયા રોડ ગ્રામ નોન પ્લાન ૪.૫૦ કિ.મી. ના રિસર્ફેસીંગ તથા આનુસાંગિક કામગીરી માટે રૂ. ૧૯૫.કરોડ, ભોગસર એપ્રોચ રોડ ગ્રામ નોન પ્લાન કિ.મી.૩.૫૦ ના રિસર્ફેસીંગ, સ્ટ્રકચર તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૧.૫૦ કરોડ, જયારે કુતિયાણા તાલુકાના ગ્રામ રસ્તા ઓ જેવા કે આદિત્યાણા ખાખરીપર રોડ નોન પ્લાન ૨ કિ.મી. રિસર્ફેસીંગ તથા આનુસાંગિક કામગીરી માટે રૂ. ૧.૨૦ કરોડ,ખીરસરા સુખપુર અપ ટુ ડિસ્ટ્રીક્ટ લીમીટ ગ્રામ નોન પ્લાન રોડ ૧,૬૦ કી મી ના રિસર્ફેસીંગ તથા આનુસાંગિક કામગીરી માટે રૂ .૧.૩૦ કરોડ, પસવારી ચિખલોદ્રા રોડ મુજીમા ૨.૩૦ કિ.મી. રિસર્ફેસીંગ તથા આનુસાંગિક કામગીરી માટે રૂ ૧.૫૦ કરોડ,માંડવા કુતિયાણા રોડ ગ્રામ નોન પ્લાન ૪.૦૦ કિ.મી.ના રિસર્ફેસીંગ, સ્ટ્રકચર તથા આનુસાંગિક કામગીરી માટે રૂ.૧૯૦ કરોડ મળી કુલ રૂ.૧૬.૬૫ કરોડના કામોની મંજૂરી આપવા માં આવી છે.

સ્પેશિયલ 26

સેન્સ પ્રક્રિયા માટે ભાજપે 'સ્પેશિયલ 26' સ્ટાઇલમાં દાવેદારોનો દાવ કર્યો

# નિરિક્ષકોના નામ છેક સુધી જાહેર ન કર્યા, સવારે સીધી જ રાજકોટ, વડોદરા અને સુરતમાં પ્રોસેસ ચાલુ કરી દીધી

## રાજકોટ મનપામાં ચાલી રહેલી સેન્સ પ્રક્રિયા વચ્ચે રાજકોટ નાગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અતુલ પંડિતનું સ્ટેટ્સ ચર્ચામાં આવ્યું છે

• સુરત

આગામી 15 મનપાની ચૂંટણીને લઈ ભાજપે સેન્સ પ્રક્રિયાનો આરંભ કર્યો છે. આજે સુરત રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં સેન્સ લેવામાં આવી રહી છે. જેથી ચૂંટણી લડવા ઈચ્છુક નેતાઓ દાવેદારી કરવા આવી રહ્યા છે. સેન્સ પ્રક્રિયા માટે ભાજ પ્રદેશ હાઈકમાન્ડે ઈન્કમટેક્સ અધિકારીઓ જે રીતે રડવા કરવા જાય એવી સ્ટ્રેટેજી અપનાવી હતી. ટિકિટોમાં સેટિંગ ન થાય એટલા માટે નિરિક્ષિકોના નામને લઈ સૌને અંધારામાં રાખ્યા હતા અને છેક સુધી નામો જાહેર કર્યા નહોતા. સવારે જ્યારે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી ત્યારે દાવેદારોને પણ આંચકો લાગ્યો હતો. રાજકોટમાં તો અમદાવાદ ભાજપની ટીમ સેન્સ માટે સીધી જ હાજર થઈ હતી.

રાજકોટ મનપામાં ચાલી રહેલી સેન્સ પ્રક્રિયા વચ્ચે રાજકોટ નાગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અતુલ પંડિતનું સ્ટેટ્સ ચર્ચામાં આવ્યું છે. કારણ કે અતુલ પંડિત દ્વારા પોતાના વોટ્સએપ સ્ટેટ્સમાં લખવામાં આવ્યું છે કે આજે કેટલાક મૂર્ખ બનશે, કેટલાક મૂર્ખ બનાવશે. આપનું જીવન મંગલમય રહો.સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનો શંખનાદ ફૂંકાઈ ચૂક્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે આજથી વિધિવત રીતે 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.ઉધના ભાજપ કાર્યાલય ખાતે સવારના 10 વાગ્યાથી કાર્યકર્તાઓ અને દાવેદારોની ભારે ભીડ જોવા મળી છે. પ્રથમ તબક્કામાં વોર્ડ નંબર 1 થી 12ના ઈચ્છુક ઉમેદવારોને સાંભળવામાં આવી રહ્યા છે. જેમાં પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારો પર સૌની નજર છે.શહેર ભાજપ દ્વારા મનપાની ચૂંટણી માટે કમર કસી લેવામાં આવી છે. ઉધના સ્થિત ભાજપ કાર્યાલય ખાતે ચાર અલગ-અલગ જૂથોમાં નિરીક્ષકોની વ્યવસ્થા કરવામાં આવી છે. કુલ 12 નિરીક્ષકો સુરત આવી પહોંચ્યા હતા, જેઓ દરેક વોર્ડના કાર્યકર્તાઓ સાથે રૂબરૂ મુલાકાત કરી છે. ભાજપ પ્રમુખ પરેશ પટેલે જણાવ્યું હતું કે, પક્ષમાં લોકશાહી ઢબે પ્રક્રિયા ચાલી રહી છે અને દરેક નાનામાં નાના કાર્યકર્તાને પોતાની વાત રજૂ કરવાની તક આપવામાં આવી રહી છે. સવારથી જ સેંકડો કાર્યકર્તાઓ બાયોડેટા અને સમર્થકો સાથે કાર્યાલય પર ઉમટી પડ્યા છે.આજની સેન્સ પ્રક્રિયામાં જે 12 વોર્ડ લેવામાં આવ્યા છે, તેમાંથી 7 જેટલા વોર્ડ પાટીદાર મતદારોના વર્ચસ્વ વાળા છે. મોટા વરાછા, સરથાણા, કાપોદ્રા, ફુલપાડા, કતારગામ અને સીંગણપોર જેવા વિસ્તારોમાં ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ભાજપને જોરદાર લડત આપી હતી. આ વખતે ભાજપ




કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી. આ વિસ્તારોમાં મજબૂત અને લોકપ્રિય ચહેરાઓની શોધ માટે નિરીક્ષકો ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે. ખાસ કરીને વરાછા અને કતારગામ ઝોનમાં ઉમેદવારી કરવા માટે સૌથી વધુ ધસારો જોવા મળી રહ્યો છે.રાજકોટ મનપા માટે બે દિવસ રાજકોટ શહેર ભાજપ કાર્યાલય કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રદેશ ભાજપ દ્વારા 9 નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તે 9 નિરીક્ષકોમાં રાજ્ય સરકારના મંત્રી દર્શનાબેન વાઘેલા, જીતુ પટેલ, જીગ્નેશ સેવક, પૂર્વ સાંસદ ભાવનાબેન, યુવા મોરચાના મહામંત્રી ડો.નરેશ દેસાઈ, રાજેન્દ્રભાઈ પટેલ, નટુજી ઠાકોર, સુરેશ પટેલ અને સીતાબેન પટેલ ઉપસ્થિત રહી દાવેદારોને સાંભળી રાજકોટના 18 વોર્ડની યાદી બનાવી પ્રદેશમાં મોકલી આપશે. ઉલ્લેખનીય છે કે આજરોજ દાવેદારી કરવા માટે દરેક વોર્ડમાંથી 50 કરતા વધુ દાવેદારો પોતાની દાવેદારી નોંધાવવા માટે આવી રહ્યા છે.વડોદરા મહાપાલિકા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રદેશ તરફથી સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદી, વલસાડના પૂર્વ મહામંત્રી હર્ષદ કટારીયા, અને પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી ઉપસ્થિત રહ્યા છે. વોર્ડ 1માં ચારે ચાર બેઠક હાલ કોંગ્રેસના ફાળે છે. ત્યારે ભાજપ આ વખતે ચારેય બેઠક હાંસલ કરવા એડીચોટીનું જોર લગાવશે. વોર્ડ 1 માટે 47 દાવેદારોએ દાવેદારી નોંધાવી હતી જેમાં એક બાદ એક તમામને સાંભળવામાં આવી રહ્યા છે.રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી માટે દાવેદારી કરવા માટે આજે પૂર્વ મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, પૂર્વ દંડક મનીષ રાડિયા પહોંચ્યા હતા આ ઉપરાંત પૂર્વ કોર્પોરેટર સુરેન્દ્રસિંહ વાળા, નીતિન રામાણી, દિલીપભાઈ લૂણાગરીયા, ડો. અલ્પેશ મોરઝરિયા, અંજનાબેન મોરઝરિયા, દુર્ગાબા જાડેજા, હિરેન ખીમાણીયા, પરેશ લીંબાસીયા, રસીલાબેન સાકરીયા, નેહલ શુક્લ, મીનાબા અજયસિંહ જાડેજા, કંકુબેન ઉધરેજા, પરેશ પીપળીયા, સોનલબેન સેલારા અને આશિષ વાગડીયાએ દાવેદારી કરી છે.\જે પૂર્વ કોર્પોરેટર પર ભ્રષ્ટાચારના આક્ષેપ તેની પત્નીએ કરી દાવેદારીરાજકોટ મનપાની ચૂંટણીને લઇ ચાલી રહેલી સેન્સ પ્રક્રિયામાં આજે વોર્ડ નંબર 2માંથી બાલુબેન અનિલભાઈ મકવાણાએ દાવેદારી કરી છે. બાલુબેન મકવાણા પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાના પત્ની છે અને અનિલભાઈ મકવાણા સામે તાજેતરમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા અને તેઓ બાંધકામની સાઈટ ઉપર અરજી કરી બાદમાં રૂપિયાની માંગણી કરતા હોવાના આક્ષેપો પણ થયા હતા. જો કે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં બાલુબેનએ જણાવ્યું હતું કે પતિ સેમ થયેલ આક્ષેપ વિષે હું કશું જાણતી નથી પરંતુ અમે 20 વર્ષથી પાર્ટી સાથે સંકળાયેલા છીએ પાર્ટીનું કામ કરીએ છી માટે આજે મેં દાવેદારી નોંધાવી છે અને ટિકિટ મળે તેવી અપેક્ષા છે.50% મહિલા અનામત અમલી હોવાથી મહિલા દાવેદારોમાં ભારે ઉત્સાહ છે. મહિલા નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, 'અમે એવી બહેનોને પ્રાધાન્ય આપીશું જે ગ્રાસરૂટ લેવલની કાર્યકર્તા હોય અને જમીન સાથે જોડાયેલી હોય.' માત્ર શોભાના ગાંઠિયા જેવી મહિલાઓ નહીં.

TAT હાયર સેકન્ડરી પરીક્ષા અને GPSC ભરતીની મોટી જાહેરાત

# ગુજરાતમાં 11,000 વિદ્યાસહાયકોની મેગા ભરતી:15 એપ્રિલથી ઓનલાઈન અરજી શરૂ, TET-1 પાસ માટે તક

TET-1 પાસ ઉમેદવારો માટે તક

યોગ્ય લાયકાત ધરાવતા અને TET-1 પાસ ઉમેદવારો માટે આ એક ઐતિહાસિક તક ગણાઈ રહી છે

• ગાંધીનગર

રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે મોટી ખુશખબર સામે આવી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 1થી 5ના ગુજરાતી માધ્યમ માટે 11,000 વિદ્યાસહાયકો (વર્ગ-3)ની બમ્પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. લાંબા સમય બાદ આવી રહેલી આ મહાભરતીને કારણે TET-1 પાસ કરેલા હજારો ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.જાહેરાત ક્રમાંક 01/2026 મુજબ સમગ્ર ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે અને પારદર્શક પદ્ધતિથી હાથ ધરાશે. અરજી પ્રક્રિયા 15 એપ્રિલ, 2026ના રોજ સવારે 12:00 વાગ્યાથી શરૂ થશે, જ્યારે ફોર્મ



ભરવાની છેલ્લી તારીખ 24 એપ્રિલ, 2026ના રોજ બપોરે 3:00 વાગ્યા સુધી રહેશે. ઉમેદવારો http://dpegujarat.in વેબસાઈટ પર ફોર્મ ભરી શકશે. ઉમેદવારોએ નિર્ધારિત સમયમર્યાદા પહેલા જ અરજી પૂર્ણ કરવાની સલાહ આપવામાં આવી છે.આ ભરતી ખાસ કરીને પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટને પહોંચી વળવા માટે કરવામાં આવી રહી છે. યોગ્ય લાયકાત ધરાવતા અને TET-1 પાસ ઉમેદવારો માટે આ એક ઐતિહાસિક તક ગણાઈ રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા જલદી જ જિલ્લા પ્રમાણેની ખાલી જગ્યાઓ, રિઝર્વેશન અને મેરિટ આધારિત પસંદગી પ્રક્રિયાની વિગતવાર માહિતી પણ જાહેર કરવામાં આવશે. રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા વધારવા અને શાળાઓમાં શિક્ષકોની ખામી દૂર કરવા આ ભરતી મહત્વપૂર્ણ સાબિત થશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સત્તાવાર વેબસાઈટ પર સમયસર નોંધણી કરીને જરૂરી દસ્તાવેજો તૈયાર રાખે. ગાંધીનગર સ્થિત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક અભિરૂચિ કસોટી (TAT-Higher Secondary) માટે મહત્વપૂર્ણ જાહેરાત બહાર પાડવામાં આવી છે. શિક્ષણ વિભાગના આદેશ મુજબ આ પરીક્ષા 12 એપ્રિલ, 2026ના રોજ યોજાશે. ઉમેદવારો પોતાના કોલ લેટર 1 એપ્રિલ, 2026 બપોરે 2 વાગ્યાથી 12 એપ્રિલ, 2026 બપોરે 12 વાગ્યા સુધી OJAS અને SEBની સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે. પરીક્ષા સંબંધિત તમામ માહિતી માટે ઉમેદવારોએ નિયમિત વેબસાઈટની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવી છે.ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-1, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-1 અને 2, નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ-2, મદદનીશ વન સંરક્ષક/પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-2 તથા ગુજરાત ઈજનેરી સેવા (સિવિલ) વર્ગ-1 અને 2 સહિત કુલ 224 જગ્યાઓ માટે મહત્વપૂર્ણ ભરતી જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે.

# મહાનગરપાલિકા ચૂંટણીને લઈ 1 એપ્રિલથી સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ

સુરત ભાજપમાં ટિકિટ માટે રસાકસી, દાવેદારો માટે કડક નિયમો; અનામત બેઠકો માટે લેટેસ્ટ પ્રમાણપત્રો રજૂ કરવા

• સુરત

આગામી મહાપાલિકાની ચૂંટણીનો જંગ જીતવા માટે ભાજપે અત્યારથી જ કમર કસી લીધી છે. ઉમેદવારોની પસંદગી માટે સંગઠનાત્મક સ્તરે કવાયત તેજ કરતા ભાજપ દ્વારા 1 એપ્રિલથી નિરીક્ષકોની હાજરીમાં સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. સુરતના ઉધના સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પ્રથમ તબક્કામાં વોર્ડ નંબર 1 થી 12 ના દાવેદારોને સાંભળવામાં આવશે. નિરીક્ષકો તમામ દાવેદારોની રજૂઆત સાંભળી એક વિસ્તૃત રિપોર્ટ તૈયાર કરશે, જે પ્રદેશ કક્ષાએ મોકલ્યા બાદ આખરી નામો પર મહોર મારવામાં આવશે. ચાર ગ્રુપમાં વહેંચણી, ઉધના કાર્યાલય ખાતે બેઠક વ્યવસ્થા ભાજપ દ્વારા દાવેદારોને સાંભળવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે સમગ્ર વોર્ડ માળખાને ચાર મુખ્ય જૂથોમાં વહેંચી દેવામાં આવ્યું છે. ઉધના કાર્યાલયના અલગ-અલગ ફ્લોર પર આ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં જહાંગીરપુરા, અમરોલી અને વરાછા જેવા વિસ્તારો માટે ગ્રાઉન્ડ ફ્લોર ફાળવાયો છે, જ્યારે કાપોદ્રા અને કતારગામના દાવેદારોને અપર ગ્રાઉન્ડ




વોર રૂમમાં સાંભળવામાં આવશે. આ પ્રક્રિયા સવારે 10 વાગ્યાથી શરૂ થઈ સાંજ સુધી સતત ચાલશે, જેથી દરેક ઈચ્છુક કાર્યકર પોતાની વાત નિરીક્ષકો સમક્ષ મૂકી શકે.

આ વખતે ભાજપે ઉમેદવારી માટેના નિયમોમાં પણ કડકાઈ દાખવી છે. દાવેદારી કરવા ઈચ્છતા કાર્યકરોએ સાબિત કરવું પડશે કે તેઓએ તમામ પ્રકારના સરકારી વેરાની ચુકવણી કરી દીધી છે. જે-તે વોર્ડના નિયત સમયના એક કલાક પૂર્વે જ કાર્યાલય પરથી ફોર્મ મેળવી લેવાના રહેશે. આ ઉપરાંત, વર્ષ 2026ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતદાર યાદીમાં નામ હોય તે પેજની નકલ રજૂ કરવી પણ ફરજિયાત બનાવવામાં આવી છે, જેના વગર દાવેદારી સ્વીકારવામાં આવશે નહીં. ચૂંટણીમાં અનામત બેઠકો પર દાવેદારી નોંધાવતા OBC, SC અને ST કેટેગરીના ઉમેદવારો માટે પક્ષે સ્પષ્ટ સૂચના આપી છે. આ ઉમેદવારોએ તેમની દાવેદારી સાથે લેટેસ્ટ જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પક્ષનો ઉદ્દેશ્ય છે કે ઉમેદવારી પ્રક્રિયા પારદર્શક રહે અને કાયદાકીય રીતે સક્ષમ ઉમેદવારોને જ મેદાનમાં ઉતારવામાં આવે. આ દસ્તાવેજી ચકાસણી બાદ જ નિરીક્ષકો આગળની કાર્યવાહી હાથ ધરશે.

# રાજ્યમાં કૃષિ વિભાગમાં બઢતી સાથે મોટાપાયે બદલી:46 અધિકારીની ટ્રાન્સફર

18ને મળ્યું પ્રમોશન; તાત્કાલિક નવા સ્થળે ફરજ સંભાળવા સૂચના

• ગાંધીનગર

રાજ્યમાં વધુ એક વિભાગમાં બઢતી સાથે બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા અધિકારીઓની બદલી અને બઢતી અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.વિભાગના અલગ અલગ એકમોમાં કાર્યરત કુલ 46 મદદનીશ ખેતી નિયામક વર્ગ-2ના અધિકારીઓની સામૂહિક બદલીઓ કરવામાં આવી છે.આ સાથે જ રાજ્યના ખેતી અધિકારી સંવર્ગના 18 કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે.આ બઢતી હેઠળ 18 ખેતી અધિકારીઓને ખેતી નિયામક તરીકે પ્રમોશન આપી નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. વિભાગ દ્વારા બઢતી સાથે બદલીના આદેશો જારી કરાતા વહીવટમાં વધુ ગતિ અને કાર્યક્ષમતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી રાજ્યમાં કૃષિ સંબંધિત યોજનાઓના અમલીકરણમાં વધુ ઝડપ આવશે અને ખેડૂત કલ્યાણના કાર્યોને વધુ મજબૂતી મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. બધા અધિકારીઓને તાત્કાલિક નવા સ્થળે ફરજ સંભાળવા સૂચના આપવામાં આવી છે..આ બઢતી હેઠળ 18 ખેતી અધિકારીઓને ખેતી નિયામક તરીકે પ્રમોશન આપી નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. વિભાગ દ્વારા બઢતી સાથે બદલીના આદેશો જારી કરાતા વહીવટમાં વધુ ગતિ અને કાર્યક્ષમતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી રાજ્યમાં કૃષિ સંબંધિત યોજનાઓના અમલીકરણમાં વધુ ઝડપ આવશે અને ખેડૂત કલ્યાણના કાર્યોને વધુ મજબૂતી મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. બધા અધિકારીઓને તાત્કાલિક નવા સ્થળે ફરજ સંભાળવા સૂચના આપવામાં આવી છે.

# સચિન GIDCમાં આગ:ગોપી નિટિંગ ફેક્ટરીમાં આગથી અફરાતફરી, ફાયરે મેજર કોલ જાહેર કર્યો

• સુરત

સુરત શહેરના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા સચિન જીઆઈડીસીમાં આજે(1 એપ્રિલ) વહેલી સવારે આગની એક મોટી દુર્ઘટના સામે આવી છે. સચિન વિસ્તારમાં આવેલી હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝની ગોપી નીટીંગ ટેક્સટાઈલ ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા ફાયર વિભાગ દ્વારા 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં આવેલી 'ગોપી નીટીંગ' નામની ફેક્ટરીમાં આ આગ લાગી હતી. આ ફેક્ટરીમાં નાયલોન ટેક્સટાઈલ કાપડ બનાવવાનું કામ કરવામાં આવે છે. કાપડનો જથ્થો અને નાયલોન મટીરિયલ હોવાને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી ફેક્ટરીને ઝપેટમાં લઈ લીધી હતી. આગની જાણ થતાં જ સ્થાનિક લોકો અને ફેક્ટરીના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. તુરંત જ સુરત ફાયર વિભાગને જાણ કરવામાં આવતા સુરત મેઈન ફાયર સ્ટેશન, સચિન જીઆઈડીસી અને હોજીવાલા ફાયરની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ડઝનથી વધુ ફાયર ટેન્કરો દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આગ વધુ ન ફેલાય તે માટે આસપાસની ફેક્ટરીઓમાં પણ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. આગનું કારણ હજુ સુધી અકબંધ છે. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે, પરંતુ સત્તાવાર કારણ ફાયર વિભાગની તપાસ બાદ જ બહાર આવશે. સદનસીબે, અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

સુરતના પુણામાં ઘરકંકાસથી કંટાળી 14 વર્ષની સગીરા આપઘાત કરવા નીકળી, પોલીસ - ફાયરના જવાનોએ દેવદૂત બની જીવ બચાવ્યો

# સગીરા તળાવમાં કુદે એ પહેલાં જ પકડી લીધી

• સુરત

સુરત શહેરના પુણા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. ઘરકંકાસથી કંટાળેલી માત્ર 14 વર્ષની સગીરાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તળાવમાં મોતની છલાંગ લગાવે તે પહેલા સગીરાને રેસ્ક્યૂ કરી હેમખેમ બહાર કાઢી હતી. આ ઘટના વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સાબિત થઈ છે.મળતી માહિતી પ્રમાણે, પુણા વિસ્તારમાં આવેલા સૌરાષ્ટ્ર પાટીદાર ભવનની વાડી પાસે એક મોટું તળાવ આવેલું છે. અહીં 14 વર્ષની એક સગીરા અચાનક દોડી આવી હતી અને કઈ પણ વિચાર્યા વગર તળાવના ઊંડા પાણીમાં ઝંપલાવવા જતી હતી.આસપાસના લોકોએ આ દૃશ્ય જોઈ બૂમાબૂમ કરી મૂકી હતી અને તાત્કાલિક પોલીસ અને ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. બાદમાં તેના માતા-પિતાનો સંપર્ક કરી, જરૂરી સમજૂતી આપી સગીરાનો કબજો તેમને સોંપવામાં આવ્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને લોકોએ પોલીસ અને ફાયર વિભાગની કામગીરીના વખાણ કર્યા હતા.લોકોને નીચે ઉતરી તેની તરફ આવતા જોઈ સગીરા તળાવમાં કૂદવા તરફ આગળ વધીકોલ મળતા જ પુણા પોલીસ અને ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કિશોરીને બચાવવા માટે પ્રયાસ ચાલી રહ્યા હતા ત્યારે કિશોરી કરી હતી કે, 'જો કોઈ નજીક આવ્યું તો હું કૂદી જઈશ, આ તરફથી અને સામેની તરફથી પણ કેટલાક લોકો અંદર આવ્યા છે જો કોઈ મારી નજીક આવ્યું તો હું કદી જઈશ'. ત્યારબાદ સગીરા પાણીમાં છલાંગ લગાવે તે પહેલા પોલીસ અને ફાયરના જવાનોએ જીવના જોખમે તળાવમાં ઉતરી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. ગણતરીની મિનિટોમાં જ સગીરાને સુરક્ષિત રીતે બહાર કાઢી લાવવામાં આવી હતી. સમયસૂચકતાને કારણે સગીરાનો આબાદ બચાવ થયો હતો.સગીરા તળાવમાં કુદે એ પહેલા જ પોલીસ જવાને જઈ પકડી લીધી પોલીસ અને ફાયર વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી હકીકત સામે આવી છે. સગીરાએ જણાવ્યું હતું કે, તેના ઘરમાં સતત ચાલતા ઝઘડા અને ઘરકંકાસથી તે માનસિક રીતે થાકી ગઈ હતી. સતત તણાવમાં રહેતી સગીરાને બીજો કોઈ રસ્તો ન દેખાતા તેણે આ આઘાતજનક પગલું ભર્યું હોવાનું કબૂલ્યું હતું.

મોતની છલાંગ લગાવે તે પહેલા સગીરાને રેસ્ક્યૂ કરી હેમખેમ બહાર કાઢી સગીરાની કાઉન્સેલિંગ બાદ વાલીઓને પરત સોંપી બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ સગીરાને સમજાવવામાં આવી હતી અને તેને જીવનનું મહત્ત્વ સમજાવ્યું હતું. બાદમાં તેના માતા-પિતાનો સંપર્ક કરી, જરૂરી સમજૂતી આપી સગીરાનો કબજો તેમને સોંપવામાં આવ્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને લોકોએ પોલીસ અને ફાયર વિભાગની કામગીરીના વખાણ કર્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડનો ચોંકાવનારો નિર્ણય, ગ્લેન મેક્સવેલને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટથી કર્યો બહાર

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે આ વખતે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદીમાં કેટલાક નવા અને ઉભરતા ખેલાડીઓને સામેલ કર્યા છે



ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે 2026-27 સીઝન માટે ખેલાડીઓની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ 21 ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને સ્થાન મળ્યું છે. પરંતુ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે એક ચોંકાવનારો નિર્ણય લેતા સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને સૌથી મોટો ઝટકો આપ્યો છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ ગ્લેન મેક્સવેલને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરી દીધો છે. તેના ઉપરાંત યુવા ઓપનરસેમ કોન્સ્ટાસ, ફાસ્ટ બોલર ઝાય રિચર્ડસન અને ઈન-ફોર્મ બેટ્સમેન મેથ્યુ રેનશૉને પણ આ યાદીમાંથી બહાર છે.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે આ વખતે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ યાદીમાં કેટલાક નવા અને ઉભરતા ખેલાડીઓને સામેલ કર્યા છે. બેકઅપ સ્પિનર ટૉડ મર્ફી ઉપરાંત ટેસ્ટ ટીમમાં સામે લ કરવામાં આવેલ નવા ચહેરા બ્રેન્ડન જેમ્સ ડોગેટ (ફાસ્ટ બોલર) અને જેક વેદરાલ્ડ (ઓપનર) ને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયન ટીમનું આગામી 12 મહિનાનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે. ઓસ્ટ્રેલિયન ટીમ ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામે બે ટેસ્ટ મેચની હોમ સિરીઝ રમશે. ત્યારબાદ તેઓ દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ અને ભારત સામે પણ ટેસ્ટ સિરીઝ રમશે. આ મેચોને ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2025-27 ના ફાઈનલમાં સ્થઆન મેળવવાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલ પર ઓસ્ટ્રેલિયન ટીમ હાલમાં ટોપ પર છે. પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેલીએ કહ્યું છે કે, 'આ વખતે પસંદગી પ્રક્રિયામાં ટેસ્ટ અને મલ્ટી-ફોર્મેટ ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવી છે, કારણ કે ટીમે અલગ-અલગ પરિસ્થિતિઓમાં સતત ક્રિકેટ રમવાનું છે.' તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, 'જે ખેલાડીઓ આ યાદીમાં સામેલ નથી તેઓ ભવિષ્યમાં સારું પ્રદર્શન કરીને કોન્ટ્રાક્ટ હાંસલ કરી શકે છે.'

ઝેવિયર બાર્ટલેટ, સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, પેટ કમિન્સ, બ્રેન્ડન જેમ્સ ડોગેટ, નાથન એલિસ, કેમેરોન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, મેથ્યુ કુહનમેન, માર્નસ લાબુશેન, નાથન લિયોન, મિશેલ માર્શ, ટૉડ મર્ફી, માઈકલ નેસર, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, જેક વેદરાલ્ડ, બ્યૂ વેબસ્ટર અને એડમ ઝામ્પા.

જપ્ત

મુંબઈ પોલીસે ટિકિટોની કાળાબજારી કરવાના કેસમાં સ્થાનિક પૂર્વ ક્રિકેટની ધરપકડ કરી છે

# પૂર્વ ક્રિકેટરને ટિકિટોની કાળાબજારી કરવી ભારે પડી, પોલીસે કરી ધરપકડ, મોબાઈલ પણ જપ્ત

## તાજેતરમાં ટી20 વર્લ્ડકપ-2026ની ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ચેમ્પિયન બન્યું હતું



મુંબઈ પોલીસે ટિકિટોની કાળાબજારી કરવાના કેસમાં સ્થાનિક પૂર્વ ક્રિકેટની ધરપકડ કરી છે. તાજેતરમાં ટી20 વર્લ્ડકપ-2026ની ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ચેમ્પિયન બન્યું હતું. આ ફાઈનલ મેચ પહેલા ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સેમિ ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં ટિકિટોની કાળાબજારી મામલે પોલીસે પૂર્વ ક્રિકેટર બલવંત સિંહ સ્વરૂપ સોઢાની ધરપકડ કરી છે.ટી20 વર્લ્ડકપ-2026ની સેમિફાઈનલ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં પોલીસે ટિકિટોની કાળાબજારી કરનારા તત્વોને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. તપાસ બાદ પોલીસે કાળાબજારીમાં કથિત ભૂમિકા મામલે અંદર-19ના પૂર્વ ક્રિકેટર સોઢાની ધરપકડ કરી છે. પોલીસે 26 વર્ષના સોઢાને સાતમાં આરોપી તરીકે પકડ્યો છે.પોલીસે કહ્યું કે, પૂર્વ ક્રિકેટર સોઢાનો મોબાઈલ ફોન પણ જપ્ત કરાયો છે. અમે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છીએ. ટિકિટોની કાળાબજારીનાં રેકેટમાં કોણ કોણ સામેલ છે, તેની પણ પોલીસ તપાસ કરી રહી છે. આ મામલામાં અત્યાર સુધીમાં 24 ટિકિટો જપ્ત કરવામાં આવી છે અને મુંબઈ ક્રિકેટ એસોસિએશનને પત્ર લખીને ટિકિટ વહેંચણી મુદ્દે જવાબ મંગાયો છે. પોલીસ તપાસમાં એવી પણ વિગતો સામે આવી છે કે, સોઢાએ 25 હજાર રૂપિયામાં બે ટિકિટ વેંચી હતી. જોકે તેણે કેવી રીતે ટિકિટો મેળવી, તેની માહિતી પોલીસે આપી નથી. હાલ પોલીસ તમામ બાબતોની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, જે ક્રિકેટરો આજે મોટા સ્તરે રમી રહ્યા છે, તેવા ક્રિકેટરો સાથે સોઢાએ મેચ રમી છે. તે પોતાના નામનો દુરુપયોગ કરીને કાળાબજારીની ગેંગમાં સામેલ થયો હતો. મુંબઈ પોલીસે ટિકિટોની કાળાબજારી કરવાના કેસમાં સ્થાનિક પૂર્વ ક્રિકેટની ધરપકડ કરી છે. તાજેતરમાં ટી20 વર્લ્ડકપ-2026ની ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ચેમ્પિયન બન્યું હતું. આ ફાઈનલ મેચ પહેલા ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સેમિ ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં ટિકિટોની કાળાબજારી મામલે પોલીસે પૂર્વ ક્રિકેટર બલવંત સિંહ સ્વરૂપ સોઢાની ધરપકડ કરી છે.ટી20 વર્લ્ડકપ-2026ની સેમિફાઈનલ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં પોલીસે ટિકિટોની કાળાબજારી કરનારા તત્વોને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. તપાસ બાદ પોલીસે કાળાબજારીમાં કથિત ભૂમિકા મામલે અંદર-19ના પૂર્વ ક્રિકેટર સોઢાની ધરપકડ કરી છે. પોલીસે 26 વર્ષના સોઢાને સાતમાં આરોપી તરીકે પકડ્યો છે.પોલીસે કહ્યું કે, પૂર્વ ક્રિકેટર સોઢાનો મોબાઈલ ફોન પણ જપ્ત કરાયો છે. અમે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છીએ. ટિકિટોની કાળાબજારીનાં રેકેટમાં કોણ કોણ સામેલ છે, તેની પણ પોલીસ તપાસ કરી રહી છે. આ મામલામાં અત્યાર સુધીમાં 24 ટિકિટો જપ્ત કરવામાં આવી છે અને મુંબઈ ક્રિકેટ એસોસિએશનને પત્ર લખીને ટિકિટ વહેંચણી મુદ્દે જવાબ મંગાયો છે. પોલીસ તપાસમાં એવી પણ વિગતો સામે આવી છે કે, સોઢાએ 25 હજાર રૂપિયામાં બે ટિકિટ વેંચી હતી. જોકે તેણે કેવી રીતે ટિકિટો મેળવી, તેની માહિતી પોલીસે આપી નથી. હાલ પોલીસ તમામ બાબતોની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, જે ક્રિકેટરો આજે મોટા સ્તરે રમી રહ્યા છે, તેવા ક્રિકેટરો સાથે સોઢાએ મેચ રમી છે. તે પોતાના નામનો દુરુપયોગ કરીને કાળાબજારીની ગેંગમાં સામેલ થયો હતો.

અમ્પાયરે ગુજરાતના બેટરની ચોરી પકડી:

# PBKS Vs GT વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા; કોનોલીએ 103 મીટરની સિક્સ ફટકારતાં બોલ ટપકું થઈ ગયો

## અર્શદીપ સિંહે ગુજરાત સામે 11 બોલની ઓવર ફેંકી. આવું ગુજરાતની ઈનિંગ્સની 20મી ઓવરમાં થયું. અર્શદીપે આ ઓવરમાં 4 વાઈડ અને 1 નો બોલ ફેંક્યો

• ન્યૂ ચંદીગઢ



અમ્પાયરે રાહુલ તેવટિયાનું બેટ ચેર કરીને બદલવાનું કહ્યું હતું. તેવટિયાએ દલીલ કરી પણ અમ્પાયર માન્યા નહીં.IPLમાં મંગળવારે પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સ સામે 3 વિકેટે જીત મેળવી. ન્યૂ ચંદીગઢમાં રમાયેલી આ મેચ દરમિયાન બે રેકોર્ડ બન્યા. યુઝવેન્દ્ર ચહલ IPL મેચોના 7 થી 16 ઓવરના ફેઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા. જ્યારે અર્શદીપ સિંહે એક ઓવર પૂરી કરવા માટે સૌથી વધુ બોલ ફેંકવાના અણધાર્યા રેકોર્ડની બરાબરી કરી લીધી.આ બે રેકોર્ડ ઉપરાંત, ઘણા એવા મોમેન્ટ્સ પણ જોવા મળી જેની ચર્ચા મીડિયા અને સોશિયલ મીડિયા બંને પર થઈ રહી છે. યુઝવેન્દ્ર ચહલે બે વિકેટ લીધી. તેમણે શુભમન ગિલ અને જોસ બટલરને આઉટ કર્યા. આ બંને 7 થી 16 ઓવરની વચ્ચે આવ્યા. ચહલ હવે IPL ઈતિહાસમાં આ ફેઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયા છે.

અર્શદીપ સિંહે ગુજરાત સામે 11 બોલની ઓવર ફેંકી. આવું ગુજરાતની ઈનિંગ્સની 20મી ઓવરમાં થયું. અર્શદીપે આ ઓવરમાં 4 વાઈડ અને 1 નો બોલ ફેંક્યો. તેથી તેને પૂરી કરવામાં તેને 11 બોલ થયા. આ ઓવરમાં ગુજરાતે 12 રન બનાવ્યા.અર્શદીપ પહેલાં મોહમ્મદ સિરાજ, તુષાર દેશપાંડે, શાર્દુલ ઠાકુર, સંદીપ શર્મા અને હાર્દિક પંડ્યા પણ IPLમાં 11-11 બોલની ઓવર ફેંકી ચૂક્યા છે. ફાસ્ટ બોલર અશોક શર્માને ગુજરાત ટાઈટન્સ માટે IPL ડેબ્યૂ કરવાની તક મળી. બીજી તરફ પંજાબ કિંગ્સના કૂપર કોનોલીએ પોતાની પહેલી IPL મેચ રમી.અશોક શર્માએ ગુજરાત ટાઈટન્સ તરફથી ડેબ્યૂ કર્યું. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં રાજસ્થાનથી રમે છે.આ ઘટના 18મી ઓવરમાં બની હતી, જ્યારે વોશિંગ્ટન સુંદર બીજા બોલ પર આઉટ થયો હતો અને તેવટિયાનો વારો હતો. જોકે, તે સ્ટ્રાઈક લે તે પહેલાં અમ્પાયરોએ તેને રોક્યો અને તેનું બેટ ચેક કર્યું. રાહુલ તેવટિયાએ અમ્પાયરોને કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા પરંતુ મેદાન પરના અમ્પાયરોએ તેમને ફગાવી દીધા. આ નિયમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સામાન્ય છે પરંતુ ગયા વર્ષથી આઈપીએલમાં પણ તેનો ઉપયોગ શરૂ થયો છે. 10મી ઓવરના ત્રીજા બોલ પર યુઝવેન્દ્ર ચહલે શુભમન ગિલને આઉટ કર્યો. ચહલે બોલ ધીમો નાખ્યો. ગિલ મિડ-વિકેટ ઉપર સ્લોગ સ્વીપ રમવા ગયો, પરંતુ બોલ બેટના મધ્યમાં ન આવ્યો. ડીપ મિડ-વિકેટ પર ઉભેલા કૂપર કોનોલીએ સરળ કેચ પકડ્યો. ગિલે 27 બોલમાં 39 રન બનાવ્યા.0 ચહલે ગિલને IPLમાં ચોથી વખત આઉટ કર્યો છે. ચહલ હવે ગિલને IPLમાં સૌથી વધુ વખત આઉટ કરવાના મામલે અન્ય પાંચ બોલરો સાથે ટોપ પર આવી ગયા છે. ચહલ પહેલા દીપક ચાહર, ભુવનેશ્વર કુમાર, આવેશ ખાન, હાર્દિક પંડ્યા અને એનરિક નોર્ત્યા પણ ગિલને IPLમાં 4-4 વખત આઉટ કરી ચૂક્યા છે.

# રોમાંચક મેચમાં પંજાબે ગુજરાતને 3 વિકેટથી હરાવ્યું ડેબ્યૂ મેચમાં કૂપર કોનોલીની મેચ વિનિંગ ફિફ્ટી



IPLની ચોથી મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 3 વિકેટથી હરાવ્યું છે. મુલ્લાનપુરમાં મંગળવારે PBKSએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. GTએ 6 વિકેટ ગુમાવીને 162 રન બનાવ્યા હતા. પંજાબે 19.1 ઓવરમાં 7 વિકેટના નુકસાન પર ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. ડેબ્યૂમેચ રમવા ઉતરેલા ઓસ્ટ્રેલિયાના કૂપર કોનોલીએ પંજાબ તરફથી ફિફ્ટી ફટકારી (44 બોલમાં 72*) હતી. તેની ઈનિંગે જ ટીમને જીત અપાવી હતી. વિજયકુમાર વૈશાખે 3 અને યુઝવેન્દ્ર ચહલે 2 વિકેટ લીધી હતી. ગુજરાત તરફથી શુભમન ગિલે 39 અને જોસ બટલરે 38 રન બનાવ્યા હતા. પ્રસિદ્ધ ક્રિષ્નાએ 3 વિકેટ મળી હતી. પંજાબે 109 રન સુધી માત્ર 2 જ વિકેટ ગુમાવી હતી. અહીં પ્રસિદ્ધ બોલિંગ કરવા આવ્યો અને તેણે 2 ઓવરમાં 3 વિકેટ ઝડપી લીધી. પંજાબે 118 રન સુધીમાં 6 વિકેટ ગુમાવી દીધી હતી. 144 રન પર સાતમી વિકેટ પણ પડી ગઈ હતી. અહીંથી કોનોલી અંત સુધી ટકી રહ્યો અને ટીમને જીત અપાવી હતી.

પંજાબ કિંગ્સ (PBKS): શ્રેયસ અય્યર (કેપ્ટન), પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), કૂપર કોનોલી, નેહલ વાઢેરા, શશાંક સિંહ, માર્કસ સ્ટોઈનિસ, માર્કો યાન્સેન, ઝેવિયર બાર્ટલેટ, વિજયકુમાર વૈશાક, અર્શદીપ સિંહ, યુઝવેન્દ્ર ચહલ.

ઈમ્પેક્ટ પ્લેયર્સ: પ્રિયાંશ આર્ય, હરપ્રીત બ્રાર, પ્રવીણ દુબે, વિષ્ણુ વિનોદ, સૂર્યાંશ શેડગે.

ગુજરાત ટાઈટન્સ (GT): શુભમન ગિલ (કેપ્ટન), સાઈ સુદર્શન, જોસ બટલર (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, ગ્લેન ફિલિપ્સ, શાહરૂખ ખાન, રાહુલ તેવટિયા, રાશિદ ખાન, કાગીસો રબાડા, અશોક શર્મા, મોહમ્મદ સિરાજ.

ઈમ્પેક્ટ પ્લેયર્સ: પ્રસિદ્ધ ક્રિષ્ના, જેસન હોલ્ડર, જયંત યાદવ, માનવ સુથાર, કુમાર કુશાગ્ર. 20મી ઓવરના પ્રથમ બોલે કૂપર કોનોલીએ વોશિંગ્ટન સુંદર સામે ચોગ્ગો ફટકાર્યો. આ સાથે જ તેણે ટીમને 3 વિકેટના નજીકના અંતરથી જીત અપાવી દીધી. તે 72 રન બનાવીને નોટઆઉટ રહ્યો. તેની સામે ઝેવિયર બાર્ટલેટે 5 બોલમાં 11 રન બનાવ્યા.

# સંજુ સેમસન ફ્લોપ અને રવિન્દ્ર જાડેજા હિટ, CSKને એક જ મેચમાં 2.58 કરોડનું નુકસાન!

IPL 2026માં સોમવારે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થયો હતો. બધાની નજર યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી પર તો હતી જ, પરંતુ તેની સાથે-સાથે સંજુ સેમસન અને રવિન્દ્ર જાડેજા કેવું પ્રદર્શન કરશે તે અંગે પણ વધુ રુચિ હતી. રાજસ્થાન રોયલ્સે CSK ને એકતરફી અંદાજમાં હરાવી દીધું હતું. પહેલી વાર પીળી જર્સીમાં રમી રહેલ સંજુ ફ્લોપ રહ્યો, પરંતુ જાડેજા ગુલાબી જર્સીમાં પણ હિટ રહ્યો. હવે એક અખબારે પોતાને રિપોર્ટમાં પોતાના ઈમ્પેક્ટ લેજર મોડેલ દ્વારા સમજાવ્યું કે, સંજુના ફ્લોપ થવાથી આ મેચમાં CSKને 1.81 કરોડનું 'કાલ્પનિક નુકસાન' થયું છે, જ્યારે જાડેજાની ઈમ્પેક્ટના કારણે રાજસ્થાન રોયલ્સને 77 લાખ રૂપિયાનો ફાયદો થયો છે. આનો અર્થ એ થયો કે CSKને આ એક જ મેચથી આ બંને ખેલાડીઓના કારણે 1.81 કરોડ + 0.77 કરોડ એટલે કે, 2.58 કરોડનું નુકસાન થયું છે. આ સીઝન પહેલા સંજુ રાજસ્થાન રોયલ્સનો અને જાડેજા ચેન્નાઈ સુપર કિંગ્સના પર્યાય તરીકે જાણીતા હતા. આ વખતે સંજુ CSKમાં છે અને જાડેજા RRમાં છે. બંને ફ્રેન્ચાઈઝીઓએ ટ્રેડિંગ દ્વારા આ દિગ્ગજોની અદલાબદલી કરી હતી. આઈપીએલમાં ટ્રેડિંગ એટલે કે ખેલાડીઓની અદલાબદલી ફક્ત કાગળ પર જ નહીં પરંતુ દરેક મેદાન પર દરેક બોલ અને રન સાથે પોતાની અસર દેખાડે છે. ગત વર્ષે નવેમ્બરમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે એક હાઈ-પ્રોફાઈલ ટ્રેડિંગ ડીલ થઈ હતી. ધાકડ બેટ્સમેન સંજુ સેમસન 18 કરોડ રૂપિયામાં CSKમાં ગયો હતો, જ્યારે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા 14 કરોડ રૂપિયાની સુધારેલી ફી સાથે રાજસ્થાન રોયલ્સ સાથે જોડાયો હતો.IPL 2026માં 30 માર્ચે જ્યારે બંને ખેલાડીઓનો ગુવાહાટીના મેદાનમાં સામનો થયો ત્યારે સ્કોરકાર્ડ કરતાં પણ ઊંડી અસર તેના 'ઈમ્પેક્ટ લેજર' એટલે કે મેચની હાર-જીત પર તેમના પ્રદર્શનની અસર પર પડી. ફ્રેન્ચાઈઝીઓ ખેલાડી પર કરોડો રૂપિયા ખર્ચ કરે છે તો એટલા માટે નહીં કે તે ખેલાડી તેમના માટે રન બનાવશે અથવા વિકેટ લેશે, પરંતુ એટલા માટે પાણીની જેમ પૈસા ખર્ચે છે કે ખેલાડી જરૂર પડ્યે પોતાના દમ પર મેચનું પરિણામ પલટી શકે છે.

# કર્ણાટકમાં IPLની ટિકિટ મામલે બબાલ! ભાજપના ધારાસભ્યએ કહ્યું - VIP કલ્ચર ખતમ કરો

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે હવે કર્ણાટકમાં IPLની ટિકિટ મામલે વિવાદ ઊભો થયો છે. ભાજપના ધારાસભ્ય એસ. સુરેશ કુમારે ધારાસભ્યોને આપવામાં આવી રહેલી ટિકિટ લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને તેને 'VIP કલ્ચર' ગણાવ્યું છે. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે કર્ણાટક ક્રિકેટ એસોસિએશન દરેક ધારાસભ્યને IPL મેચ માટે બે ટિકિટ આપશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહી છે.એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણય બાદ સુરેશ કુમારે વિધાનસભા અધ્યક્ષ યુટી ખાદરને પત્ર લખીને ટિકિટ લેવાનો ઈનકાર કરી દીધો. તેમણે કહ્યું કે, 'મારા વિવેક પ્રમાણે હું IPLની કોઈપણ ટિકિટ કે પાસ નહીં સ્વીકારીશ, તેથી મારા નામે કોઈ ટિકિટ જારી ન કરવી.' તેમણે રાજ્ય સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'જે સરકાર ખુદને સમાજવાદી ગણાવે છે, તે જ સરકાર 'VIP કલ્ચર'ને પ્રોત્સાહન આપી રહી છે. આ 'VIP કલ્ચર' ખતમ કરો વિધાનસભામાં સામાન્ય જનતાના મુદ્દાઓને બદલે ટિકિટ અને સુવિધાઓ પર ચર્ચા થવી એ દુર્ભાગ્યપૂર્ણ છે.' આ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જેમને ટિકિટ નથી જોઈતી તેમણે ના લેવી. જેમને મેચ જોવાની ઈચ્છા છે તેઓ જઈ શકે છે. ભૂતકાળમાં પણ ધારાસભ્યોને ટિકિટ મળતી જ હતી.

રાજસ્થાનની ગુલાબી જર્સીમાં મેદાન પર ઉતરેલા જાડેજાએ સ્વીકાર્યું

# ધોની સાથે કેમ વાત નથી કરી શકતો રવીન્દ્ર જાડેજા, CSK સામેની મેચ બાદ કર્યો ખુલાસો



રવીન્દ્ર જાડેજા માટે IPL 2026માં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેનો મુકાબલો ખૂબ જ ભાવુક રહ્યો હતો. રાજસ્થાનની ગુલાબી જર્સીમાં મેદાન પર ઉતરેલા જાડેજાએ સ્વીકાર્યું કે ચેન્નાઈના ખેલાડીઓને ફરીથી મળવું તેમના માટે ખૂબ જ ભાવુક ક્ષણ હતી.પરંતુ ગુવાહાટીમાં ચાહકોને MS ધોની અને જાડેજાનું જોરદાર બોન્ડિંગ જોવા મળ્યું ન હતું. જ્યારે જાડેજાને પૂછવામાં આવ્યું કે શું તેમણે ધોની સાથે વાત કરી હતી, તો તેમણે હસતા હસતા કહ્યું કે એવું શક્ય ન બન્યું કારણ કે માહી પોતાનો ફોન બંધ રાખે છે. તેને કહ્યું કે,-'વાત નથી થઈ, કારણ કે માહી ભાઈ ફોન બંધ જ રાખે છે. પણ જ્યારે પણ હું માહી ભાઈને મળીશ ત્યારે ઘણી બધી વાતો કરીશ.'ધોનીને લાંબા સમયથી એવો ખેલાડી માનવામાં આવે છે જે ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન ફોનનો વધુ ઉપયોગ કરતો નથી, તે અવારનવાર ફોન બંધ રાખે છે. આ જ કારણ રહ્યું કે જાડેજાએ મેચ પહેલા તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ પણ કર્યો ન હતો. રવીન્દ્ર જાડેજા 2008માં રાજસ્થાન રોયલ્સની પ્રથમ ચેમ્પિયન ટીમનો ભાગ હતો. ત્યારબાદ 2012માં તે ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડાયો અને આગામી 12-13 વર્ષ સુધી ટીમના સૌથી મહત્વના ખેલાડીઓમાંથી એક બની રહ્યો. જાડેજાએ કહ્યું કે, 'મને ગુલાબી રંગ સારો લાગી રહ્યો છે. પીળો રંગ થોડો જૂનો લાગવા માંડ્યો હતો, પરંતુ હું મજાક કરી રહ્યો છું. દેખીતી રીતે જ CSK જેવી ફ્રેન્ચાઈઝી છોડવી, જ્યાં મેં 12-13 વર્ષ વિતાવ્યા, તે શરૂઆતમાં થોડું મુશ્કેલ હતું. તે ખૂબ જ ભાવુક હતું. પરંતુ મેં મારી જાતને કહ્યું કે આવા ફેરફારો પણ સફરનો એક ભાગ હોય છે.''સારી વાત એ છે કે હું હવે તે ટીમ સાથે છું, જ્યાં મેં મારુ પહેલું IPL ટાઈટલ જીત્યું હતું. એ યાદ હંમેશા મારી સાથે રહી છે કે અંડર-19 વર્લ્ડ કપ પછી મેં ત્યાંથી જ મારી IPL કારકિર્દી શરૂ કરી હતી અને પ્રથમ સિઝનમાં જ ટ્રોફી જીતી લીધી હતી. હું તે યાદોને મારી સાથે લઈને ચાલી રહ્યો છું અને નવા ગ્રૂપ સાથે વધુમાં વધુ શીખવા માંગુ છું. સાથે જ મારો અનુભવ પણ ટીમ સાથે શેર કરવા માંગુ છું.'

આ પણ વાંચો: IPL 2026: સંજુ સેમસન ફ્લોપ અને રવિન્દ્ર જાડેજા હિટ, CSKને એક જ મેચમાં 2.58 કરોડનું નુકસાન!

જાડેજાએ CSK માટે 2018, 2021 અને 2023માં ચેમ્પિયન બનવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.

### બોલિવૂડ પર ઈરાન-ઈઝરાયેલ યુદ્ધનું ગ્રહણ!

# શાહરુખની 'કિંગ' બાદ અક્ષયની 'વેલકમ ટુ ધ જંગલ'નું દુબઈ શૂટ કેન્સલ, મેકર્સ હવે મુંબઈમાં સેટ બનાવશે

## મુંબઈના અલગ-અલગ વિસ્તારો જેવા કે મદ આઈલેન્ડ, ગોલ્ડન ટોબેકો સ્ટુડિયો અને ગોરેગાંવની ફિલ્મ સિટીમાં મોટા-મોટા સેટ બનાવવામાં આવી રહ્યા છે

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ઘણા દેશોમાં તણાવ છે, જેના કારણે ઘણી બોલિવૂડ ફિલ્મોના શૂટિંગનું શેડ્યૂલ બદલવામાં આવી રહ્યું છે. તાજેતરમાં શાહરુખ ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'કિંગ'નું દુબઈ શૂટ કેન્સલ કરવામાં આવ્યું છે, જે 9 એપ્રિલથી થવાનું હતું. આ પછી હવે અક્ષય કુમારની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું પણ દુબઈમાં થનારું શૂટિંગ રદ કરી દેવામાં આવ્યું છે.ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ફિલ્મના ડિરેક્ટર અહેમદ ખાન દુબઈમાં આખી સ્ટારકાસ્ટ સાથે એક ગીત શૂટ કરવા માંગતા હતા. ડિરેક્ટરે પરિસ્થિતિ સુધરવાની ઘણા દિવસો સુધી રાહ જોઈ, પરંતુ પછી દુબઈ શૂટ કેન્સલ કરવાનો નિર્ણય લીધો છે. હવે તે દુબઈને બદલે મુંબઈમાં જ સેટ તૈયાર કરાવશે. ફિલ્મનો એક મોટો ભાગ મુંબઈમાં જ શૂટ થયો છે. શાહરુખની મોસ્ટ અવેટેડ ફિલ્મ કિંગનું શૂટિંગ 9 એપ્રિલથી એક અઠવાડિયા







સુધી દુબઈમાં થવાનું હતું. મેકર્સે તેની પરવાનગી પણ લઈ લીધી હતી, પરંતુ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે દુબઈમાં ચાલી રહેલા તણાવને જોતા મેકર્સે શૂટ કેન્સલ કરી દીધું છે. આ નિર્ણય પ્રોડક્શન ટીમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. હવે આ ફિલ્મનું શૂટિંગ પણ મુંબઈના વિલે પાર્લે સ્ટુડિયોમાં થશે, જ્યાં રણનો મોટો સેટ તૈયાર કરવામાં આવશે. મલ્ટીસ્ટારર ફિલ્મ વેલકમ ટુ ધ જંગલ 26 જૂન 2026 ના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. અહેમદ ખાનના નિર્દેશનમાં બની રહેલી આ એક કોમેડી ફિલ્મ છે, જેમાં અક્ષય કુમાર, જેકી શ્રોફ, સુનીલ શેટ્ટી, લારા દત્તા, રવીના ટંડન જેવી મોટી સ્ટારકાસ્ટ છે.રિપોર્ટ અનુસાર, શૂટિંગ ટાળવું શક્ય નહોતું, કારણ કે આ ગીતમાં સુનીલ શેટ્ટી, અરશદ વારસી, રવીના ટંડન, જેકી શ્રોફ, પરેશ રાવલ, લારા દત્તા, દિશા પટણી, જેકલીન ફર્નાન્ડિસ અને શ્રેયસ તલપડે જેવા મોટા સ્ટાર કાસ્ટનો સમાવેશ થાય છે. આ બધાની તારીખો ફરીથી મેળવવી ખૂબ મુશ્કેલ હોત, તેથી મેકર્સને જલ્દી જ બીજો વિકલ્પ શોધવો પડ્યો.રિપોર્ટ્સ અનુસાર, મુંબઈના અલગ-અલગ વિસ્તારો જેવા કે મદ આઈલેન્ડ, ગોલ્ડન ટોબેકો સ્ટુડિયો અને ગોરેગાંવની ફિલ્મ સિટીમાં મોટા-મોટા સેટ બનાવવામાં આવી રહ્યા છે. આ સેટ્સને શૈલેષ માડિક દ્વારા ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે, જેમાં નાઈટક્લબ, કેસિનો અને પ્રાઈવેટ જેટ જેવી હાઈ-એન્ડ લોકેશન્સ દર્શાવવામાં આવશે.ખબરો અનુસાર, નિર્દેશક અહેમદ ખાન અને પ્રોડ્યુસર ફિરોઝ એ. નાડિયાડવાલા આ ગીતને લક્ઝરી લાઈફસ્ટાઈલના ગ્લેમરસ અંદાજમાં બતાવવા માંગતા હતા, તેથી શરૂઆતમાં દુબઈને એક આદર્શ લોકેશન માનવામાં આવ્યું હતું.શાહરુખની મોસ્ટ અવેટેડ ફિલ્મ કિંગનું શૂટિંગ 9 એપ્રિલથી એક અઠવાડિયા સુધી દુબઈમાં થવાનું હતું. મેકર્સે તેની પરવાનગી પણ લઈ લીધી હતી, પરંતુ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે દુબઈમાં ચાલી રહેલા તણાવને જોતા મેકર્સે શૂટ કેન્સલ કરી દીધું છે. આ નિર્ણય પ્રોડક્શન ટીમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. હવે આ ફિલ્મનું શૂટિંગ પણ મુંબઈના વિલે પાર્લે સ્ટુડિયોમાં થશે, જ્યાં રણનો મોટો સેટ તૈયાર કરવામાં આવશે.મલ્ટીસ્ટારર ફિલ્મ વેલકમ ટુ ધ જંગલ 26 જૂન 2026 ના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. અહેમદ ખાનના નિર્દેશનમાં બની રહેલી આ એક કોમેડી ફિલ્મ છે, જેમાં અક્ષય કુમાર, જેકી શ્રોફ, સુનીલ શેટ્ટી, લારા દત્તા, રવીના ટંડન જેવી મોટી સ્ટારકાસ્ટ છે.

### :એરપોર્ટ નજીક ગેરકાયદે લેસર લાઈટનો ઉપયોગ કર્યો

# હની સિંહના મુંબઈ કોન્સર્ટના આયોજકો સામે FIR ; ક્ષમતા કરતાં વધુ ભીડ એકઠી થઈ



મુંબઈના MMRDA ગ્રાઉન્ડમાં યોજાયેલા રેપર યો યો હની સિંહના 'માય સ્ટોરી - ઈન્ડિયા ચેપ્ટર' કોન્સર્ટના આયોજકો સામે પોલીસે કેસ દાખલ કર્યો છે. તેમના પર આરોપ છે કે તેમણે પોલીસની મનાઈ હોવા છતાં એરપોર્ટ ઝોન નજીક ખતરનાક લેસર લાઈટ્સનો ઉપયોગ કર્યો હતો. આ કોન્સર્ટ 28 માર્ચ 2026 ના રોજ યોજાયો હતો, જેમાં સુરક્ષા નિયમોના ઉલ્લંઘનની વાત સામે આવી છે. મુંબઈ પોલીસે 'તમન્નાઝ વર્લ્ડવાઈડ'ના પ્રતિનિધિ ઈન્દ્રજીત સિંહ વિરુદ્ધ FIR દાખલ કરી છે. પોલીસનું કહેવું છે કે MMRDA ગ્રાઉન્ડ મુંબઈ એરપોર્ટની ખૂબ નજીક છે, જેના કારણે ત્યાં લેસર લાઈટ્સના ઉપયોગ પર પ્રતિબંધ હતો. તેમ છતાં, પ્રમોટર્સે હાઈ-બીમ લેસર લાઈટ્સનો ઉપયોગ કર્યો.આ લાઈટ્સ પાઈલટોના વિઝનમાં અવરોધ ઊભો કરી શકે છે, જેનાથી વિમાનોની સુરક્ષા માટે મોટો ખતરો ઊભો થઈ શકતો હતો.FIR મુજબ, આયોજકોએ પોલીસને જાણ કરી હતી કે કાર્યક્રમમાં લગભગ 12,000 લોકો હાજર રહેશે. જોકે, કોન્સર્ટ દરમિયાન ત્યાં વાસ્તવિક ભીડ 18,000 થી 20,000 ની વચ્ચે પહોંચી ગઈ. ક્ષમતા કરતાં વધુ લોકો એકઠા થવાને કારણે પોલીસ માટે સુરક્ષા વ્યવસ્થા સંભાળવી એક મોટો પડકાર બની ગયો. ભીડને નિયંત્રિત કરવામાં ઘણી મુશ્કેલી પડી અને પરિસ્થિતિ અનિયંત્રિત થવાનો ભય રહ્યો.28 માર્ચના રોજ યોજાયેલા આ શો દરમિયાન અફરાતફરીના અનેક દ્રશ્યો જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એક મહિલા કોન્સર્ટના બંધ ગેટ પર ચઢીને અંદર જવાનો પ્રયાસ કરી રહી છે. ઘણા ચાહકોએ સુરક્ષા ઘેરો તોડવાનો પણ પ્રયાસ કર્યો હતો.આ મામલે કાનૂની પાસું એ છે કે સપ્ટેમ્બર 2024માં બોમ્બે હાઈકોર્ટે સાર્વજનિક સ્થળોએ લેઝર લાઈટ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે વૈજ્ઞાનિક પુરાવા વિના તેના પર પ્રતિબંધ લગાવી શકાય નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો કે જો પોલીસને લાગે કે લાઈટ્સ ખતરનાક છે અથવા સુરક્ષા માટે ખતરો ઉભો કરી રહી છે, તો તેઓ સંબંધિત લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સ્વતંત્ર છે. FIR મુજબ, આયોજકોએ પોલીસને જાણ કરી હતી કે કાર્યક્રમમાં લગભગ 12,000 લોકો હાજર રહેશે. જોકે, કોન્સર્ટ દરમિયાન ત્યાં વાસ્તવિક ભીડ 18,000 થી 20,000 ની વચ્ચે પહોંચી ગઈ. ક્ષમતા કરતાં વધુ લોકો એકઠા થવાને કારણે પોલીસ માટે સુરક્ષા વ્યવસ્થા સંભાળવી એક મોટો પડકાર બની ગયો. ભીડને નિયંત્રિત કરવામાં ઘણી મુશ્કેલી પડી અને પરિસ્થિતિ અનિયંત્રિત થવાનો ભય રહ્યો.28 માર્ચના રોજ યોજાયેલા આ શો દરમિયાન અફરાતફરીના અનેક દ્રશ્યો જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એક મહિલા કોન્સર્ટના બંધ ગેટ પર ચઢીને અંદર જવાનો પ્રયાસ કરી રહી છે. ઘણા ચાહકોએ સુરક્ષા ઘેરો તોડવાનો પણ પ્રયાસ કર્યો હતો.આ મામલે કાનૂની પાસું એ છે કે સપ્ટેમ્બર 2024માં બોમ્બે હાઈકોર્ટે સાર્વજનિક સ્થળોએ લેઝર લાઈટ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે વૈજ્ઞાનિક પુરાવા વિના તેના પર પ્રતિબંધ લગાવી શકાય નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો કે જો પોલીસને લાગે કે લાઈટ્સ ખતરનાક છે અથવા સુરક્ષા માટે ખતરો ઉભો કરી રહી છે, તો તેઓ સંબંધિત લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સ્વતંત્ર છે.

### ધક્કામુક્કી વચ્ચે બહાર નીકળવા માટે ભારે મુશ્કેલી ઉઠાવવી પડી

# પ્રેસિડેન્ટ કપનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યો સલમાન ખાન:કડક સુરક્ષા હોવા છતાં ભીડે ઘેરી લીધો



બોલિવૂડ એક્ટર સલમાન ખાન મંગળવારે ટેનિસ ટુર્નામેન્ટ પ્રેસિડેન્ટ કપ 2026નું ઉદ્ઘાટન કરવા પહોંચ્યા હતા. આ ઈવેન્ટ મુંબઈના થાણે સ્થિત દાદોજી કોંડદેવ સ્ટેડિયમમાં યોજાઈ હતી, જ્યાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે પણ હાજર રહ્યા હતા. જોકે, એક્ટરની હાજરીથી ભીડ બેકાબૂ બની અને તે ભીડમાં ફસાઈ ગયો. સલમાનને કાર સુધી પહોંચાડવામાં તેની સિક્યોરિટી ટીમને ઘણી મહેનત કરવી પડી હતી.સલમાન ખાન ઈવેન્ટમાં લિનન બ્રાઉન શર્ટ અને ગ્રે બેગી જીન્સ પહેરીને પહોંચ્યો હતો. એક્ટરે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે સાથે ટુર્નામેન્ટ ટ્રોફીનું અનાવરણ કર્યું.એક્ટરે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે સાથે ટુર્નામેન્ટ ટ્રોફીનું અનાવરણ કર્યું. થોડીવાર ઈવેન્ટમાં રોકાયા પછી સલમાન જેવો બહાર નીકળવા લાગ્યો, ત્યારે ચાહકોએ તેને ઘેરી લીધો. થોડીવાર ઈવેન્ટમાં રોકાયા પછી સલમાન જેવો બહાર નીકળવા લાગ્યો, ત્યારે ચાહકોએ તેને ઘેરી લીધો.

એક્ટરની સિક્યોરિટી ટીમે ઘેરો બનાવીને તેને પ્રોટેક્ટ કર્યા. આ દરમિયાન એક્ટર ખૂબ શાંત દેખાયા.એક્ટરની સિક્યોરિટી ટીમે ઘેરો બનાવીને તેને પ્રોટેક્ટ કર્યા. આ દરમિયાન એક્ટર ખૂબ શાંત દેખાયા. સ્ટેડિયમના ગેટમાંથી બહાર નીકળતી વખતે ભીડ બેકાબૂ બની ગઈ, જેના પછી સિક્યોરિટી ટીમને એક્ટરને કાર સુધી પહોંચાડવામાં ઘણી મુશ્કેલી પડી. સલમાન ખાનની ફિલ્મ માતૃભૂમિ ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ટાઈટલ પહેલાં 'બેટલ ઓફ ગલવાન' રાખવામાં આવ્યું હતું, જોકે કેટલાક લોકોના વાંધા પછી વિવાદ ટાળવા માટે ફિલ્મનું ટાઈટલ 'માતૃભૂમિ' કરી દેવામાં આવ્યું છે. હાલમાં તેની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી. ઉપરાંત, સલમાન ખાન સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારા સાથે એક અનટાઈટલ્ડ ફિલ્મ પણ શરૂ કરવાના છે.સ્ટેડિયમના ગેટમાંથી બહાર નીકળતી વખતે ભીડ બેકાબૂ બની ગઈ, જેના પછી સિક્યોરિટી ટીમને એક્ટરને કાર સુધી પહોંચાડવામાં ઘણી મુશ્કેલી પડી. સલમાન ખાનની ફિલ્મ માતૃભૂમિ ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ટાઈટલ પહેલાં 'બેટલ ઓફ ગલવાન' રાખવામાં આવ્યું હતું, જોકે કેટલાક લોકોના વાંધા પછી વિવાદ ટાળવા માટે ફિલ્મનું ટાઈટલ 'માતૃભૂમિ' કરી દેવામાં આવ્યું છે. હાલમાં તેની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી. ઉપરાંત, સલમાન ખાન સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારા સાથે એક અનટાઈટલ્ડ ફિલ્મ પણ શરૂ કરવાના છે.

### દુપટ્ટાથી માથું ઢાંક્યું, એંઠા વાસણો ધોઈ સેવા આપી

# ગોલ્ડન ટેમ્પલમાં પ્રિયંકા ચોપરા બની 'દેશી ગર્લ'; અડધો કલાક સુધી ગુરુવાણીમાં લીન રહી



બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા મંગળવારે અમૃતસર ગોલ્ડન ટેમ્પલ પહોંચી હતી. આ દરમિયાન તેણે દરબાર સાહિબમાં માથું ટેકવ્યું હતું. ત્યારબાદ લંગર હોલમાં જઈને એંઠા વાસણો ધોવાની સેવા કરી હતી. ઉપરાંત, તેણે લંગર હોલના અન્ય કાર્યોમાં પણ સહયોગ આપ્યો હતો. એટલું જ નહીં, એક્ટ્રેસે ગુરુવાણી પણ સાંભળી. બોલિવૂડની 'દેશી ગર્લ'એ ગોલ્ડન ટેમ્પલની મર્યાદાનું ખાસ ધ્યાન રાખ્યું હતું. તે રોઝ ગોલ્ડ કલરનો સૂટ પહેરેલી જોવા મળી હતી. ગોલ્ડન ટેમ્પલમાં પ્રવેશતા જ તેનું માથું દુપટ્ટાથી ઢંકાયેલું રહ્યું હતું. પ્રિયંકા ચોપરા સામાન્ય શ્રદ્ધાળુની જેમ અહીં રહી હતી. તેણે વાતચીત કરવાનું ટાળ્યું અને ભક્તિમાં લીન થવાનું પસંદ કર્યું. મીડિયાએ પણ સવાલ પૂછવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે કોઈના સવાલનો કોઈ જવાબ આપ્યો ન હતો. તે સેવા કર્યા પછી ત્યાંથી નીકળી ગઈ હતી. તે સાંજે 4:30 વાગ્યે ગોલ્ડન ટેમ્પલ પહોંચી હતી અને લગભગ અડધો કલાક રહી. પ્રિયંકા છેલ્લે 2019માં આવેલી ફિલ્મ 'ધ સ્કાય ઈઝ પિંક'માં મોટા પડદા પર જોવા મળી હતી. તેની છેલ્લી ભારતીય ફિલ્મ 'ધ વ્હાઈટ ટાઈગર' 2021માં OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. ઉપરાંત તે એમોઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ થયેલી હોલિવૂડની ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ'માં જોવા મળી હતી, જેમાં જેમાં જોન સીના અને ઈદ્રિસ અલ્બા મુખ્ય ભૂમિકામાં હતા. ટૂંક સમયમાં તે હોલિવૂડ ફિલ્મ્સ 'ધ બ્લફ' અને 'જજમેન્ટ ડે'માં જોવા મળશે. ઉપરાંત તે 6 વર્ષ બાદ ડિરેક્ટર એસ. એસ. રાજામૌલીના ડિરેક્શનમાં બની રહેલી 'વારાણસી'માં જોવા મળશે. સાઉથ સ્ટાર મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સ્ટારર આ ફિલ્મ 2027માં રિલીઝ થવાની શક્યતા છે.પ્રિયંકા ચોપરા અને નિક જોનસ બે વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા પછી 1 ડિસેમ્બર 2018ના રોજ રાજસ્થાનના ઉમેદ ભવનમાં હિન્દુ અને ખ્રિસ્તી વિધિથી લગ્ન કર્યાં. પ્રિયંકા અને નિકનાં લગ્ન વર્ષ 2018ના સૌથી ચર્ચિત લગ્ન સમારંભોમાંના એક હતા. ચાર વર્ષ સુધી તેમના લગ્નજીવનનો આનંદ માણ્યા પછી 2022માં દંપતીએ માલતી મેરી ચોપરા જોનસ નામની દીકરીનું સ્વાગત કર્યું. બંને કપલ સરોગસી દ્વારા માતા-પિતા બન્યાં.

### ભારતમાં હનુમાન જયંતિએ 'મર્યાદા પુરુષોત્તમ'ના દર્શન થશે

# રણબીર કપૂરે 'રામ'ની ઝલક દેખાડી:'જય સિયારામ' કહી અમેરિકામાં ચાહકોનું દિલ જીત્યું



રણબીર કપૂરે તેની આગામી મેગા બજેટ ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામના તેના રોલની પહેલી ઝલક અમેરિકાના લોસ એન્જલસમાં બતાવી. સોમવારે ત્યાં યોજાયેલા એક ઈવેન્ટમાં રણબીર કપૂર અને ડિરેક્ટર નિતેશ તિવારીએ ફિલ્મ વિશે વાત કરી. ભારતમાં આ વીડિયો 2 એપ્રિલે હનુમાન જયંતિના અવસરે રિલીઝ કરવામાં આવશે.ઈવેન્ટ દરમિયાન રણબીર કપૂરે ભગવાન રામના મહત્વ અને તેમના વારસા વિશે વાત કરી. રણબીરે કહ્યું, 'ભગવાન રામ સદીઓથી દુનિયાભરના અબજો લોકો માટે આદર્શ રહ્યા છે. તેઓ આપણને શીખવે છે કે મુશ્કેલ સમયમાં પણ માણસે કેવી રીતે અડગ રહેવું જોઈએ.' રણબીરે આગળ કહ્યું, 'તેઓ કરુણા, સાહસ, ધર્મ અને ક્ષમાના પ્રતીક છે. તેમને 'મર્યાદા પુરુષોત્તમ' કહેવામાં આવે છે, જેનો અર્થ એક આદર્શ વ્યક્તિ છે.'રણબીર સાથે ડિરેક્ટર નિતેશ તિવારીએ પણ રામાયણના મૂલ્યો પર પોતાના વિચારો રજૂ કર્યા.ટીઝર લોન્ચ પછી રણબીર કપૂર, ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ દર્શકો સાથે પ્રશ્ન-જવાબ સેશન (Q&A) કર્યું. આ દરમિયાન જ્યારે એક ફેને રણબીરનું અભિવાદન કર્યું, ત્યારે એક્ટરે 'જય સિયારામ' કહીને જવાબ આપ્યો.રણબીરે કહ્યું, 'આ મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. તમે લોકો દુનિયાના પહેલા લોકો છો, જેમણે અમારા આ પ્રોજેક્ટની પહેલી ઝલક જોઈ છે. આ માટે હું આપ સૌનો આભારી છું.'રણબીર કપૂર, ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ ચાહકોના પ્રશ્નોના જવાબ આપ્યા.રણબીર કપૂર, ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ ચાહકોના પ્રશ્નોના જવાબ આપ્યા.ફિલ્મના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ જણાવ્યું કે, 'ફિલ્મના પ્રમોશનની શરૂઆત હનુમાન જયંતિથી થશે. ગુરુવારે સવારે 9:00 થી 10:30 વાગ્યાની વચ્ચે આ વીડિયોને દુનિયાભરમાં રિલીઝ કરવામાં આવશે. આ માટે દેશના અલગ-અલગ શહેરોમાં મોટા ઈવેન્ટ્સ પણ પ્લાન કરવામાં આવ્યા છે.' મેકર્સની યોજના આ ફિલ્મને આ વર્ષે દિવાળીના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ કરવાની છે.નિતીશ તિવારીની આ ફિલ્મ મહર્ષિ વાલ્મીકિની 'રામાયણ' પર આધારિત છે. ફિલ્મમાં રણબીર કપૂર સાથે સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં જોવા મળશે. આ ઉપરાંત, ફિલ્મની બાકીની સ્ટારકાસ્ટ પણ ઘણી ચર્ચામાં છે.સની દેઓલ ભગવાન હનુમાનનો રોલ કરી રહ્યા છે, જ્યારે 'KGF' ફેમ યશ રાવણના પાત્રમાં જોવા મળશે. રવિ દુબેને લક્ષ્મણના રોલ માટે પસંદ કરવામાં આવ્યા છે. 'રામાયણ' બે ભાગમાં રિલીઝ થશે.